સાલ મુબારક

# દૈનિક મુંબઈ સમાચાર

R.N.I. No. 1563/1957★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૨ ■ Volume 66 ■ Issue 267 ■ વિક્રમ સંવત ૨૦૮૦

■ કાર્તિક સુદ - ૧ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 14 November 2023, Tuesday ■ REGD.No. MCS/058/2021-23

મંગળવાર, ૧૪ નવેમ્બર ૨૦૨૩, (૧૨ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦ | રાશિ-ભવિષ્ય ૬ ૭ ૮ ૯ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u







# રિટેલ ફુગાવો ચાર મહિનાની નીચી સપાટીએ

નવી દિલ્હીઃ ખાદ્યપદાર્થોની કિંમતોમાં થયેલા ઘટાડાને કારણે રિટેલ ફુગાવો ૪.૮૭ ટકાની ચાર મહિનાની નીચી સપાટી પર પહોંચી ગયો છે. સરકારે રિઝર્વ બેન્કને એવી તકેદારી રાખવા નિર્દેશ આપ્યો છે કે, ગ્રાહક ભાવાંક પર આધારિત સીપીઆઇ ફુગાવો બંને બાજુની વધઘટ માટે બે ટકાના માર્જિન સાથે ચાર ટકા પર જળવાઈ રહે.

સોમવારે જાહેર થયેલા સરકારી ડેટા દર્શાવે છે કે, મુખ્યત્વે ખાદ્ય ચીજવસ્તુઓના ભાવમાં ઘટાડો થવાને કારણે, રિટેલ ફુગાવો ઓક્ટોબરમાં ૪.૮૭ ટકાના ચાર મહિનાની નીચી સપાટીએ પહોંચ્યો હતો. કન્ઝ્યુમર પ્રાઇસ ઇન્ડેક્સ (સીપીઆઇ) આધારિત રિટેલ ઇન્ફલેશન સપ્ટેમ્બરમાં ઘટીને ૫.૦૨ ટકાના

(જુઓ પાનું ૨) ▸▸












## તેલંગણામાં પુરુષો કરતાં મહિલા મતદારો વધુ

હૈદરાબાદઃ તેલંગણામાં આ મહિનાની ૩૦મીએ વિધાનસભા ચૂંટણી માટે મતદાન થવાનું છે. ચૂંટણીની તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે. ચૂંટણી પંચે તેલંગણાની અંતિમ મતદાર યાદી જાહેર કરી છે. અંતિમ મતદાર યાદી અનુસાર તેલંગણામાં કુલ ત્રણ કરોડ ૨૬ લાખ ૧૮ હજાર ૨૦૫ મતદારો છે. જેમાં એક કરોડ ૬૨ લાખ ૯૮ હજાર ૪૧૮ પુરુષો અને એક કરોડ ૬૩ લાખ એક હજાર ૭૦૫ મહિલાઓનો સમાવેશ થાય છે. જ્યારે તેલંગાણામાં ત્રીજા લિંગના ૨,૬૭૬ મતદારો નોંધાયેલા છે. આમ તેલંગણામાં પુરુષ

(જુઓ પાનું ૨) ▸▸

### મુંબઈ સમાચાર

મુંબઈ સમાચારની ઑફિસ તા. ૧૪.૧૧.૨૦૨૩, મંગળવારે નવા વર્ષ નિમિત્તે બંધ રહેવાની હોવાથી તા. ૧૫.૧૧.૨૦૨૩, બુધવારનો અંક પ્રસિદ્ધ નહીં થાય, તેની વાચકોએ નોંધ લેવી. – વ્યવસ્થાપક










## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# બેસતા વરસે હળવામળવાની પરંપરા જીવંત કરીએ

**હિંદુઓનો** સૌથી મોટો તહેવાર મનાતી દિવાળી આવીને જતી રહી ને વચ્ચે પડતર દિવસ પછી હવે આજે બેસતું વરસ છે. વિક્રમ સંવતના ૨૦૭૯ના વરસે વિદાય લીધી અને આજથી વિક્રમ સંવતનું ૨૦૮૦નું વરસ બેસી જવાનું છે. દુનિયાભરના કરોડો હિન્દુઓએ દિવાળીના પ્રકાશના પર્વની ઉજવણી કરી કેમ કે દિવાળી સમગ્ર ભારતનો તહેવાર છે પણ આજે બધા હિંદુઓ માટે બેસતું વરસ નથી.

વિક્રમ સંવત બધા હિંદુઓ માટે નવું વરસ છે પણ એ ક્યારથી શરૂ થાય એ વિશે અલગ અલગ પરંપરાઓ છે. દેશના બહુમતી હિંદુઓ માટે ચૈત્ર સુદ એકમથી વિક્રમ સંવત શરૂ થાય છે પણ વિક્રમ સંવત શરૂ થવા માટે ત્રણ અલગ અલગ તિથિ છે. ગુજરાત સહિતના પશ્ચિમ ભારતના પ્રદેશોમાં દિવાળી પછી તરત વિક્રમ સંવતથી નવું વરસ શરૂ થાય છે તેથી ગુજરાતીઓ માટે બેસતું વરસ મોટો તહેવાર છે જ્યારે બીજે બધે પહેલાં જ નવું વરસ શરૂ થઈ ગયું છે.

ગુજરાતમાં દિવાળીએ વર્ષ પૂરું થાય છે અને બેસતા વર્ષના દિવસે નવું વર્ષ શરૂ થાય છે. આ કારણે આપણું નવું વરસ આજથી શરુ થશે પણ દેશના બીજા ભાગોમાં વિક્રમ સંવત ૨૦૮૦ પહેલાં જ શરૂ થઈ ગયું છે. સમગ્ર ઉત્તર ભારત, મહારાષ્ટ્ર, દક્ષિણ ભારતના મોટા ભાગના વિસ્તારોમાં ચૈત્રી નવરાત્રિની સમાપ્તિથી નવું વર્ષ શરૂ થાય છે. ઉત્તર ભારતમાં ચૈત્ર સુદ એકમથી નવું વર્ષ શરૂ થાય છે. દક્ષિણ ભારતના કેટલાક પ્રદેશો તથા ગુજરાતમાં કારતક સુદ એકમથી શરૂ થાય છે. ભારતના કેટલાક વિસ્તારોમાં અષાઢ સુદ એકમથી પણ વિક્રમ સંવત શરૂ થાય છે.

હિંદુ કેલેન્ડરમાં આ વિરોધાભાસ અથવા વિસંવાદિતા છે તેનું કારણ એ છે કે, આપણે દિવસો અને વર્ષ ગણવા અલગ અલગ પદ્ધતિ અપનાવીએ છીએ. વિશ્વમાં સૂર્યની ગતિ પ્રમાણે અને ચંદ્રની ગતિ પ્રમાણે એમ બે રીતે વર્ષ ગણાય છે. સૂર્યની ગતિ પ્રમાણે વર્ષ ગણાય તેના આધારે સોલર કેલેન્ડર અને ચંદ્રની ગતિ પ્રમાણે લ્યુનાર કેલેન્ડર બન્યું છે. ખગોળશાસ્ત્ર પ્રમાણે સૂર્ય ઉત્તર દિશામાં ખસે છે તેથી આ ઘટના સમગ્ર વિશ્વમાં સ્વીકૃત છે.

અંગ્રેજી કેલેન્ડરમાં આ વાતને આધાર બનાવાયો છે પણ વિક્રમ સંવત લ્યુનિસોલર છે. મતલબ કે, ચંદ્રની કળા પ્રમાણે દિવસો ગણાય છે જ્યારે વર્ષની ગણતરી સૂર્યની આસપાસ પૃથ્વીની પ્રદક્ષિણાના આધારે થાય છે. આ કારણે હિંદુ કેલેન્ડરમાં ચોક્કસ ફોર્મેટ નથી. સૂર્ય અને ચંદ્રની ગતિનો મેળ બેસાડવામાં કેટલીક તિથિઓ જતી રહે છે ને કેટલી તિથીઓ બેવડાય પણ છે.

માળવા એટલે કે હાલના ઈન્દોરના રાજા વિક્રમા દિત્યે શક રાજાઓને હરાવીને અવન્તિ દેશને મુક્ત કર્યો તેની યાદમાં ઈસવી સન પૂર્વે સત્તાવનમાં વિક્રમ સંવતની શરૂઆત કરવામાં આવી હતી. હાલનું ગુજરાત જ ભૂતકાળનો અવન્તિ પ્રદેશ હતો તેથી વિક્રમ સંવત ભારતમાં પ્રચલિત થયો. ગુજરાતમાં સોલંકી વંશના સિદ્ધરાજ જયસિંહ સહિતના રાજાઓના સમયથી વિક્રમ સંવત ચલણમાં છે પણ તિથિઓ વગેરે બહુ પાછળથી આવ્યાં. ત્યાં સુધીમાં માળવાનો પ્રભાવ ઘટી ગયેલો તેથી સૌને ફાવે એ પ્રકારનાં કેલેન્ડર બન્યાં.

ખેર, એ અલગ મુદ્દો છે, મૂળ વાત ગુજરાતીઓના બેસતા વરસની પરંપરાની કરવી છે. ભારતમાં દિવાળીની ઉજવણીની પરંપરા મહદ અંશે જળવાઈ છે પણ ગુજરાતીઓના બેસતા વરસના ઉજવણીની પરંપરા ધીરે ધીરે ભૂલાતી જાય છે. ભારતીયો મૂળતઃ ઉત્સવપ્રેમી પ્રજા છે તેથી દર મહિને કોઈ ને કોઈ ઉત્સવ ઉજવ્યા જ કરે છે.

ભારત વિવિધતાથી ભરેલો દેશ છે તેથી દરેક પ્રદેશ પ્રમાણે અલગ અલગ તહેવારો ઉજવાય છે પણ દિવાળી ભારતના દરેક પ્રદેશમાં ઉજવાય છે. દિવાળી અથવા દીપાવલી હિન્દુ ધર્મનો સૌથી મોટો તહેવાર છે અને ભારતમાં હજુ હિન્દુઓની બહુમતી છે તેથી દિવાળીનો પ્રભાવ ભારતીય જનજીવન પર જળવાયો છે. દિવાળીની ઉજવણી આખા ભારતમાં અલગ અલગ રીતે થાય છે પણ ફટાકડા ફોડવા, લક્ષ્મીજીની પૂજા કરવી, રાત્રે ઘરે દીવા કરવા સહિતની પરંપરાઓ પળાય છે, સાવ જતી રહી નથી.

કમનસીબે ગુજરાતી બેસતા વરસની ઉજવણી વિશે એવું કહી શકાય તેમ નથી. ગુજરાત અને ગુજરાતીઓમાં હવે બેસતા વરસની ઉજવણી પહેલાં જે રીતે થતી તે રીતે નથી થતી. જમાનો બદલાયો છે એ સાથે તહેવારોની ઉજવણી પણ બદલાઈ છે ને તેમાં કશું ખોટું નથી પણ બેસતા વરસનો ઉદ્દેશ સમગ્ર પરિવારને એક કરીને સાથે મળીને ઉજવણી કરવાનો હતો એ ઉદ્દેશ ધીરે ધીરે ભૂલાતો જાય છે.

પહેલાં દિવાળીના તહેવારોમાં પરિવાર ભેગો થતો ને દિવસો પહેલાંથી ઘરમાં મીઠાઈઓ ને ખાવાની ચીજો બનાવાતી હતી. ઘરની સાફસૂફી ને રંગરોગાન કરાતું, નવાં કપડાં સિવડાવાતાં. દિવાળીના તહેવારોમાં ઘેર ઘેર દીવા પ્રગટાવાતા ને રંગોળી બનાવાતી. બાળકો ફટાકડા ફોડતાં ને મજા કરતાં. નવા વરસે બધાં વહેલાં ઉઠીને સાથે મળીને મંદિરે જતાં ને એકબીજાના ઘરે જતાં. નવા વર્ષની શુભેચ્છા આપવા માટે લોકો ઉત્સુક રહેતાં. સ્વજનો એકબીજાને મળતાં ને પ્રેમથી મળતાં.

આજે સ્થિતિ બદલાઈ ગઈ છે. લોકો વ્યસ્ત થયાં છે તેથી વધારે દિવસો સાથે રહી શકે કે ઘરે મીઠાઈઓ ને બીજી ચીજો બનાવી શકે એ શક્ય નથી એ સમજી શકાય પણ પરિવાર સાથે રહેવાનું ચલણ ઘટતું જાય છે એ કઠે છે. મોટા ભાગના ગુજરાતીઓ દિવાળીના તહેવારોમાં બહાર ફરવા ઉપડી જાય છે તેથી પરિવારની ભાવના જ લુપ્ત થતી જાય છે. બેસતા વરસના દિવસે લોકોને મળવાની, સ્નેહ બતાવવાની પરંપરા તો લગભગ ખતમ જ થઈ ગઈ છે. વોટ્સએપના જમાનામાં દિવાળી ગ્રીટિંગ્સ ના મોકલાય એ સમજી શકાય પણ એકબીજાને હળવામળવાની ભાવના ઘટતી જાય છે એ સારું નથી.

આ બેસતા વરસે ગુજરાતીઓએ કમ સે કમ હળવામળવાનો સંકલ્પ કરવો જોઈએ. દુનિયાની બધી પ્રજા એ રીતે જ બેસતા વરસની ઉજવણી કરે છે ને કોઈ પણ સમાજ એ પ્રકારની એકતાથી જ જળવાય છે. ગુજરાતીઓએ પણ અતડા થતા જવાની માનસિકતા છોડીને એક થવાની જૂની પરંપરાને જીવંત કરવાની જરૂર છે. બાકી તો નવી પેઢીને બેસતું વરસ પણ યાદ નહી રહે એવા દિવસો આવી જશે.

# ફટાકડાને લીધે દિલ્હીની હવાની ગુણવત્તા કથળી

નવી દિલ્હીઃ રાજધાનીના રહેવાસીઓએ દિવાળીની રાત્રે ફટાકડા પરના પ્રતિબંધનો ભંગ કર્યા પછી સોમવારે સવારે દિલ્હીમાં પ્રદૂષણના સ્તરમાં ઉછાળો નોંધાયો હતો અને નીચા તાપમાન વચ્ચે પ્રદૂષણના સ્તરમાં વધારો થયો હતો.

એક્યુઆઇ સવારે સાત વાગ્યે ૨૭૫ (નબળી કેટેગરી) પર હતો અને બપોરના ૧૨ વાગ્યા સુધીમાં ધીમે ધીમે વધીને ૩૨૨ થઈ ગયો હતો.

આયાનગર (૩૮૨), સેન્ટ્રલ રોડ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ (૩૯૩) અને પુસા (૩૯૧) સહિતના કેટલાક વિસ્તારોમાં પ્રદૂષણનું સ્તર ''ગંભીર'' શ્રેણી (૪૦૦ અને ૪૫૦ વચ્ચે એક્યુઆઇ)ની નજીક નોંધાયું હતું.

આ વિસ્તારોમાં ૬૦ માઇક્રોગ્રામ પ્રતિ ઘન મીટરની સલામત મર્યાદા છથી સાત ગણી વટાવી ગઈ છે જે શ્વસન સમસ્યાઓને સર્જી શકે છે,

ફટાકડા ફોડવાથી રાજધાનીમાં ઓખલા અને જહાંગીરપુરી સહિત અનેક સ્થળોએ પીએમ-૨.૫ની સાંદ્રતા વહેલી સવારના કલાકોમાં ૧,૦૦૦ માઇક્રોગ્રામ પ્રતિ ઘન મીટરથી વધુ થઈ ગઈ હતી.

દિલ્હી પ્રદૂષણ નિયંત્રણ સમિતિના ડેટા અનુસાર, જવાહરલાલ નહેરુ સ્ટેડિયમમાં પીએમ-૨.૫ પ્રદૂષણનું સ્તર સવારે બે વાગ્યા સુધીમાં વધીને ૧,૪૨૩ માઈક્રોગ્રામ પ્રતિ ઘન મીટર થઈ ગયું હતું, તે પછી તે ધીમે ધીમે ઘટીને ૧૨ વાગ્યા સુધીમાં તાપમાન વધવાથી ૧૦૧ માઈક્રોગ્રામ પ્રતિ ઘન મીટર થઈ ગયું હતું. ડેટા દર્શાવે છે કે ઓખલા ખાતે પીએમ-૨.૫ સાંદ્રતા સવારે એક વાગ્યે ૧,૬૨૯ માઈક્રોગ્રામ પ્રતિ ક્યુબિક મીટર હતી અને બપોરે ૧૨ વાગ્યા સુધીમાં ઘટીને ૧૫૭ માઈક્રોગ્રામ પ્રતિ ક્યુબિક મીટર થઈ ગઈ હતી. મધ્યરાત્રિએ ૧૨ વાગે, આનંદ વિહાર ખાતે હવાની ગુણવત્તા મોનિટરિંગ સ્ટેશને પીએમ-૨.૫ સાંદ્રતા ૧,૯૮૫ માઇક્રોગ્રામ પ્રતિ ઘન મીટર નોંધાયું હતું.

# રાજસ્થાન વિધાનસભાની ચૂંટણીની ચાર બેઠક પર પરિવારજનો સ્પર્ધામાં

જયપુરઃ રાજસ્થાન વિધાનસભાની આગામી ચૂંટણીમાં ચાર બેઠક પર સગાવહાલા એકમેકની સામે જંગ લડી રહ્યા છે. સિકરની દાંતા રામગઢ બેઠક પર રીટા ચૌધરી જનનાયક જનતા પાર્ટીના જ્યારે તેમના પતિ વીરેન્દ્ર ચૌધરી કૉંગ્રેસના ઉમેદવાર છે. હરિયાણાની જનનાયક જનતા પાર્ટીએ રીટા ચૌધરીને ટિકિટ આપી છે. વીરેન્દ્ર ચૌધરી હાલમાં આ બેઠક પર કૉંગ્રેસના વિધાનસભ્ય છે. રીટાએ કહ્યું કે દાંતા રામગઢના લોકોને પરિવર્તન જોઈએ છે. ધોલપુર બેઠક પર ભાજપના શિવચરણ કુશવાહ સામે તેમના સાળી શોભારાણી કુશવાહ કૉંગ્રેસના ઉમેદવાર છે. ૨૦૧૮માં શોભારાણી કુશવાહ ભાજપની ટિકિટ પર જીત્યા હતા, જ્યારે ડૉ. શિવચરણ કુશવાહ કૉંગ્રેસની ટિકિટ પર ઊભા રહ્યા હતા. રાજ્યસભા ચૂંટણીમાં શોભારાણીએ ક્રોસવોર્ટિંગ કર્યું હોવાથી ભાજપે શોભારાણીની હકાલપટ્ટી કરી હતી. વર્ષ ૨૦૧૩માં શોભારાણીના પતિ બી. એલ. કુશવાહ બસપાના ઉમેદવાર તરીકે વિધાનસભ્ય બન્યા હતા. જો કે ડિસેમ્બર, ૨૦૧૬માં એક ખૂન કેસમાં બી.એલ. કુશવાહ ગુનેગાર સાબિત થયા હતા તે પછી ભાજપે ૨૦૧૭માં શોભારાણીને પેટાચૂંટણીમાં ટિકિટ આપી હતી.

નાગૌર અને ખેત્રી બેઠક પર કાકા ભત્રીજી સામસામે સ્પર્ધા કરી રહ્યા છે. નાગૌરની બેઠક પર ભાજપના જ્યોતિ મીર્ધા કૉંગ્રેસના હરેન્દ્ર મીર્ધા સામે જંગમાં લડી રહ્યા છે. ઝુનઝુનુ જિલ્લાની ખેત્રી બેઠક પર ધર્મપાલ ગુર્જર પોતાની ભત્રીજી મનિષા ગુર્જર સામે સ્પર્ધામાં ઊતર્યા છે.

૨૪મી નવેમ્બરે રાજ્યની વિધાનસભાની ૨૦૦ બેઠક પર મતદાન થશે અને ત્રીજી ડિસેમ્બરે પરિણામ જાહેર થશે. ચૂંટણીજંગમાં કુલ ૧,૮૭૫ ઉમેદવારો છે જેમાં ૧૮૩ મહિલા અને ૧,૬૯૨ પુરુષ છે.

# ઓડિશામાં દિવાળીની રાત્રે ફટાકડા અને દીવાઓથી સર્જાયેલી દુર્ઘટનાઓમાં ૧૦૦ દાઝ્યા

ઓડિશાઃ ઓડિશામાં વિવિધ ભાગોમાંથી ફટાકડા અને દીવાઓને કારણે આગ લાગવાના બનાવો નોંધાયા હતા. દિવાળીની ઉજવણી કરતી વખતે દાઝી જવાથી થયેલી ઇજાઓ બાદ મહિલાઓ અને બાળકો સહિત ૧૦૦થી વધુ લોકોને વિવિધ હૉસ્પિટલોમાં સારવાર આપવામાં આવી હતી.

અહીંની રાજ્ય સંચાલિત કેપિટલ હૉસ્પિટલનો અકસ્માત વિભાગ રવિવારની રાત સુધી વ્યસ્ત રહ્યો હતો કારણ કે ફટાકડા ફોડતી વખતે દાઝી જવાથી થયેલી ઇજાઓને કારણે ૨૯ સગીર સહિત ઓછામાં ઓછા ૩૧ દર્દીઓ સારવાર માટે આવ્યા હતા, તેમ નાયબ અધિક્ષક ડૉ. ધનજ્ય દાસે જણાવ્યું હતું. તેઓએ જણાવ્યું હતું કે, દિવાળીની ઉજવણી દરમિયાન દુર્ઘટનાઓમાં ઘણા બાળકો દાઝી ગયા છે. તબીબો અને પેરામેડિક્સની વિશેષ ટીમ દ્વારા તેમની સારવાર કરવામાં આવી હતી. જેમાંથી મોટાભાગનાની હાલત ગંભીર ન હોવાથી પ્રાથમિક સારવાર બાદ રજા આપવામાં આવી હતી.

રાઉરકેલામાં કોએલ નગર ખાતે એક બે માળની ઇમારતમાં આગ લાગી હતી. આગનું કારણ માટીનો દીવો હતો. જે દિવાળીના પ્રસંગે રવિવારે રાત્રે પ્રગટાવવામાં આવ્યો હતો. સંબલપુર શહેરના ખેતરાજપુર ખાતે રહેણાંક મકાનના ત્રીજા માળે આવી જ આગની ઘટના નોંધાઇ હતી. દિવાળીની રાત્રે ફટાકડામાંથી નીકળતા તણખાને કારણે આ વિસ્તારનું એક ગોડાઉન પણ રાખ થઇ ગયું હતું. નુઆપાડા જિલ્લાના સંતોષી મંદિરપાડા વિસ્તારમાં એક ઘર પણ ફટાકડા ફોડવાને કારણે બળીને ખાખ થઇ ગયું હતું. આ સિવાય અનેક સ્થળોએ આગની દુર્ઘટનાઓ નોંધાઇ હતી.

# સુનકે ગૃહ પ્રધાન બ્રેવરમૅનને બરતરફ કર્યાઃ ભૂતપૂર્વ પીએમ કૅમરુન નવા વિદેશ પ્રધાન

લંડનઃ બ્રિટનના વડા પ્રધાન રિશિ સુનકે સોમવારે પ્રધાનમંડળમાં નાટ્યાત્મક ફેરફારો કર્યા હતા.

સુનકે ભારતીય મૂળના ગૃહ પ્રધાન બ્રૅવરમૅનને બરતરફ કર્યા હતા અને ભૂતપૂર્વ પીએમ ડેવિડ કૅમરુનને નવા વિદેશ પ્રધાન બનાવી રાજકારણમાં તેમને અગ્રણી હરોળમાં મૂકી દીધા હતા. કૅમરુન છેલ્લા સાત વર્ષથી રાજકારણમાં અગ્રણી હરોળમાં નહોતા.

કૅમરુને વર્ષ ૨૦૧૦થી વર્ષજ્ઞ ૨૦૧૬ સુધી બ્રિટનના વડા પ્રધાન તરીકે તેમ જ વર્ષ ૨૦૦૫થી વર્ષ ૨૦૧૬ સુધી રૂઢીચુસ્ત પક્ષના નેતા તરીકે ફરજ બજાવી હતી.

૪૩ વર્ષના બ્રૅવરમૅને કહ્યું હતું કે ગૃહ પ્રધાન તરીકે મેં ફરજ બજાવી તે મારા માટે મહત્ત્વની ક્ષણો હતી. ૫૪ વર્ષના જૅમ્સ ક્લૅવરલી તેમનું સ્થાન લેશે.

કૅમરુન આમસભાના સાંસદ પણ નહોતા, પરંતુ હવે સંસદીય શિષ્ટાચારનું પાલન કરવા હાઉસ ઑફ લૉર્ડ્સમાં તેમની નિમણૂક કરવામાં આવશે. (એજન્સી)

# કર્ણાટકના ઉડુપીમાં એક મહિલા અને તેના બાળકોની ઘાતકી હત્યા

ઉડુપીઃ કર્ણાટકના ઉડુપી જિલ્લામાં એક મહિલા અને તેના ત્રણ પુત્રોની છરીના ઘા મારીને હત્યા કરવામાં આવી હતી. પોલીસના જણાવ્યા મુજબ મૃતદેહ તેમના ઘરમાંથી મળી આવ્યા હતા. પોલીસે જણાવ્યું હતું કે હત્યા પાછળના હેતુની તપાસ કરવામાં આવી રહી છે અને આરોપીઓ હજુ ફરાર છે.

એક અહેવાલ અનુસાર, મૃતકના ઘરની બાજુમાં રહેતી પાડોશી યુવતીએ બુમો સાંભળી ત્યાં દોડી આવી હતી, પરંતુ હત્યારાએ તેને પણ ધમકી આપી હતી. હુમલાખોરે મહિલાના સાસુ પર પણ છરી વડે હુમલો કર્યો હતો. આ ઘટના બાદ સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. પાડોશીએ પોલીસને જાણ કરી હતી.

ઉડુપીના પોલીસ તંત્રએ આ ઘટનાની પુષ્ટિ કરી છે. તેમણે કહ્યું, નેઝર ગામ પાસે ચાર લોકોની હત્યા કરવામાં આવી છે. મહિલા અને તેના ત્રણ બાળકોની ચાકુ મારીને હત્યા કરવામાં આવી હતી. તેમણે કહ્યું કે પ્રાથમિક તપાસમાં આ હત્યા અંગત અદાવતના કારણે થઈ હોવાનું જાણવા મળ્યું છે. પરંતુ આ મામલાની વધુ તપાસ કરવામાં આવી રહી છે. ટૂંક સમયમાં હત્યાનું સાચું કારણ શોધી કાઢવામાં આવશે.

વરિષ્ઠ પોલીસ અધિકારીનું કહેવું છે કે હત્યા બાદ કરવામાં આવેલી તપાસ મુજબ ઘરમાંથી કોઈપણ પ્રકારની કિંમતી ચીજવસ્તુ ગુમ થઈ નથી. આ સૂચવે છે કે હત્યારાનો હેતુ લૂંટનો ન હતો, પરંતુ કંઈક બીજું હતું.

પોલીસ અધિકારીએ કહ્યું કે અમે એ પણ તપાસ કરી રહ્યા છીએ કે હત્યારાને બાળકો કે તેમની માતા પ્રત્યે કોઈ અંગત દુશ્મનાવટ હતી કે કેમ. આ હત્યાના કારણે વિસ્તારના લોકો ડરી ગયા છે.

# ઑસ્ટ્રેલિયાના બોલરની કમાલ, છ બોલમાં ઝડપી છ વિકેટ

ગોલ કોસ્ટઃ ઑસ્ટ્રેલિયાના થર્ડ ડિવિઝન ક્લબના ક્રિકેટર ગેરેથ મોર્ગને સ્થાનિક મેચ દરમિયાન છ બોલમાં છ વિકેટ ઝડપી ટીમને શાનદાર જીત અપાવી હતી.

મુદગીરાબા નેરાંગ અને ડિસ્ટ્રિક્ટ્સ ક્રિકેટ ક્લબના કેપ્ટન મોર્ગને શનિવારે ગોલ્ડ કોસ્ટ પ્રીમિયર લીગ ડિવિઝન થ્રી કોમ્પિટિશનમાં સરફર્સ પેરેડાઈઝ સામે ચાર રનથી જીત મેળવવા માટે છ બોલમાં છ વિકેટ ઝડપી હતી. ૪૦ ઓવરની મેચમાં ૧૭૯ રનના લક્ષ્યાંકનો પીછો કરતા સરફસર્સ પેરેડાઈઝની ટીમે છેલ્લી ઓવર પહેલા ચાર વિકેટે ૧૭૪ રન કરી લીધા હતા. જોકે, મોર્ગને મેચના છેલ્લા છ બોલમાં છ વિકેટ ઝડપી હતી અને તેની ટીમને ચાર રનથી જીત અપાવી હતી. સરફર્સના છેલ્લા પાંચ બેટ્સમેન ખાતું ખોલાવ્યા વિના આઉટ થઈ ગયા હતા અને ટીમ ૧૭૪ રનમાં સમેટાઈ ગઈ હતી.

એક રિપોર્ટ અનુસાર, બેટ્સમેનોએ છેલ્લી ઓવરના પહેલા ચાર બોલ પર કેચ પકડ્યા જ્યારે છેલ્લા બે બેટ્સમેન બોલ્ડ થયા હતા. મોર્ગને સાત ઓવરમાં ૧૬ રન આપીને સાત વિકેટ ઝડપી હતી. મુદગીરાબાની ઇનિંગ્સ દરમિયાન મોર્ગન ૩૯ રન સાથે ટોપ સ્કોરર પણ હતો. સરફર્સનો દાવ નાટકીય રીતે સમાપ્ત થયો હતો. મોર્ગને પહેલા ઓપનર જેક ગારલેન્ડને ૬૫ રન પર આઉટ કર્યો હતો.

પ્રોફેશનલ ક્રિકેટમાં એક ઓવરમાં સૌથી વધુ વિકેટ લેવાનો રેકોર્ડ ન્યૂઝીલેન્ડના નીલ વેગનર, બંગલાદેશના અલ અમીન હુસૈન અને ભારતના અભિમન્યુ મિથુનના નામે છે જેમણે એક ઓવરમાં પાંચ વિકેટ લીધી હતી.

# સીબીઆઈએ સત્યેન્દ્ર જૈન વિરુદ્ધ કેસ દાખલ કરવા એલજીની મંજૂરી માગી

નવી દિલ્હીઃ સીબીઆઈએ ભૂતપૂર્વ જેલ પ્રધાન સત્યેન્દ્ર જૈન સામે કથિત રીતે ગુનેગાર સુકેશ ચંદ્રશેખર સહિત વિવિધ ''હાઇ પ્રોફાઇલ કેદીઓ'' પાસેથી તેઓ જેલમાં આરામથી જીવી શકે એનાં બદલામાં કરોડો રૂપિયાની ઉચાપત કરવાનો કેસ દાખલ કરવા માટે દિલ્હીના એલજી વી.કે. સક્સેના પાસેથી જૈન વિરુદ્ધ કાર્યવાહી કરવા માટે મંજૂરી માગી હતી.

સીબીઆઈનો આરોપ છે કે દિલ્હીની જેલોમાં તત્કાલીન ડીજી (જેલ) સંદીપ ગોયલ અને તત્કાલીન એડિશનલ ઈન્સ્પેક્ટર જનરલ મુકેશ પ્રસાદ અને સહયોગી અધિકારીઓ, ખાનગી વ્યક્તિઓ અને સાથીઓ સાથે મળીને ઉચ્ચસ્તરીય ભ્રષ્ટાચાર અને ખંડણીનું રેકેટ ચલાવવામાં આવી રહ્યું હતું. સીબીઆઈએ સક્સેનાને લખેલા તેના પત્રમાં આક્ષેપ કર્યો હતો કે તેઓ જૈન માટે સિન્ડિકેટ તરીકે કામ કરતા હતા.

જૈને કથિત રીતે ૨૦૧૮-૨૧ દરમિયાન જેલના કેદી ચંદ્રશેખર પાસેથી પ્રોટેક્શન મની તરીકે વિવિધ તબક્કામાં ૧૦ કરોડ રૂપિયા લીધા હતા અને બદલામાં જેલમાં શાંતિપૂર્ણ અને આરામદાયક જીવન જીવવા માટે તેને સુવિધાઓ પૂરી પાડી હતી.ચંદ્રશેખર મની લોન્ડરિંગ અને અનેક લોકોને છેતરવાના આરોપમાં અહીંની જેલમાં બંધ છે.

સીબીઆઈએ આરોપ લગાવ્યો હતો કે રાજ કુમાર, તત્કાલીન જેલ સુપ્રિટેન્ડેન્ટ, સેન્ટ્રલ જેલ-ચાર, તિહાર ગોયલનો નજીકનો સહયોગી હતો અને તેણે ચંદ્રશેખર પાસેથી પૈસા પડાવવામાં તેની મદદ કરી હતી.

આપના નેતા જૈન મની લોન્ડરિંગ કેસમાં દિલ્હીની જેલમાં કેદ છે.

## પહેલા પાનાનું ચાલુ

### રિટેલ ફુગાવો

ત્રણ મહિનાની નીચી સપાટીએ પહોંચ્યો હતો.

આ અગાઉનો નીચો ફુગાવો જૂનમાં ૪.૮૭ ટકા નોંધાયો હતો. રિઝર્વ બેન્કની મોનેટરી પોલિસી કમિટી (એમપીસી)એ તેની ઓક્ટોબરની મીટિંગમાં, ૨૦૨૩-૨૪ માટે સીપીઆઇ ફુગાવો ૫.૪ ટકા રહેવાનો અંદાજ મૂક્યો હતો, જે ૨૦૨૨-૨૩માં ૬.૭ ટકાના સ્તરે હતો.

સીપીઆઇ ફુગાવો બંને બાજુ ૨ ટકાના માર્જિન સાથે ચાર ટકા પર જળવાઇ રહે તેની ખાતરી કરવા માટે સરકારે રિઝર્વ બેન્કને કામ સોંપ્યું છે. મધ્યસ્થ બેંક તેની દ્વિમાસિક નાણાકીય નીતિ સંદર્ભના નિર્ણય લેતી વખતે મુખ્યત્વે રિટેલ ફુગાવાને ધ્યાનમાં લે છે.

### તેલંગણામાં પુરુષો કરતાં

મતદારોની સરખામણીમાં મહિલા મતદારોની સંખ્યા વધી ગઇ છે. ચૂંટણી અધિકારીએ જણાવ્યું કે મતદાર યાદીમાં ૩૫ લાખ ૭૩ હજારથી વધુ લોકોના નામ ઉમેરાયા છે. જ્યારે લગભગ ૯ લાખ લોકોના નામ દૂર કરવામાં આવ્યા છે. લગભગ ૧૬ લાખ નામ એવા છે જેમણે પોતાનું મતદાન સરનામું બદલ્યું છે. મુખ્ય ચૂંટણી અધિકારીએ સ્પષ્ટતા કરી છે કે હવે અંતિમ યાદી પ્રકાશિત થઈ ગઈ છે. ૨૦૨૩ની વિધાનસભા ચૂંટણી માટે હવે પછીની અરજીઓ ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

# આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

(દક્ષિણાયન સૌર હેમંતઋતુ),

**મંગળવાર, તા. ૧૪-૧૧-૨૦૨૩, નૂતન વર્ષાભિનંદન**

- ભારતીય દિનાંક ૨૩, માહે કાર્તિક, શકે ૧૯૪૫
- વિક્રમ સંવત ૨૦૮૦, શા. શકે ૧૯૪૫, કાર્તિક સુદ-૧
- જૈન વીર સંવત ૨૫૫૦, માહે કાર્તિક, તિથિ સુદ-૧
- પારસી શહેનશાહી રોજ ૧લો હોરમજદ, માહે ૪થો તીર, સને ૧૩૯૩
- પારસી કદમી રોજ ૧લો હોરમજદ, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૩
- પારસી ફસલી રોજ ૨૯મો મારેસ્પંદ, માહે ૮મો આવાં, સને ૧૩૯૨
- મુસ્લિમ રોજ ૨૯મો, માહે ૪થો રબીઉલ આખર, સને ૧૪૪૫
- મીસરી રોજ ૨જો, માહે ૫મો જમાદીલ અવ્વલ, સને ૧૪૪૫
- નક્ષત્ર અનુરાધા મધ્યરાત્રિ પછી ક. ૨૭-૨૩ સુધી (તા. ૧૫મી), પછી જયેષ્ઠા.
- ચંદ્ર તુલામાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ તુલા (ર, ત)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૪૬, અમદાવાદ ક. ૦૬ મિ. ૫૩ સ્ટા.ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૭ મિ. ૫૯, અમદાવાદ ક. ૧૭ મિ. ૫૪ સ્ટા. ટા.
- -ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટઃ-
- ભરતી : બપોરે ક. ૧૨-૦૪, મધ્યરાત્રે ક. ૦૦-૫૫
- ઓટઃ સાંજે ક. ૧૮-૦૫
- વ્રતપર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૦, 'રાક્ષસ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૫, 'શોભન' નામ સંવત્સર, કાર્તિક શુક્લ - પ્રતિપદા. ઈષ્ટિ, વિક્રમ સંવત ૨૦૮૦, ''રાક્ષસ'' નામ સંવત્સરારંભ, મહાવીર જૈન સંવત્સારંભ ૨૫૫૦, દિવાળી પડવો, કાર્તિક શુક્લાદિ, અભ્યંગ સ્નાન, ચંદ્રદર્શન મુ. ૩૦ સામ્યાર્ઘ, ઉત્તર શૃંગોન્નતિ ૫૩ અંશ, બાલદિન - નેહરુ જયંતી, પારસી ૪થો તીર માસારંભ. વિંછુડો.
- શુભાશુભ દિનશુદ્ધિઃ પર્વ શ્રેષ્ઠ દિન
- મુહૂર્ત વિશેષઃ આજ રોજ વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્રના પાઠ કરવા. મંગળ ગ્રહદેવતાનું પૂજન, શ્રી વિષ્ણુ-લક્ષ્મી મંદિર, શ્રી રાધાકૃષ્ણ મંદિર, શ્રી રામપરિવાર મંદિર, શ્રી વિઠ્ઠલ-રુક્મિણી મંદિર, હનુમાન મંદિર એમ મંદિર તીર્થોના દર્શનનો મહિમા પરસ્પર નવા વર્ષની શુભેચ્છા પાઠવવાનો મહિમા. નવા વર્ષના શુકન કરવા, નવા વર્ષના સંકલ્પ લેવા, બ્રાહ્મણો, વિદ્વાનોનો સત્કાર કરવો. પરિવારમાં માતા-પિતા વડીલો પરસ્પર કુટુંબીજનો સાથે મુલાકાતો ગોઠવવી તથા નવા વર્ષના વધામણાં લેવા.
કુલાચાર પ્રમાણે મિતિ નાખવી - કાંટો બાંધવો - નવા વર્ષના વેપારનો પ્રારંભ કરવો.
- મુહૂર્ત સમયઃ (૧) સવારે ક. ૦૯-૩૪ થી ક. ૧૦-૫૮ (ચલ) (૨) સવારે ક. ૧૦-૫૮ થી ક. ૧૨-૨૨ (લાભ) (૩) બપોરે ક. ૧૨-૨૨ થી ક. ૧૩-૪૬ (અમૃત) (૪) બપોરે ક. ૧૫-૧૧ થી ક. ૧૬-૩૫ (શુભ)
- કાર્તિક માસ સંક્ષિપ્તઃ સુદ પક્ષમાં સાતમનો ક્ષય, વદ પક્ષમાં બારસની વૃદ્ધિ થાય છે. સુદમાં દિવસ ૧૪, વદમાં દિવસ-૧૫ એમ કુલ ૨૯ દિવસનો તા. ૧૨ ડિસેમ્બર સુધીનો આ માસ છે. પૂનમ-અમાસનું ગ્રહણ આ માસમાં થતું નથી. આ માસમાં ભાઈ-બીજ તા. ૧૫, તા. લાભ પાંચમ, તા. ૧૮, દેવઊઠી એકાદશી, તા. ૨૩, દેવદિવાળી તા. ૨૭, એમ મુખ્ય પર્વોત્સવો છે.
- આચમનઃ ચંદ્ર-શનિ પ્રતિયુતિ કામકાજમાં આત્મવિશ્વાસનો અભાવ, ચંદ્ર-બુધ યુતિ વિચારો ફર્યા કરે.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-શનિ પ્રતિયુતિ, ચંદ્ર-બુધ યુતિ
- ગોચરગ્રહોઃ સૂર્ય-તુલા, મંગળ-તુલા, બુધ-વૃશ્ચિક, વક્રી ગુરુ-મેષ, શુક્ર-કન્યા, શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, વક્રી હર્ષલ-મેષ, વક્રી નેપ્ચ્યુન-મીન, માર્ગી પ્લુટો-મકર.

-----

(દક્ષિણાયન સૌર હેમંતઋતુ),

**બુધવાર, તા. ૧૫-૧૧-૨૦૨૩, ભાઈબીજ, યમદ્વિતિયા**

- ભારતીય દિનાંક ૨૪, માહે કાર્તિક, શકે ૧૯૪૫
- વિક્રમ સંવત ૨૦૮૦, શા. શકે ૧૯૪૫, કાર્તિક સુદ-૨
- જૈન વીર સંવત ૨૫૫૦, માહે કાર્તિક, તિથિ સુદ-૨
- પારસી શહેનશાહી રોજ ૨જો બેહમન, માહે ૪થો તીર, સને ૧૩૯૩
- પારસી કદમી રોજ ૨જો બેહમન, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૩
- પારસી ફસલી રોજ ૩૦મો અનેરાન, માહે ૮મો આવાં, સને ૧૩૯૨
- મુસ્લિમ રોજ ૩૦મો, માહે ૪થો રબીઉલ આખર, સને ૧૪૪૫
- મીસરી રોજ ૩જો, માહે ૫મો જમાદીલ અવ્વલ, સને ૧૪૪૫
- નક્ષત્ર જયેષ્ઠા મધ્યરાત્રિ પછી ક. ૨૭-૦૦ સુધી (તા. ૧૬) પછી મૂળ.
- ચંદ્ર વૃશ્ચિકમાં મધ્યરાત્રિ પછી ક. ૨૭-૦૦ સુધી (તા. ૧૬) પછી ધનુમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ વૃશ્ચિક (ન, ય), ધનુ (ભ, ધ, ફ, ઢ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૪૬, અમદાવાદ ક. ૦૬ મિ. ૫૪ સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૭ મિ. ૫૯, અમદાવાદ ક. ૧૭ મિ. ૫૪ સ્ટા. ટા.
- -ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-ઢ
ભરતી : બપોરે ક. ૧૨-૩૯, મધ્યરાત્રિ પછી ક. ૦૧-૩૯ (તા. ૧૬)
- ઓટઃ સવારે ક. ૦૬-૪૯ સાંજે ક. ૧૮-૩૮
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૦, 'રાક્ષસ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૫, 'શોભન' નામ સંવત્સર, કાર્તિક શુક્લ - દ્વિતિયા. વિશ્વકર્મા ડે, ભાઈબીજ, યમદ્વિતિયા, ભરત દ્વિતિયા, મુસ્લિમ ૫મો જમાદુલ અવ્વલ માસારંભ, વિંછુડો સમાપ્તિ મધ્યરાત્રિ પછી ક. ૨૭-૦૧.
શુભાશુભ દિનશુદ્ધિઃ સામાન્ય દિવસ
- મુહૂર્ત વિશેષઃ જયેષ્ઠા જન્મ નક્ષત્ર શાંતિ પૂજા, બુધ ગ્રહદેવતાનું પૂજન વિશેષ રૂપે, ઔષધ ઉપચાર, પરદેશગમનનું પસ્તાનું, પ્રયાણ મધ્યમ, વાહન, ચંત્રારંભ, પશુ લે-વેંચ, ખેતીવાડીના કામકાજ, પ્રાણી પાળવા. વૃક્ષારોપણ, ઈન્દ્રદેવતાનું પૂજન.
- આચમનઃ બુધ-શુક્ર અર્ધત્રિકોણ ખુશિમજાજી
- ખગોળ જ્યોતિષઃ બુધ-શુક્ર અર્ધત્રિકોણ
- ગોચરગ્રહોઃ સૂર્ય-તુલા, મંગળ-તુલા, બુધ-વૃશ્ચિક, વક્રી ગુરુ-મેષ, શુક્ર-કન્યા, શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, વક્રી હર્ષલ-મેષ, વક્રી નેપ્ચ્યુન-મીન, માર્ગી પ્લુટો-મકર.

## પ્રથમ પુણ્યતિથિ પ્રેમાંજલિ



**માતુશ્રી નિર્મળાબેન રમણીકલાલ શાહ**
(ઉ.વર્ષ -૯૧)
મહાવિદેહ ક્ષેત્રે પ્રયાણ : 15/11/2022
લોખંડી મનોબળ, જાજરમાન વ્યક્તિત્વ,
અદભૂત ધર્મપરાયણતા અને વાત્સલ્ય,
સિંહણ સ્વરૂપ પ્રેરણામુર્તિ,
આપને સજળ નયનોથી ભાવભરી વંદના!
રમણીકલાલ અભેચંદ શાહ ટાણાવાળા પરિવાર
"અષ્ટાપદ" સાયન
જગજીવનદાસ તલકચંદ શેઠ પરિવાર
પાલીતાણા મુલુંડ


# સ્માર્ટફોનના બૉક્સમાંથી નીકળ્યા સાબુ

થાણે: ભાયંદરના યુવકે ઑનલાઈન શૉપિંગ પ્લેટફોર્મ પર ૪૬ હજાર રૂપિયાના સ્માર્ટફોનનો ઑર્ડર આપ્યો હતો, પણ તેના ઘરે પહોંચેલા મોબાઈલના બૉક્સમાંથી ત્રણ સાબુ નીકળ્યા હોવાનું પોલીસે જણાવ્યું હતું.ભાયંદર પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે ફોનની ડિલિવરી વખતે માર્ગમાં જ કોઈએ પાર્સલ સાથે ચેડાં કરી પચીસ વર્ષના યુવક સાથે છેતરપિંડી કરી હોવાનું જણાય છે.ફરિયાદ અનુસાર યુવકે ઑનલાઈન શૉપિંગ પોર્ટલ પર આઈફોનનો ઑર્ડર આપ્યો હતો, જેની કિંમત ૪૬ હજાર રૂપિયા હતી. ૯ નવેમ્બરે યુવકને મોબાઈલ ફોનનું પાર્સલ મળ્યું હતું. પાર્સલમાંના મોબાઈલ ફોનનું બૉક્સ ખોલતાં તેમાંથી વાસણ માંજવાના ત્રણ સાબુ નીકળ્યા હતા.એક દુકાનમાં કામ કરતા યુવકે આ મામલે શનિવારે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદને આધારે અજાણ્યા શખસ વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ ૪૨૦ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. આ પ્રકરણે તપાસ ચાલી રહી હોવાનું પોલીસનું કહેવું છે. (પીટીઆઈ)









# ૮૦ વર્ષના પિતાને એકલા કોર્ટમાં જવા દઈશ નહીં: સુપ્રિયા સૂળે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: એનસીપીમાં ભંગાણ પડ્યું અને ભાગલા પડીને શરદ પવાર જૂથ તેમ જ અજિત પવાર જૂથમાં પક્ષની માલિકી પરથી વિવાદ થયો છે અને કેન્દ્રીય ચૂંટણી પંચ તેમ જ સુપ્રીમ કોર્ટમાં આની સુનાવણી ચાલી રહી છે. આ બધામાં શરદ પવાર જૂથના સંસદસભ્ય સુપ્રિયા સુળેએ જણાવ્યું છે કે તેમના ૮૦ વર્ષના પિતાને કોર્ટમાં એકલા જવા દેશે નહીં.

સોમવારે એક સભાને સંબોધતાં તેમણે કહ્યું હતું કે બધા લોકોને જવાબદારીઓ હોય છે. માણસ બધું કરી શકતા નથી. બાળકો, પતિ, કુટુંબ બધા માટે ઓક્ટોબર સુધી સમય જ નથી. મતદારસંઘ જોવાનો કે પછી પક્ષનાં કામ પર ધ્યાન આપવાનું કે પછી કોર્ટમાં ચાલી રહેલા ખટલાઓ પર ધ્યાન આપવાનું. શરદ પવાર પોતે આ કામ માટે જઈ રહ્યા છે. લોકોની નહીં, પરંતુ પોતાના મનની ચિંતા છે. મારા ૮૦ વર્ષના પિતાને કોર્ટમાં હું એકલા જવા દઈશ નહીં.

મતદારસંઘ માટે જે સમય મારે ફાળવવાનો હોય છે તેમાંથી અડધો સમય તો મારો કોર્ટમાં ખટલા લડવામાં વેડફાઈ રહ્યો છે. પહેલી વખત સુપ્રીમ કોર્ટમાં ગયા છીએ. હારેંગે યા જીતેંગે, બાદમેં દેખેંગે પર લડેંગે જરૂર. (હારશું કે જીતીશું તે પછી જોઈશું પરંતુ લડીશું તો ચોક્કસ) એમ સુપ્રિયા સુળેએ કહ્યું હતું. તેમણે એમ પણ કહ્યું હતું કે આપણે ત્યાં કહેવાય છે કે કોર્ટનાં પગથિયાં ચડવા નહીં, પરંતુ અમે ચડ્યા છીએ. હવે એક વખત કોર્ટનાં પગથિયાં ચડ્યા બાદ ઉતરવાનું નથી.

એનસીપીના સુપ્રીમો શરદ પવારની શુક્રવારે રાતે તબિયત લથડી હતી ત્યારબાદ તેમને હૉસ્પિટલમાં દાખલ કરાયા હતા. હવે તેમની તબિયત સ્થિર હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# પૂ. શ્રી ધીરગુરુદેવની નિશ્રામાં મહાવીર ભવન નિર્માણમાં અનુદાન: દાતા સન્માન



શ્રી વિલેપારલા સ્થાનકવાસી જૈન સંઘ ખાતે પૂ. શ્રી ધીરગુરુદેવની નિશ્રામાં મહાવીર નિર્વાણ કલ્યાણકના ચાતુર્માસના મુખ્ય લાભાર્થી હંસાબેન ગુણવંતરાય ભાયાણી, માલિનીબેન કિશોરભાઈ સંઘવી, અમિતાબેન જગદીશભાઈ ઝોંસા અને સેવાભાવી શ્રી નરેશ માવાણી, મુકેશ ઠોસાણી, કિરણબેન ધોળકિયાનું સન્માન કરાયું હતું. રાજકોટમાં નિર્માણાધીન મહાવીર ભવનમાં એક રૂમ નામકરણના લાભાર્થી શ્રી ચુનીલાલ પીતાંબરદાસ દોશી પરિવારના શ્રી દીપક દોશીનું અભિવાદન કરાયું હતું. દાતાઓને ૧૧ લાખમાં રૂમનો લાભ મળી શકશે. તા. ૧-૧૨-૨૩ ને શુક્રવારે ઘાટકોપર હિંગવાલા સંઘમાં પૂ. શ્રી ધીરગુરુદેવના શુભહસ્તે દીક્ષિત પૂ. રત્નજ્યોતજી મ.સ.ની દીક્ષા જયંતી ઉપલક્ષે સંયમ સંવેદના પ્રવચન, સમૂહ એકાસણા તપનું આયોજન કરાયું છે.

# પોલીસ 'લાંચ' માગે તો મને ફોન કરો: સિનિયર ઈન્સ્પેક્ટરે લગાવ્યાં બોર્ડ

મુંબઈ: પોલીસની મદદ મેળવવા આવનારા નાગરિકો પાસેથી વિવિધ કારણોસર રૂપિયા પડાવવામાં આવતા હોવાની વારંવાર ફરિયાદો થતી હોય છે. પોલીસના આવા વર્તનથી નાગરિકો ત્રાસી ગયા હોવાથી હવે નાલાસોપારાના આચોલે પોલીસ ટેશનના સિનિયર ઈન્સ્પેક્ટરે લાંચ માગનારા પોલીસ અધિકારી-કર્મચારીને પાઠ ભણાવવાનું નક્કી કર્યું છે. કોઈ અધિકારી લાંચ અથવા વસ્તુની માગણી કરે તો સીધા મને ફોન કરો, એવા લખાણવાળાં બોર્ડ ઠેર ઠેર લગાવડાવી સિનિયર ઈન્સ્પેક્ટરે પોતાનો મોબાઈલ નંબર પણ જાહેર કર્યો છે.

પોલીસ દ્વારા વિવિધ કારણોસર નાગરિકો પાસેથી રૂપિયા વસૂલવામાં આવે છે. ક્યારેક ગુનો દાખલ કરવાની ધમકી આપી તો ક્યારેક ફરિયાદીને મદદ કરવાને બહાને નાણાં પડાવવામાં આવે છે. કામ કરી આપવા માટે ચા-પાણીને બહાને તો વરિષ્ઠ અધિકારીને આપવાને બહાને કથિત લાંચ માગવામાં આવતી હોય છે.

આવી પ્રવૃત્તિઓને અટકાવવા માટે આચોલે પોલીસ સ્ટેશનના સિનિયર ઈન્સ્પેક્ટર બાળાસાહેબ પવારે 'ન ખાઉંગા ન ખાને દૂંગા'નું ધોરણ અપનાવ્યું છે. આચોલે પોલીસ સ્ટેશનના અધિકારીઓને આ રીતે રૂપિયા ન પડાવવાની સખત તાકીદ કરી છે. આટલેથી ન અટકી પવારે આચોલે પોલીસ સ્ટેશનની હદમાં ઠેકઠેકાણે બોર્ડ લગાવડાવ્યાં છે. તેમણે નાગરિકોને અપીલ કરી છે કે કોઈ પણ સરકારી કામ કરવા માટે નાણાં ચૂકવવાની જરૂર નથી હોતી. પોલીસ સ્ટેશન અથવા બીટ ચોકીમાં અધિકારી-કર્મચારી નાણાં કે વસ્તુની માગણી કરે તો તાત્કાલિક મારો સંપર્ક સાધવો. આવા લખાણવાળા બોર્ડ પર પવારે મોટા અક્ષરમાં તેમનો મોબાઈલ નંબર પણ આપ્યો છે. કોઈ પણ નાગરિક મને મળવા આવી શકે છે, એવું પણ તેમણે જાહેર કર્યું છે. ■

# ચોપાટીનાં કિનારે ૨,૫૫૦માં મહાવીર નિર્વાણ દિનની મહાઆરતીમાં મહેરામણ ઉમટ્યો



મુંબઈ: ભગવાન મહાવીરનાં ૨,૫૫૦માં નિર્વાણ વર્ષનાં પ્રારંભે જૈન ધર્મના તમામ ફિરકાઓ દ્વારા યોજાયેલી મહાઆરતીમાં ઉમટેલાં માનવ મહેરામણે હજારોની સંખ્યામાં દિપ પ્રગટાવીને ભગવાનને મોક્ષ ગતિ પ્રાપ્ત થઇ તેની ઉજવણી કરી હતી. મુંબઇનાં ગિરગામ ચૌપાટીનાં સમુદ્ર કિનારે આહલાદક દૃશ્યો વચ્ચે થયેલી ઉજવણીમાં શહેર ભરમાંથી પધારેલા જૈનાચાર્યો, સાધુ સાધ્વીઓ તથા જૈન સમાજનાં શ્રેષ્ઠીઓ ઉપસ્થિત રહીને ભગવાન મહાવીરની મોક્ષ ગતિની પળના સાક્ષી બન્યા હતા.

જૈનોનાં શ્વેતાંબર, દિગંબર, સ્થાનકવાસી, તથા તેરાપંથી એમ ચારેય ફિરકાનાં તમામ ગચ્છો, સંપ્રદાયોના જૈનાચાર્યો-પ્રભુભક્તોનાં આ સામુહિક આયોજનમાં મુંબઇનાં ૫૦૦થી વધારે સંઘોને આમંત્રણ અપાયા હતા.

સોમવારે સાંજે છ વાગ્યે શરૂ થયેલી મહાવીર નિર્વાણ દિનની ઉજવણી જૈન સમાજનાં ઇતિહાસમાં ન ભુતો ન ભવિષ્યતિ જેવી ઘટના બની હતી. મહાવીર ભગવાનનાં ૨,૫૫૦મા નિર્વાણ દિનની ઉજવણી માટે મુખ્ય પ્રધાન અને નાયબ મુખ્ય પ્રધાનને લખેલા વિનંતી પત્રને માન્ય રાખી સમગ્ર મહારાષ્ટ્રમાં આ ઉજવણીની પરવાનગી આપી તે બદલ જૈન સમાજે સરકારનો આભાર માન્યો હતો. આ સમગ્ર આયોજનની પરિકલ્પના કરનાર આચાર્ય સાગર ચંદ્ર સાગર સુરિશ્વરજી મહારાજે જૈન ધર્મ સિદ્ધાંતો આજની પૃથ્વી ઉપરની પર્યાવરણ, હિંસા, વેરભાવ જેવી સમસ્યાઓ સામે કેવી રીતે સમાધાન કરી છે તેનો ઉલ્લેખ કરીને અગામી આખું વર્ષ આ મુદ્દાઓ બાબતે સમાજમાં જાગૃતિ લાવવાની જાહેરાત કરી હતી.

ચોપાટીના દરિયામાં વિશેષ નૌકામાં બિરાજમાન ભગવાન મહાવીરની ૧૫ ફૂટ ઊંચી પ્રતિમા, ભગવાનનાં મોક્ષ સમયે ઉપસ્થીત રહેલા ૧૮ રાજાઓના આબેહુબ વેશ તથા હજારો દિવડાંઓથી પ્રકાશિત માહોલ શાંતિ અને અહિંસાનો સંદેશા વાહક બન્યો હતો.


# ₹ ત્રણ કરોડના ભેળસેળયુક્ત ખાદ્યપદાર્થ જપ્ત


થાણે: ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (એફડીએ)ની ટીમે નવી મુંબઈમાં કંપનીના પરિસરમાંથી રૂ. ત્રણ કરોડની કિંમતના ભેળસેળયુક્ત ખાદ્યપદાર્થ જપ્ત કર્યા હતા.એફડીએના અધિકારીઓએ ૯ નવેમ્બરે તુર્ભે વિસ્તારમાં કંપનીના પરિસરમાં જઇને નિરીક્ષણ કર્યું હતું, જેમાં એફડીએના નિયમોનું ઉલ્લંઘન તેમ જ અનેક અનિયમિતતાઓ મળી આવી હતી, એમ એફડીએ (ફૂડ) કોંકણ ડિવિઝનના જોઇન્ટ કમિશનર એસ.એ. દેશમુખે કહ્યું હતું.એફડીએના અધિકારીઓએ ખાદ્યપદાર્થના નમૂના લીધા હતા અને રૂ. ત્રણ કરોડથી વધુની કિંમતનો જથ્થો જપ્ત કર્યો હતો.


# ઈન્સ્ટન્ટ લોનને બહાને પ્રૌઢ સાથે આચરી છેતરપિંડી


થાણે: ઇન્સ્ટન્ટ લોન આપવાને બહાને નવી મુંબઈના ૫૬ વર્ષના પ્રૌઢ સાથે ઠગોએ રૂ. ૯૦ હજારની ઑનલાઇન છેતરપિંડી આચરી હોવાનું પોલીસે જણાવ્યું હતું. કલંબોલી પોલીસ સ્ટેશનમાં આ પ્રકરણે ફરિયાદ નોંધાતાં પોલીસે અજાણ્યા શખસો સામે ભારતીય દંડસંહિતા અને આઇટીએ એક્ટની સંબંધિત કલમો હેઠળ ગુનો દાખલ કર્યો હતો.લોજિસ્ટિક કંપનીમાં કામ કરતા ફરિયાદીએ દાવો કર્યો હતો કે તે તેની પુત્રીના શિક્ષણ માટે લોન મેળવવાનો પ્રયાસ કરી રહ્યો હતો ત્યારે તેને ફેસબૂક પર બે કલાકમાં ઉપલબ્ધ લોન વિશેની પોસ્ટ મળી હતી. ફરિયાદીએ ૮ નવેમ્બરે ફાઇનાન્સ કંપનીમાં લોન માટે ઑનલાઇન અરજી કરી હતી અને થોડી જ મિનિટોમાં તેને ફોન આવ્યો હતો. ફોન કરનારી વ્યક્તિએ તેને લોનની ઓફર કરી હતી અને તેને વીમા ચાર્જીસ, જીએસટી, એનઓસી ચાર્જીસ, આરબીઆઇ ચાર્જીસ તેમ જ બે હપ્તા એડવાન્સ ચૂકવવાનું કહ્યું હતું. ફરિયાદીએ રૂ. ૯૦ હજાર ચૂકવ્યા હતા, પણ તેને લોન મળી નહોતી. ઉપરાંત તેને વધુ પૈસા ભરવા માટે કહેવામાં આવતાં તેણે પોલીસનો સંપર્ક સાધ્યો હતો.

## વાપી વિશેષ




























LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# બૅન્ક સાથે ₹ ૧૪૯.૮૯ કરોડની છેતરપિંડીઃ એસોસિયેટ હાઈ પ્રેશર ટૅક્નોલૉજીના ચૅરમૅનની ઈડી દ્વારા ધરપકડ

મુંબઈઃ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટએ એસોસિએટ હાઈ પ્રેશર ટૅક્નોલૉજીસ પ્રાઈવેટ લિમિટેડના ચૅરમૅનની ૧૦ નવેમ્બરે પુણેમાં તેમના નિવાસસ્થાનેથી કથિત રીતે છેતરપિંડી કરવા અને બૅન્કને ₹ ૧૪૯.૮૯ કરોડનું નુકસાન પહોંચાડવા બદલ ધરપકડ કરી છે. આરોપી મનોહરલાલ સતરામદાસ અગીચા ઘણા મહિનાઓથી ફરાર હતો અને સતત તેનું લોકેશન અને મોબાઈલ નંબર બદલી રહ્યો હતો અને અનેક સમન્સ છતાં એજન્સી સમક્ષ હાજર થયો ન હતો.

એજન્સીએ અગાઉ મુંબઈ, અમદાવાદ, કંડલા અને પુણેમાં નવ સ્થળોએ સર્ચ હાથ ધર્યું હતું અને આ જ કેસમાં આ વર્ષે ઑગસ્ટમાં એસોસિએટ હાઈ પ્રેશર ટૅક્નોલૉજીસ પ્રાઈવેટ લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર રામચંદ કોટુમલ ઈસરાનીની ધરપકડ કરી હતી. ઈસરાની જ્યુડિશિયલ કસ્ટડીમાં છે. જ્યારે અગીચાને શનિવારે સ્પેશિયલ પીએમએલએ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો અને વધુ તપાસ માટે ત્રણ દિવસની ઈડી કસ્ટડીમાં રિમાન્ડ પર મોકલ્યો હતો.

ઈડીએ એસોસિયેટ હાઇ-પ્રેશર ટૅક્નોલૉજી અને તેના ડિરેક્ટર્સ અને શેરધારકો વિરુદ્ધ ભારતીય દંડ સંહિતા અને ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમની વિવિધ કલમો હેઠળ સેન્ટ્રલ બ્યુરો ઑફ ઇન્વેસ્ટિગેશન દ્વારા નોંધાયેલી એફઆઈઆરના આધારે તપાસ શરૂ કરી હતી. ઈડીની તપાસમાં બહાર આવ્યું છે કે લોનની રકમ કાલ્પનિક ઇનલેન્ડ લેટર્સ ઓફ ક્રેડિટ, બોગસ અસુરક્ષિત લોન અને અન્ય પદ્ધતિઓ દ્વારા સંબંધિત સંસ્થાઓને કમિશન દ્વારા ગેરકાયદેસર રીતે વાળવામાં આવી હતી.

# સેન્ટ જ્યોર્જ હૉસ્પિટલે કોવિડ પછી બાળરોગની સેવાઓ ફરી શરૂ કરી

મુંબઈઃ રાજ્ય સંચાલિત તબીબી સંસ્થા સેન્ટ જ્યોર્જ હૉસ્પિટલે, કોવિડ-૧૯ રોગચાળા દરમિયાન વિરામ બાદ બાળરોગની તબીબી સેવાઓ પુનઃસ્થાપિત કરી છે. ફોર્ટમાં આવેલી ૪૬૦ પથારીની હૉસ્પિટલ, રોગચાળાના શિખર દરમિયાન કોવિડ-૧૯ સુવિધા તરીકે હસ્તગત કરવામાં આવી હતી અને મે ૨૦૨૨માં બિન-કોવિડ તબીબી સેવાઓ ફરી શરૂ કરવામાં આવી હતી. સ્ટાફની અછતને કારણે, જોકે, બાળરોગની સેવાઓ, બહારના દર્દીઓ અને ઇનપેશન્ટ બંને પ્રવેશ સ્થગિત રહ્યા.

રોગચાળા પહેલા હૉસ્પિટલનો બાળરોગ વિભાગ બહારના દર્દીઓ વિભાગ (ઓપીડી)માં દરરોજ ૫૦-૧૦૦ દર્દીને સેવા આપતો હતો.

તબીબી અધિક્ષક ડૉ. વિનાયક સાવરડેકરે જાહેર કર્યું કે હૉસ્પિટલે બાળ દર્દીઓ માટે ૨૦ બેડની ઇનપેશન્ટ સુવિધા શરૂ કરી છે, જેમાં આગામી દિવસોમાં બેડની સંખ્યા વધારીને ૪૦ કરવાની યોજના છે. વોર્ડમાં હાલ પાંચ દર્દી સારવાર હેઠળ છે. બાળરોગ વિભાગના વડા ડૉ. વિનીત વર્ટે છે, જેને પાંચ ડોક્ટર અને ચાર નર્સ દ્વારા ટેકો મળે છે. એક વરિષ્ઠ અધિકારીએ મહામારી પછી સુપર-સ્પેશિયાલિટી સેવાઓ ફરી શરૂ કરવામાં પડકારોનો સ્વીકાર કર્યો, નોંધ્યું કે બાળરોગ વિભાગ, પ્લાસ્ટિક સર્જરી જેવા અન્ય લોકો સાથે, પુનઃપ્રારંભ કરવામાં સમય લાગ્યો. બાળરોગની સુવિધા શરૂ કરવા માટે ડૉ. વર્ટેની અકોલાથી બદલી કરવામાં આવી હતી. ડૉ. સાવરડેકરે પ્રકાશ પાડ્યો કે જ્યારે બહારના દર્દીઓની સેવાઓ આ અઠવાડિયે ફરી શરૂ થઈ છે, ત્યારે બાળ-મૈત્રીપૂર્ણ વાતાવરણ માટે બાળરોગના વોર્ડને સૌંદર્યલક્ષી રીતે નવીનીકરણ કરવાની યોજના છે. નવીનીકરણ કરાયેલ જગ્યામાં બાળ દર્દીઓ માટે આકર્ષણ માટે રમકડાંનો સમાવેશ થશે.

તબીબી સેવાઓના વ્યાપક વિસ્તરણમાં, રાજ્યના તબીબી શિક્ષણ વિભાગનો હેતુ હૉસ્પિટલમાં લિવર ટ્રાન્સપ્લાન્ટ કાર્યક્રમ શરૂ કરવાનો છે, જેને ખાનગી હૉસ્પિટલના લિવર સર્જનોની ટીમ દ્વારા સુવિધા આપવામાં આવે છે. વિવિધ તબીબી સેવાઓનો ધીમે ધીમે પુનઃપ્રારંભ થવા પર સંતોષ વ્યક્ત કરતા અન્ય અધિકારીએ અસંખ્ય દર્દીઓને આકર્ષિત કરીને સીએસટીએમ સ્ટેશનની હૉસ્પિટલની નિકટતા પર ભાર મૂક્યો. હૉસ્પિટલ પ્લાસ્ટિક સર્જરી, ડાયાલિસિસ યુનિટ અને ગાયનેકોલોજી સેવાઓ જેવી સેવાઓ પુનઃસ્થાપિત કરવા માટે પણ આશાવાદી છે.

# મુંબઈમાં દિવાળીમાં ૧૧૭ ડેસિબલનું મહત્તમ અવાજનું સ્તર નોંધાયું જે ગયા વર્ષ કરતાં વધુ છે

મુંબઈઃ અવાઝ પ્રદૂષણ જાગૃતિમાં વિશેષતા ધરાવતી એનજીઓ ફાઉન્ડેશને સોમવારે જણાવ્યું હતું કે મુંબઈના કેટલાક ભાગોમાં દિવાળીની ઉજવણી દરમિયાન ઘોંઘાટનું સ્તર ગયા વર્ષ કરતાં વધી ગયું હતું, અને અદાલતો દ્વારા નિર્ધારિત ૧૦ વાગ્યાની સમયમર્યાદા પછી પણ ફટાકડા ફોડવામાં આવ્યા હતા .

રવિવારે દેશભરમાં ફટાકડા ફોડીને પરંપરાગત ધામધૂમ અને ઉત્સાહ સાથે દિવાળીની ઉજવણી કરવામાં આવી હતી.

આવાઝ ફાઉન્ડેશને જણાવ્યું હતું કે આ વર્ષે ઉજવણી દરમિયાન મુંબઈમાં સૌથી વધુ અવાજનું સ્તર ૧૧૭ ડેસિબલ્સ નોંધાયું હતું, જે ગયા વર્ષે ૧૦૯.૧ ડેસિબલ હતું .એનજીઓના સ્થાપક સુમૈરા અબ્દુઅલીએ એક પ્રકાશનમાં જણાવ્યું હતું કે દક્ષિણ મુંબઈમાં મરીન ડ્રાઈવ ખાતે રાત્રે ૯.૫૫ વાગ્યે ડેસિબલનું સ્તર ૮૨ અને ૧૧૭ ની વચ્ચે પહોંચ્યું હતું .

પોલીસે રાત્રે ૧૦ વાગ્યા પછી જ ફટાકડા ફોડવાનું બંધ કરાવવાનું શરુ કર્યું હતું અને આ સંબંધમાં નિર્દેશોનું પાલન ન કરવા બદલ કેટલાક લોકોની અટકાયત પણ કરી હતી. શુક્રવારે, બોમ્બે હાઈકોર્ટે નિર્દેશ આપ્યો હતો કે મહાનગર અને અન્ય કેટલાક મોટા શહેરોમાં બગડતી હવાની ગુણવત્તાને ધ્યાનમાં રાખીને રાજ્યમાં ફટાકડા માત્ર રાત્રે ૮ થી ૧૦ વાગ્યાની વચ્ચે જ ફોડી શકાશે.

આવાઝ ફાઉન્ડેશનના પ્રકાશનમાં ઉમેરવામાં આવ્યું છે કે મરીન ડ્રાઇવ પર રાત્રે ૯ વાગ્યા પછી ફટાકડામાં વધારો થયો હતો. લગભગ ૭.૪૫ વાગ્યાથી છૂટાછવાયા ફટાકડા સિવાય, શિવાજી પાર્ક (દાદરમાં) થી મરીન ડ્રાઇવ સુધીના રસ્તા પર થોડા ફટાકડા ફૂટ્યા હતા. શિવાજી પાર્કમાં ૭.૪૫ વાગ્યે ૯૯ ડેસિબલ અને રાત્રે ૧૧.૪૫ વાગ્યે ૯૫ ડેસિબલ અવાજનું સ્તર નોંધાયું હતું. ૨૦૨૧માં દિવાળી દરમિયાન, શિવાજી પાર્કમાં સૌથી વધુ અવાજનું સ્તર ૧૦૦.૪ ડેસિબલ નોંધાયું હતું.

આ વર્ષે, ૨૦૨૦ પછીના સમયગાળાની સરખામણીએ એકંદરે ઓછા એરિયલ ફટાકડા ફોડવામાં આવ્યા હતા, પરંતુ મોટા અવાજે સીરીયલ ફટાકડા ફોડવાથી ડેસિબલનું સ્તર અનેક ઘણું વધ્યું હતું, એનજીઓએ જણાવ્યું હતું. જોકે સુપ્રીમ કોર્ટના આદેશો મુજબ ઝેરી રસાયણો ધરાવતા ફટાકડાને મંજૂરી નથી.

# રાજકીય નેતાઓના દબાણને કારણે મરાઠા કાર્યકર્તા પર ખોટા ગુના દાખલ કરાયાઃ મનોજ જરાંગે

મુંબઈઃ મરાઠા અનામતને મુદ્દે રાજ્યના રાજકારણમાં તંગદિલી જોવા મળી રહી છે ત્યારે બીજી તરફ મનોજ જરાંગેએ હવે કુણબી અનામત કે પછી ઈડબ્લ્યુએસ (આર્થિક રીતે પછાત વર્ગ)ના આરક્ષણને બદલે સ્વતંત્ર મરાઠા આરક્ષણ આપવાની માગણી કરવામાં આવી રહી છે. આ બધાની વચ્ચે સોમવારે મનોજ જરાંગેએ એવો આરોપ લગાવ્યો હતો કે રાજ્યના ઓબીસી નેતાઓ દ્વારા દબાણ લાવીને મરાઠા સમાજના લોકો વિરુદ્ધ ગુના દાખલ કરવામાં આવ્યા છે. મનોજ જરાંગેએ કહ્યું હતું કે અમે વાતાવરણ બગાડ્યું નથી. અમે શાંતીથી આંદોલન કરી રહ્યા છીએ. વાતાવરણ બગાડવા સાથે અમારે સંબંધ નથી. અમે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ બગાડી નથી. અમે શાંતીની અપીલ કરી રહ્યા છીએ. બીજી તરફ સામાન્ય ઓબીસી કશું કહી રહ્યા નથી, પરંતુ ઓબીસી નેતાઓ જ એવા નિવેદનો કરી રહ્યા છે કે હિંસા કરીશું, આત્મહત્યા કરવામાં આવી, મળવા ગયા નહીં જેવા નિવેદનો કરી રહ્યા છે. તેઓ જ એવા નિવેદનો કરી રહ્યા છે કે આ લોકોએ આગજની કરી અને મળવા ગયા.

ઓબીસી નેતાઓ જ મરાઠાઓનો વિરોધ કરી રહ્યા છે. પ્રધાન બનેલો માણસ બધાનો હોય છે, તે મરાઠા વિરુદ્ધ બોલી રહ્યો છે. વિપક્ષી નેતા બંધારણીય પદ પર બેસેલો વ્યક્તિ છે. તે પણ મરાઠા વિરુદ્ધ નિવેદનો કરી રહ્યો છે. કોણ વાતાવરણ બગાડે છે તે બધાને ખબર છે. રાજ્ય સરકારે જ આખા મહારાષ્ટ્રમાં દબાણ લાવીને અમારા (મરાઠા) વિરુદ્ધ ખોટા ગુના નોંધવાની ફરજ પાડી છે અને તેમાં ઓબીસી નેતાનો મોટો હાથ છે, એમ મનોજ જરાંગેએ કહ્યું હતું.

## હિન્દુ મરણ

કચ્છ ગામ વિંઝાણ, હાલે મુલુંડ સ્વ. જયરામભાઈ પુરુષોત્તમ પલણના ધર્મપત્ની ગં. સ્વ. ભાનુમતી (ઉં.વ. ૮૯) તા. ૧૦-૧૧-૨૩, શુક્રવારે રામશરણ પામેલ છે. તે યોગેશના માતુશ્રી. સ્વ. જમનાદાસ તથા સ્વ. પરમાનંદ પુરુષોત્તમ મજેઠીયા ગામ ફરાદીના બહેન. વિમળા (બીના)ના સાસુ. રાજ, રુચિ અંકિત ઠક્કરના દાદી. અર્ચનાના દાદી સાસુ. મહેશ, જનક, મનિલા જનકભાઈ મહેતા, નિલમ ઉમેશભાઈ ચંદેના ફઈ. પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકિક વ્યવહાર સદંતર બંધ છે.

**કપોળ**

સિહોરવાળા હાલ કાંદિવલી (ઈસ્ટ) ગં.સ્વ ગુલાબબેન નટવરલાલ વનરાવનદાસ ભુતાના પુત્ર જીતેન્દ્રભાઈ (ઉં.વ. ૭૩) તારીખ ૧૨.૧૧.૨૩ ને રવિવારે શ્રીજી ચરણ પામ્યા છે, તે કિશોરભાઈ, સ્વ દીપકભાઈ, શરદભાઈ, સ્વ મયુરભાઈ, ભારતીબેન હરેશકુમાર ભુતાના ભાઈ, તે જ્યોતિબેન ભુતાના જેઠ, તે મહુવાવાળા કનૈયાલાલ નંદલાલ પારેખના ભાણેજ, તે નિરાલીના મોટા બાપુજી. સર્વ લૌકિક વ્યવહાર બંધ છે.

**નવગામ ભાટીયા**

ગોંડલ નિવાસી હાલ મુંબઈ,બીપીનચંદ્ર (ઉં.વ.૬૬), સ્વ.ચંપાબેન ધીરજલાલ સંપટના સુપુત્ર, વર્ષાબેનના પતિ. ગં.સ્વ ઇન્દુબેન ધીરજલાલ વેદના જમાઈ, જીગરના પિતાશ્રી, તે વિજયસિંહ ધીરજલાલ સંપટના લઘુબંધુ. તા. ૧૧/ ૧૧/૨૩ ના શનિવારના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થના સભા તા.૧૬/૧૧/૨૩, ગુરુવાર, સ્થળ, મુંબઈ હાલાઈ ભાટિયા મહાજન, કાલબાદેવી રોડ, મુંબઈ ૨. સમય સાંજના ૫ થી ૭. લૌકિક પ્રથા નથી.

**શ્રી કચ્છી લોહાણા**

અ. સૌ. દક્ષાબેન ( ઉં. વ. ૬૬ ) તે નરેન્દ્રભાઇ લવજીભાઈ ગંગારામ કોઠારી, કચ્છ ગામ સુમરી રોહા હાલે નવી મુંબઈ (વાશી)ના ધર્મપત્ની, તે સ્વ. રામજી વિશ્રામ ઠક્કર કચ્છ ગામ વાકીપત્રીના સુપુત્રી,સ્નેહા વિક્રમ કોટકના માતુશ્રી,પુર્વાન તથા અક્ષરા ના નાનીમા, સ્વ. પ્રવિણ, સ્વ. કિરિટ, જ્યોતિ, સ્વ. ભારતી, વર્ષા, નિતાના બહેન, રવિવાર તા. ૧૨-૧૧-૨૩ ના રામશરણ પામેલ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકિક વ્યવહાર સદંતર બંધ રાખેલ છે.

**નવગામ ભાટિયા**

વેલા કુરજીવાલા હાલ નાલાસોપારા, અ.સૌ. છાયા, (ઉં.વ.૬૩) તે અશ્વીનકુમાર આશરના ધર્મપત્ની, સ્વ.દમયંતીબેન દ્વારકાદાસ આશરના પુત્રવધૂ. અ.સૌ. પ્રિતી, હેતલ, અમી, કિશનના માતુશ્રી, વિશ્વા, ખુશવલ, મહેકના નાની, સ્વ.દિલીપ, ગં.સ્વ. દિપા દિલીપભાઈ વેદ, સ્વ. ગીતા, અ.સૌ. જ્યોતિબેન મનોજ વેદના ભાભી, સ્વ. લીલીબેન છોટાલાલ ઉદ્દેશીના દિકરી. તા. ૮-૧૧-૨૦૨૩ના રોજ શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**શ્રીગૌડ બ્રાહ્મણ**

બાયડ નિવાસી, હાલ મલાડ ગં. સ્વ. ઈંદિરાબેન કુલીનચંદ્ર પાઠકના પુત્ર સ્વ. પ્રજેશ કુલીનચંદ્ર પાઠક (ઉં.વ. ૫૯) તા. ૧૨-૧૧-૨૩, રવિવારે દેવલોક પામ્યા છે. તે વિભાબહેનના પતિ. યશેષના પિતા. નિશિતાના સસરા. તિતિક્ષા અતુલકુમાર ચોકસીના ભાઈ. લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

દેલવાડાવાળા સ્વ. લક્ષ્મીદાસ નાગરદાસ ગોરડીયાના ધર્મપત્ની નલીનીબેન (નીલુબેન) (ઉં.વ. ૯૦) તા. ૧૧-૧૧-૨૩, શનિવારે શ્રીજીચરણ પામેલ છે. રાજુલાવાળા સ્વ. વિઠ્ઠલદાસ વનમાળીદાસ ભુતાના પુત્રી. મિતુલના માતુશ્રી. ઉર્વલ, વત્સલના દાદી. સર્વે લૌકિક પ્રથા બંધ છે.

**કપોળ**

ડોળીયાવાળા, હાલ ગોરેગાંવ સ્વ. વિનોદભાઈ વેણીલાલભાઈ ગાંધીના પત્ની ગં. સ્વ. મધુબેન (ઉં.વ. ૭૭) તે સ્વ. શાંતાબેન વેણીલાલ ગાંધીના પુત્રવધૂ. વિજય, અ. સૌ. માલાના માતુશ્રી. અ. સૌ. જયશ્રી, વિવેક કાંટાવાલાના સાસુ. સ્વ. રસિકભાઈ, સ્વ. કનૈયાલાલભાઈ, મહેન્દ્રભાઈ, ભુપેન્દ્રભાઈ, સ્વ. શશીબેન, રંજનબેનના ભાભી. જાલનાવાળા સ્વ. શાંતાબેન દોલતરાઈ કાનજી મહેતાની પુત્રી તા. ૧૩-૧૧-૨૩, સોમવારના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર પ્રથા બંધ છે.

**વાલ્મીક કાયસ્થ**

પ્રિતેશ શિરીષ વકીલ (ઉ. વ. ૬૯) તે પારુલના પતિ. નીલના પિતા. સુમંગલના સસરા. અમિતા અને આશુતોષના ભાઇ. રશ્મિકાન્ત ચોકસીના સાળા. અલકાના જેઠ તા. ૧૧-૧૧-૨૩ના અવસાન થયેલ છે. ઠે. ૨૦૧,ગુલાબ પુષ્પ, માલવિયા રોડ, વિલેપાર્લે (ઇસ્ટ).

## પારસી મરણ

વીલુ ફલી ગોટલા તે ફલી પાલનજી ગોટલાના ધનીયાની. તે મરહુમો દોસામાય તથા જમશેદજી ભરૂચાના દીકરી. તે ઝકસીસ તથા દેઝી ગોટલાના માતાજી. તે દીમપલ ગોટલા તથા અલવીનના સાસુજી. તે રોહીન્ટન ભરૂચા તથા મરહુમો શાપુર અને નોશીર ભરૂચા તથા કેટી દારૂવાલાના બહેન. તે તાહરાન અને ફરહાન ગોટલાના બપઈજી. (ઉં.વ. ૮૧). રહેવાનું ઠેકાણુંઃ ૪૪-ફ, ધન બિલ્ડીંગ, બાટલીવાલા વીલા, સ્લેટર રોડ, ગ્રાન્ટ રોડ (વે.), મુંબઈ-૪૦૦૦૦૭. ઉઠમણાંની ક્રિયા તા. ૧૫-૧૧-૨૩એ બપોરના ૦૩.૪૫ વાગે મીઠાઈવાલા અગિયારીમાં છેજી. (ગ્રાંટ રોડ - મુંબઈ).

## જૈન મરણ

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

નાના ભાડીયાના અ.સૌ. વાસંતી વિનોદ ગોગરી (ઉં.વ. ૭૩) તા. ૧૨-૧૧-૨૩ના અરિહંતશરણ પામ્યા છે. લીલબાઈ શીવજી લખમશીના પુત્રવધૂ. વિનોદ શીવજીના ધર્મપત્ની. શૈલેશ, વિરેશ (બોબી)ના માતુશ્રી. કાંડાગરાના સોનબાઈ લખમશી રવજી બોરીચાના સુપુત્રી. મનીષ, નિતીન, જયાબેન, પ્રતાપરના લિલાવંતી પ્રેમજી મેઘજી, કોડાયના નિર્મળા હરખચંદ જેઠાલાલ, બેરાજાના નિરૂપા મોરારજી ભાણજી, નાના ભાડીયાના રેખા પ્રવિણ જખુભાઈના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. વિરેશ ગોગરી : બી-૫૦૨, પારસ એપા., રોકડીયા લેન, બોરીવલી (વે.).

નવાવાસ હાલે લોનાવલાના જગદીશ શાંતીલાલ છેડા (ઉં.વ. ૬૯) ૧૨-૧૧ના અવસાન પામેલ છે. મણીબેન શાંતીલાલ હંસરાજના પુત્ર. ચંદ્રીકાના પતિ. જસ્મીન, ભાવિની, જ્યોતિ, પારસના પિતા. સુરેશ, રોહીત, કલ્પના, તુષારના ભાઇ. શેરડી મણીબેન દામજી ગણશી દેઢીયાના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. જગદીશ છેડા, ૧૭/ ૧, નડીથ વોર્ડ, ગાવઠન, લોનાવલા-૪૧૦૪૦૧.

**ઝા. દશા શ્રીમાળી સ્થા. જૈન**

ચુડા નિવાસી, હાલ મલાડ, સ્વ. સવિતાબેન મણીલાલ શાહના સુપુત્ર, પ્રફુલભાઈ (ઉં. વ.૭૧) તે છાયાબેનના પતિ, કુમુદ રમેશભાઈ વોરાના ભાઈ, ડો. સેજલ ગોસલિયા તથા ચી. વિરલના પિતાશ્રી. મલાડ નિવાસી શેઠ શ્રી સ્વ. રમણીકલાલ મનસુખલાલ શાહ ના જમાઈ તા. ૧૨/૧૧/ ૨૩ ના રોજ સ્વર્ગવાસ થયેલ છે. હાલના સંજોગ અનુસાર પ્રાર્થના તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**પાટણ જૈન**

સેવંતીલાલ ચીમનલાલ શાહ (ઉં.વ. ૯૬) કનાસાનો પાડો હાલ મુંબઈ સોમવાર, તા. ૧૩-૧૧-૨૩ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. પદ્માબેનના પતિ. ફિરોઝ, વર્ષા, હિનાના પિતાશ્રી. ક્રેનીલ, દર્શીનીના દાદા. પરાગભાઈ, પરેશભાઈ, સ્વ. ફાલ્ગુનીબહેનના સસરા. અમિષી, કવિશા, વિશાલ, માલવના નાના. સ્વ. જયંતીભાઈ, સ્વ. ભગવાનદાસભાઈ, સ્વ. વસંતબેન ચંપકલાલ ઝવેરીના ભાઈ. નેમચંદભાઈ મણીલાલ પુનાવાલાના જમાઈ. લૌકિક વ્યવહાર બંધ છે.

**વાગડ વિ. ઓ. જૈન**

ગામ ભરૂડિયાના સ્વ. મુરઈબેન વેલજી સુરજી ડાઘા (ઉં.વ. ૮૫) મુંબઈ મધ્યે અવસાન પામેલ છે. સ્વ. ભચીબેન સુરજીના પુત્રવધૂ. સ્વ. વેલજી સુરજીના ધર્મપત્ની. શાંતિલાલ, નાનજી, કાનજી, જીતુ, અમૃત, કસ્તુરના માતુશ્રી. નિર્મળા, કલ્પના, સ્વ. સરલા, કરશન, દામજી, વિનોદના સાસુ. રાજેશ, આશીષ, ઈષા, ફોરમ, લેહા, સરીતા, દીપાના દાદી. મનફરાના તેજીબેન ભારમલ ખેતશી રાંભિયાના દિકરી. પ્રાર્થનાસભા રાખેલ નથી. ઠે. ત્રિદેવ એપાર્ટમેન્ટ, બી-૪૦૧, ભક્તિમાર્ગ, મુલુન્ડ વેસ્ટ.

## છેલ્લા પાનાનું ચાલુ

### પાલિકાની બજારોનો

ધરાવતા બજારને કારણે, પુનર્વિકાસ યોજના સ્થગિત કરવામાં આવી હતી.

રસાલે કહ્યું હતું કે સિટીલાઇટ માર્કેટની પરંપરાગત ડિઝાઇન, તેની મેંગલોર-ટાઇલ્ડ છત જેવી, અન્ય બજારો માટેનો નમૂનો હશે. વિક્રેતાઓ માટે બેઠક વ્યવસ્થા સુવ્યવસ્થિત રહેશે. જૂના બજારોમાં, શાકભાજી, માંસ અને માછલીના વિક્રેતાઓ સાથે, કોસ્મેટિક્સ, ટૉયલેટરીઝ અને એસેસરીઝ જેવી 'બિન-માર્કેટેબલ વસ્તુઓ' તરીકે ઓળખાતા વિક્રેતાઓ પણ છે. પુનઃડિઝાઇનમાં, અમારી પાસે મસાલા, શાકભાજી, કરિયાણા, એસેસરીઝ માટે વિભાગ મુજબ સીમાંકન હશે અને માંસ અને માછલી માટે એક અલગ વિભાગ હશે. માછલી, મટન અને ચિકન વિક્રેતાઓને બંધ એસી સેક્શનમાં મૂકવામાં આવશે અને માછીમાર મહિલાઓ જ્યારે માછલીને સાફ કરશે ત્યારે જે પાણી જમીન પર ટપકશે તે હવે સીધું ગટરમાં જશે. કોળી મહિલાઓ માટે શૌચાલય બાંધવામાં આવશે અને બીએમસી તેમની દુકાનો પર વિક્રેતાઓ માટે તેમના નામ દર્શાવતા બોર્ડ લગાવશે. અમે વિક્રેતાઓને ક્રોફર્ડ માર્કેટની જેમ એક સમાન સપ્રમાણ રેખામાં ગોઠવીશું, રસાલે ઉમેર્યું.

### સોમવારે

મહિલાઓને અસુવિધા થાય નહીં તે માટે તેમની માટે અલગ ટિકિટ વિન્ડોની વ્યવસ્થા કરી હતી. એ ઉપરાંત અમે ભીડને નિયંત્રિત રાખવા માટે વધારાના સિક્યોરિટી ગાર્ડને તહેનાત કરવામાં આવ્યા હતા. દિવાળીના દિવસોમાં એટલે કે ૧૦થી ૧૩ નવેમ્બર વચ્ચે પ્રાણી સંગ્રહાલયની ૫૯,૯૨૫ લોકોએ મુલાકાત લીધી હતી. તો અત્યાર સુધી એક દિવસમાં સૌથી વધુ મુલાકાતીઓ પહેલી જાન્યુઆરી, ૨૦૨૩ના રોજ નોંધાયા હતા અને એક દિવસમાં ૨૩.૨૬ લાખ રૂપિયાની આવક થઈ હતી. સામાન્ય રીતે દર બુધવારે પ્રાણી સંગ્રહાલયને સફાઈ અને જાળવણીના કામ માટે બંધ રાખવામાં આવે છે. પરંતુ આ વખતે બુધવારે ભાઈબીજ છે અને રજા હોવાથી મોટી સંખ્યામાં લોકો મુલાકાત લઈ શકે તે માટે ૧૫ નવેમ્બર, બુધવારના ખુલ્લુ રાખવામાં આવવાનું છે.

### હાઈ કોર્ટે

પાંડેએ તેને અને તેના કેટલાક મિત્રોને ઝૂંપડપટ્ટી પુનર્વસન પ્રોજેક્ટ્સમાં રોકાણ કરવા માટે લાલચ આપી હતી. આઈએએસ અધિકારીએ દાવો કર્યો હતો કે તેઓ તેમના રોકાણને બમણું કરવામાં મદદ કરવા માટે સરકારમાં તેમની ઓળખાણોનો ઉપયોગ કરશે. પોલીસે જણાવ્યું કે તેણે ભાંડુપ અને કાંજુરમાર્ગમાં જમીનના કેટલાક નકલી દસ્તાવેજો બતાવ્યા અને દાડીચ પાસેથી રૂ. ૧.૫૦ કરોડ અને તેના મિત્રો પાસેથી રૂ. ૪.૨૭ કરોડ મેળવ્યા. સહાયે દધીચને કહ્યું કે તેની પાસે કાંજુરમાર્ગ-ભાંડુપ વિસ્તારમાં જમીન છે અને તે જમીનના માલિકીના દસ્તાવેજો, મૂલ્યાંકન પ્રમાણપત્ર અને બાંયધરી બતાવીને તેમનો વિશ્વાસ જીત્યો અને દધીચને તેના પ્રોજેક્ટ્સમાં નાણાંનું રોકાણ કરાવ્યું. જો કે, રોકાણકારોને ન તો કોઈ વળતર મળ્યું કે ન તો તેમની મૂળ રકમ પાછી મળી. તેના બદલે, જ્યારે તેઓએ તેમના પૈસા પાછા માંગ્યા, ત્યારે સહાયે કથિત રીતે ધમકીઓ આપી.

### મુંબઈગરાઓ

અને મુંબઈ મહાનગરપાલિકાએ સંયુક્ત રીતે મુંબઈમાં ૨૦૨૧માં કરેલા સ્ટેપ્સ સર્વેક્ષણ મુજબ ૧૮થી ૬૯ વર્ષની ઉંમરના લગભગ ૧૮ ટકા વ્યક્તિઓમાં ભૂખ્યાપેટે લોહીમાં સાકરનું પ્રમાણ ૧૨૬ મિલીગ્રામ કરતા વધુ જણાયું છે. પ્રી-ડાયાબિટીઝની ટકાવારી ૧૫.૬ ટકા છે. જો આવી વ્યક્તિ પ્રતિબંધાત્મક ઉપાય નહીં કરે તો આવી વ્યક્તિને ભવિષ્યમાં આગળ જઈને ડાયાબિટીઝ થઈ શકે છે. ૮.૩ ટકા વ્યક્તિમાં હાઈ બ્લડપ્રેશર અને ડાયાબિટીઝ આ બંને બીમારી મળી આવી છે. સ્થૂળતા અને બેસીના કામ કરનારી વ્યક્તિમાં ટાઈપ-ટુ ડાયાબિટીઝનું જોખમ વધુ હોય છે અને સામાન્ય રીતે ૩૫ વર્ષ કરતા અથવા તેનાથી વધુ વ્યક્તિને પ્રભાવિત કરે છે.

પાલિકાના આરોગ્ય ખાતાએ મુંબઈગરાને ડાયાબિટીઝ અને હાઈ બ્લડ પ્રેશરની ટેસ્ટ કરાવી લેવા માટે મુંબઈ મહાનગરપાલિકાના 'આપલા દવાખાના'નો સંપર્ક સાધવાની અપીલ કરી છે. તેમ જ નાગરિકોને જીવનશૈલી સુધારવાની અપીલ પણ કરી છે.

### ઉદ્ધવ ઠાકરેએ

જ્યારે ૩૧ માર્ચ ૨૦૨૩ના રોજ તેમાં ફક્ત રૂ. ૪૪૫.૨૨ કરોડ રૂપિયા હતા. મુખ્ય પ્રધાનપદે હતા ત્યારે દેવેન્દ્ર ફડણવીસ અને ઉદ્ધવ ઠાકરે અને અત્યારના મુખ્ય પ્રધાન એકનાથ શિંદેની સરખામણી કરવામાં આવે તો શિંદે સૌથી પાછળ છે. દેવેન્દ્ર ફડણવીસે મુખ્ય પ્રધાન પદે હતા ત્યારે ભંડોળમાં રૂ. ૬૧૪ કરોડનો વધારો કરી આપ્યો હતો, જ્યારે અઢી વર્ષમાં ઉદ્ધવ ઠાકરેએ રૂ. ૭૯૩ કરોડ એકઠા કરી આપ્યા હતા. એકનાથ શિંદેએ આ ભંડોળમાં ફક્ત રૂ. ૬૫.૮૮ કરોડનો વધારો કરી આપ્યો છે. છેલ્લા ત્રણ મુખ્ય પ્રધાનોની સરખામણીમાં એકનાથ શિંદે ભંડોળમાં પૈસા લાવવામાં સૌથી નબળા સિદ્ધ થયા છે. આઠ વર્ષની સરખામણી કરવામાં આવે તો જરૂરિયાતમંદોને મદદ કરવામાં દેવેન્દ્ર ફડણવીસ અવ્વલ સિદ્ધ થયા છે. જ્યારે સૌથી ઓછી મદદ ઉદ્ધવ ઠાકરેના કાર્યકાળમાં કરવામાં આવી છે. ફડણવીસના કાર્યકાળમાં ૧,૦૭,૭૮૨ અરજી આવી હતી અને તેમાંથી ૬૩,૫૭૩ નાગરિકોને રૂ. ૫૯૮.૩૨ કરોડની મદદ કરવામાં આવી હતી. ઉદ્ધવ ઠાકરેના કાર્યકાળમાં મળેલી કુલ ૧૦,૭૧૨ અરજીમાંથી ૪,૨૪૭ નાગરિકોને રૂ. ૨૦.૨૮ કરોડની મદદ કરી હતી. એકનાથ શિંદેના કાર્યકાળમાં ૧૪,૫૬૬ અરજીમાંથી ૭,૪૧૯ નાગરિકોને રૂ. ૫૭ કરોડની મદદ કરવામાં આવી હતી.

### ઈન્ટરનેશનલ ડ્રગ

એનસીબીની ટીમે વિલેપાર્લેની એક હોટેલમાં સર્ચ હાથ ધરી ઝામ્બિયાના નાગરિક એલ. એ. ગિલમોરને પકડી પાડ્યો હતો. ડ્રગ કેરિયર તરીકે કામ કરનારો ગિલમોર ડ્રગના કન્સાઈન્મેન્ટ માટે ઝામ્બિયાના લુસાકાથી અદિસ અબાબા ગયો હતો. ફ્લાઈટમાં મુંબઈ પહોંચ્યા પછી તે વિલેપાર્લેની હોટેલમાં રોકાયો હતો.

ગિલમોરની ગતિવિધિ પર નજર રાખી રહેલી એનસીબીની ટીમે આખરે હોટેલની રૂમમાં સર્ચ હાથ ધરી હતી. રૂમમાંથી અધિકારીઓને બૅગ મળી આવી હતી. શંકાસ્પદ જણાયેલી બૅગને કાપવામાં આવતાં અંદર સંતાડેલું અંદાજે બે કિલો કોકેઈન મળી આવ્યું હતું. તપાસમાં અધિકારીઓને જાણવા મળ્યું હતું કે ગિરમોર હેન્ડલરના ઇશારે કામ કરતો હતો. કોકેઈનવાળી બૅગ દિલ્હીમાં પહોંચાડવાનું ગિરમોરને કહેવામાં આવ્યું હતું. દિલ્હી પહોંચેલી ટીમે ૧૧ નવેમ્બરે છટકું ગોઠવી તાન્ઝાનિયાની મહિલા એમ. આર. ઓગસ્ટિનોને તાબામાં લીધી હતી. પકડાયેલા બન્ને આરોપીની વધુ પૂછપરછ ચાલી રહી હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

### દિવાળીમાં

મહાનગરપાલિકાએ ૨૭ નિયમો સાથેની ગાઈડલાઈન બહાર પાડી છે, તો હાઈ કોર્ટે ફટાકડા ફોડવા માટેની મુદત પણ રાતના આઠથી દસ વાગ્યા સુધીની માત્ર બે કલાકની કરી નાંખી છે. જોકે બે કલાકમાં પણ દિવાળીના દિવસે રવિવારે મુંબઈગરાએ ધૂમ ફટાકડા ફોડ્યા હતા.

રવિવારે મોડી રાત સુધી મોટી માત્રામાં ફટાકડા ફૂટ્યા હતા, તેને કારણે સોમવારે બીજા દિવસે મુંબઈમાં પ્રદૂષણનું સ્તર વધી ગયું હતું. હવાની ગુણવત્તા પણ જોખમી સ્તરે વધી ગઈ હતી. સોમવારે દિવસ દરમિયાન મુંબઈનો સરેરાશ ઍર ક્વોલિટી ઈન્ડેક્સ ૨૪૫ જેટલો ઊંચો નોંધાયો હતો.

સિસ્ટમ ઓફ ઍર ક્વોલિટી ઍન્ડ વેધર ફોરકાસ્ટિંગ ઍન્ડ રિસર્ચ (સફર)ના જણાવ્યા મુજબ મુંબઈમાં સૌથી ઊંચો ઍર ક્વોલિટી ઈન્ડેક્સ મલાડમાં ૩૨૪ નોંધાયો હતો. તો બાંદ્રા-કુર્લા-કૉમ્પ્લેક્સમાં ૩૧૦, બોરીવલીમાં ૩૦૭, મઝગાંવમાં ૨૬૯, કોલાબામાં ૨૦૩, અંધેરીમાં ૧૭૮, ભાંડુપમાં ૧૫૩ નોંધાયો હતો. તો નવી મુંબઈમાં સરેરાશ ઍર ક્વોલિટી ઈન્ડેક્સ ૨૪૪ નોંધાયો હતો.

### હવે મધ્ય રેલવેની

કે પ્રવાસ સંબંધિત વસ્તુઓ, મોબાઈલ/લેપટોપ સંબંધિત ઉપકરણો, સ્ટેશનરી, ન્યૂઝ પેપર, પત્રિકાઓ, પુસ્તકો વગેરે વેચવાની ફેરિયાઓને છૂટ આપવામાં આવશે. એના સિવાય પેકેજ ફૂડ, સ્નેક્સ સહિત અન્ય વસ્તુઓને મંજૂરી આપવામાં આવશે.

હાલના તબક્કે મુંબઈ સબર્બનની ટ્રેનોમાં ફેરિયાઓને કોઈ વસ્તુઓને વેચવા માટે કોઈ મંજૂરી આપી નથી. જોકે, લાંબા અંતરની મેલ-એક્સપ્રેસ ટ્રેનોમાં ૫૦૦ વેન્ડરને લાઈન્સ આપવામાં આવ્યા છતાં અમુક ટ્રેનોનો તેમાં સમાવેશ નથી. લોકલ ટ્રેન માટે પંદરસો વેન્ડર્સને લાઈસન્સ આપવામાં આવશે, એમ મધ્ય રેલવેના અધિકારીએ જણાવ્યું હતું.

ઈ-ઓક્શનની પ્રક્રિયા ૨૮મી નવેમ્બરે હાથ ધરવામાં આવશે, જેમાં લોકલ અને એક્સપ્રેસ ટ્રેન માટે અલગ અલગ ઓક્શન કરવામાં આવશે.

### પાલિકાના ૫૮૦

૫૫,૦૦૦ સુધી તેઓ કાયમી કામદાર તરીકે હકદાર છે તેના કરતાં ઘણી ઓછી છે. રાનડેના જણાવ્યા મુજબ, લઘુત્તમ વેતન અધિનિયમ અનુસાર તેમના વર્તમાન પગાર અને કેન્દ્રીય પગાર પંચ મુજબ તેમના લાયક પગાર વચ્ચેનો આ તફાવત ₹. આઠ લાખથી નવ લાખ જેટલો છે. પાટેકરે કહ્યું મારી આખી યુવાની આવી રીતે પસાર થઈ ગઈ. દુઃખની વાત એ છે કે, પાટેકર સાથેના ૫૮૦ કામદારોમાંથી ૮૦ હવે મૃત્યુ પામ્યા છે. અગાઉ, મનુસ્મૃતિએ આપણને બહિષ્કૃત કર્યા અને સમાજની બહાર રાખ્યા; હવે બીએમસી અમારા અધિકારોને અમારાથી દૂર રાખવાનો પ્રયાસ કરી રહી છે. પરંતુ અમે લડતા રહીશું.પાટેકર હાઈ કોર્ટના આદેશ સામે હવે સુપ્રીમ કોર્ટનો સંપર્ક કરવાના બીએમસીના નિર્ણયનો ઉલ્લેખ કરી કહ્યું કે આદેશના બીજા દિવસે, બીએમસીએ તેના અમલીકરણ પર સ્ટે માટે હાઇ કોર્ટનો સંપર્ક કર્યો. કોર્ટે ના પાડી.

### વર્લ્ડ કપની

પાંચ ગણી કિંમતે ક્રિકેટપ્રેમીઓને વેચી રહ્યો છે. તે ટિકિટોના કાળાબજાર કરીને આયોજકોને છેતરી રહ્યો છે. માહિતી મળ્યા બાદ તપાસ માટે ઝોન-૧ના ડીસીપી પ્રવીણ મુંઢેના માર્ગદર્શન હેઠળ પોલીસની ટીમ તૈયાર કરવામાં આવી હતી. પોલીસની ટીમે મલાડ વિસ્તારમાં જઇને આકાશ કોઠારીને તેના ઘરેથી તાબામાં લીધો હતો. આકાશને પોલીસ સ્ટેશનમાં લવાયા બાદ તેની સામે ગુનો દાખલ કરાયો હતો, એમ અધિકારીએ જણાવ્યું હતું.

### અંધેરી-ચર્ચગેટ

ચર્ચગેટની વચ્ચે ટ્રેનની સર્વિસ વધારવાની યોજના હાથ ધરવામાં આવી છે, જ્યારે તેના અંગે સર્વે કરવામાં આવી રહ્યો છે. જો બધુ બરાબર રહ્યું તો સ્લો કોરિડોરમાં પંદર કોચની સર્વિસ વધારવામાં આવશે, જેથી પ્રવાસીઓને ટ્રેનોમાં ગીચતાનો સામનો કરવો પડશે નહીં, એમ અધિકારીએ જણાવ્યું હતું.

હાલના તબક્કે ૧૨ કોચની સર્વિસ તો દોડાવવામાં આવી રહી છે, પરંતુ પંદર કોચની સર્વિસ વધારવામાં આવે તો પેસેન્જર કેપેસિટીમાં પચીસ ટકાનો વધારો થશે. હાલમાં પંદર કોચની ૧૪ રેક છે, જ્યારે રોજ ચર્ચગેટથી વિરાર કોરિડોરમાં ૧૯૯ સર્વિસ દોડાવાય છે. નવેમ્બર મહિનાથી અંધેરી ચર્ચગેટમાં પંદર કોચની ટ્રેન દોડાવવાનો સર્વે હાથ ધરવામાં આવ્યો છે, જ્યારે સર્વેમાં ખાસ કરીને સ્ટેશનના પ્લેટફોર્મની લંબાઈની સાથે સિગ્નલમાં ફેરફાર કરવાની સાથે કેટલા સમયમાં કામકાજ પૂરું કરવામાં આવશે તેની જાણકારી પ્રાપ્ત કરવામાં આવી છે. સ્લો લાઈનમાં પંદર કોચની લોકલ ટ્રેન દોડાવવાનું કામકાજ પણ તબક્કાવાર હાથ ધરવામાં આવશે. આ કામકાજ માટે તબક્કાવાર કામગીરી કરવામાંઆવશે, જેમાં બાંદ્રાથી ચર્ચગેટ સુધીના સેક્શનમાં પીકઅવર્સમાં પ્રત્યેક સર્વિસમાં પંદરસો જેટલા પ્રવાસીઓને રાહત થઈ શકે છે. બાંદ્રા કુર્લા કોમ્પલેક્સ (બીકેસી) ખાતે ઘણી બધી સરકારી અને અર્ધ સરકારી કચેરીઓને શિફ્ટ કરવામાં આવી હતી, તેથી પ્રવાસીઓની અવરજવર વધી છે. બાંદ્રાથી ચર્ચગેટના કોરિડોરમાં પણ જો સ્લો લાઈનમાં પંદર કોચની ટ્રેનની સર્વિસને એક્સટેન્ડ કરવામાં આવશે તો પણ પ્રવાસીઓને ફાયદો થઈ શકે છે, એવું અધિકારીએ જણાવ્યું હતું.

આ મુદ્દે ટ્રાન્સપોર્ટ નિષ્ણાતે કહ્યું હતું કે મેટ્રોના વિવિધ કોરિડોરને ધ્યાનમાં રાખવા જોઈએ. મેટ્રો-થ્રી, મેટ્રો-ટૂબી અને મેટ્રો સેવન વગેરે કોરિડોરના ભવિષ્યને ધ્યાનમાં રાખીને તેને દક્ષિણ મુંબઈ સાથે કનેક્ટ કરવામાં આવશે, તેથી પંદર કોચની સર્વિસ વધારવામાં આવી તો ચોક્કસ પ્રવાસીઓને ફાયદો થઈ શકે છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

Vibrant GUJARAT 10-12 Jan 2024
Gateway to the Future | 10th Global Summit
સત્યમેવ જયતે ગુજરાત સરકાર
વનબંધુ કલ્યાણ યોજના

### સ્વાતંત્ર્ય સંગ્રામના જનનાયક

# બિરસા મુંડાજીની જન્મજયંતી ૧૫મી નવેમ્બરે ઉજવીએ જનજાતિ ગૌરવ દિવસ





## ગુજરાત સરકારની વિવિધ યોજનાઓ થકી આદિજાતિ બાંધવો બન્યાં સામાજિક ક્ષેત્રે અગ્રેસર

## આદિજાતિ વિસ્તારોના સર્વાંગી વિકાસ માટે "વનબંધુ કલ્યાણ યોજના" વર્ષ ૨૦૦૭માં શરૂ કરવામાં આવી ત્યારે ₹૧૫ હજાર કરોડની યોજના હતી જે આજે ₹૧ લાખ કરોડે પહોંચી

### દાહોદ બન્યું સ્માર્ટ સિટી
સ્માર્ટ સિટી યોજના અંતર્ગત દેશભરના ૧૦૦ સિટીની પસંદગીમાં ગુજરાતના ૬ શહેરોની પસંદગીમાં દાહોદનો સમાવેશઃ વૈશ્વિક કક્ષાની આંતરમાળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા ₹૮૭૦ કરોડથી વધુના આયોજન

### ડાંગમાં પાણીની સમસ્યાનું નિવારણ
આદિજાતિ ડાંગ જિલ્લાના ૨૭૯ ગામોમાં સરફેસ સોર્સથી પાણી આપવા ₹૮૬૬ કરોડની યોજના જાહેરઃ ૩.૭૧ લાખ આદિજાતિ જનસંખ્યાને રોજનું ૩૮ એમ.એલ.ડી. પાણી મળશે

### આદિજાતિના વિદ્યાર્થીઓને શૈક્ષણિક સહાય
પ્રિ-મેટ્રીક, પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના હેઠળ અંદાજે ૧૬ લાખ જેટલા આદિજાતિ વિદ્યાર્થીઓને ₹૮૦૦ કરોડના ખર્ચે શિષ્યવૃત્તિ અને શૈક્ષણિક લાભોની સહાય

### આદિજાતિ વિસ્તારના વિકાસ માટે પ્રયાસ
ગુજરાત પેટર્ન યોજના અને મુખ્યમંત્રી બોર્ડર વિલેજ યોજના અંતર્ગત સર્વાંગી વિકાસ હેઠળ આશરે વાર્ષિક ₹૫૦૦ કરોડના ખર્ચે વિવિધ વિકાસલક્ષી કામો માટે સહાય

### સર્વાંગી વિકાસનો રોડમેપ
૩૯ એકર વિસ્તારમાં ₹૩૪૧ કરોડના બજેટથી અદ્યતન સુવિધા ધરાવતી બિરસા મુંડા યુનિવર્સિટીનું નિર્માણ પ્રગતિ હેઠળ

### આદિજાતિ બાળકોના પોષણ અંગે પ્રયાસ
દૂધ સંજીવની યોજના હેઠળ આદિજાતિ તાલુકાના અંદાજે ૮ લાખ બાળકોને વિશિષ્ટ પોષણ માટે ₹૧૪૪ કરોડની વાર્ષિક સહાય

### કૃષિક્ષેત્રે વિકાસને પ્રાધાન્ય
કૃષિ વૈવિધ્યકરણ યોજનાનો અસરકારક અમલ કરી છેલ્લા એક દશકમાં આ યોજના અન્વયે ૧૦ લાખ આદિજાતિ ખેડૂતોને ₹૨૫૦ કરોડની સહાય આપવામાં આવી

### આદિજાતિ કુટુંબોના ઉત્કર્ષ માટે પ્રતિબદ્ધતા
ફોરેસ્ટ રાઈટ્સ એક્ટ હેઠળ આદિજાતિ કુટુંબોને વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન ₹૬૦ કરોડની આર્થિક સહાય કરાશે

### નલ સે જલ યોજના
વર્ષ ૨૦૦૧માં કુલ ૪૮ હજાર જેટલાં કુટુંબોને નળથી પાણી આપવામાં આવતું જેમાં હાલ વધારો થઈ કુલ ૧૧.૩૦ લાખથી વધુ પરિવારોને નળથી મળી રહ્યું છે પાણી

### આદિજાતિ બાંધવોને મળી જમીન સનદ
આદિજાતિ સમુદાયના કુલ ૯૬ હજારથી વધુના દાવાઓ મંજૂર થતાં ૧૩ લાખ એકરથી વધુ જમીનના ગુજરાતના વનવાસીઓ માલિક બન્યા

### મહિલા સશક્તિકરણને પ્રાધાન્ય
સંકલિત ડેરી વિકાસ યોજના હેઠળ દર વર્ષે ૧૦,૦૦૦ મહિલાઓને દૂધાળા પશુ દ્વારા સ્વરોજગારીની તક

### આદિજાતિનો સર્વસમાવેશક વિકાસ
રાજ્ય સરકાર સહાયિત ૧૦ એકલવ્ય મોડલ રેસિડેન્સી સ્કૂલમાં ધોરણ ૬ થી ૧૨ સુધીનું શિક્ષણ ઉપરાંત રહેઠાણ, ભોજન, પુસ્તકો, ગણવેશ, પ્રવાસ તેમજ તમામ પ્રકારની ભૌતિક સુવિધાઓ વિનામૂલ્યે અપાઈ

### આરોગ્ય સેવા આદિજાતિ બાંધવોને દ્વાર
આદિજાતિ વિસ્તારમાં ૨૪૦ જેટલાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોને ૨૪x૭ કાર્યરત કરવામાં આવ્યા, આ ઉપરાંત ૪૦ નવા PHC તથા ૧૦ નવા CHCનું નિર્માણ કરવામાં આવશે

### ગંભીર બિમારી સામે સ્વાસ્થ્ય સંરક્ષણ
ગંભીર એનીમિયા ધરાવતી ૧૦ હજારથી વધુ આદિજાતિ મહિલાઓની ઓળખ કરી તેમની જરૂરિયાત મુજબ સારવાર કરીને માતા મૃત્યુ દરમાં ઘટાડો લાવ્યા

### આદિજાતિ બાંધવોની આર્થિક સધ્ધરતા
આદિજાતિ બાંધવોના સમગ્રતયા વિકાસ માટે નાણાકીય જોગવાઈમાં કર્યો ૧૪ ગણો ધરખમ વધારો

### પરિવહન માટે મોકળો માર્ગ
આદિજાતિ વિસ્તારમાં પરિવહન સરળ થઈ શકે તે માટે ૧૫ જેટલા કોઝ-વેના સ્થાને પુલોનું નિર્માણ કરવામાં આવ્યું

### આદિજાતિ વિસ્તારમાં રોજગારીની તકો
આદિજાતિ ક્ષેત્રોમાં રોજગારીની તકોનું સર્જન કરવા તેમજ ઉદ્યોગ સાહસિક્તાને વેગ આપવા ૮ નવા MSME GIDC એસ્ટેટનું નિર્માણ

### આદિજાતિ વિસ્તારમાં ફેલાયો ઉજાસ
૨૪૩ નવા સબસ્ટેશન થકી ૫૮૮૪ ગામોમાં વીજળી સુવિધા પૂરી પાડવામાં આવી















## આદિજાતિ વિસ્તારમાં વિકાસની તેજ રફતાર

# રાશિ ભવિષ્ય



# મુંબઈ સમાચાર વિક્રમ સંવત ૨૦૮૦



આપ સૌને મારા નવા વર્ષના નૂતન વર્ષાભિનંદન. ૨૦૮૦ની શરૂઆત કારતક સુદ એકમને મંગળવાર તા. ૧૪-૧૧-૨૦૨૩થી થાય છે. 'શોભન' નામે સંવત્સર રહેશે. તેમાં વર્ષની શરૂઆતમાં ચંદ્ર તુલા રાશિમાં સ્થિત છે. રાહુ ગ્રહ મીન રાશિમાં રેવતી નક્ષત્ર અને કેતુ કન્યા રાશિમાં હસ્ત નક્ષત્રમાં રહે છે. ગુરુ ગ્રહ તા. ૧-૫-૨૦૨૪થી વૃષભ રાશિમાં પ્રવેશ કરે છે જે ભરણી નક્ષત્રમાં વર્ષભર રહે છે. શનિ વર્ષ દરમિયાન કુંભ રાશિમાં આધિપત્ય બનાવશે. જે શતતારા નક્ષત્રમાં રહે છે. અન્ય ગ્રહો પોતાની ગતિ મુજબ જ પરિભ્રમણ કરે છે.

**જલધારા દિપક પંડ્યા**



## મેષ
### અ, લ, ઈ

આપની રાશિમાં પ્રથમ ભાવે ગુરુ ૧-૫-૨૦૨૩ સુધી રહેશે. પ્રથમ ભાવે ગુરુ સો ગુના માફ કરે એટલે શુભદાયી બનો. રાહુ બારમા ભાવે રહે છે અને શનિ અગિયારમા ભાવે રહે છે. શુભદાયી બને છે.

**માનસિક અને શારીરિક સ્થિતિઃ** આ વર્ષે વિચારવાયુના રોગ થાય. મનથી વાસ્તવિક વર્તમાન જીવન જીવવા પ્રયત્ન કરવો ઉત્તમ રહે. ભૂતકાળની વાતોને વાગોળવી નહિ અને મન સ્વસ્થ હશે તો શરીરને સ્વસ્થ રાખી શકશો.

શારીરિક આરોગ્ય મધ્યમ રહે. સાંધાના દુઃખાવા વાયુજન્યરોગ, પડવા-વાગવાથી સાચવવું. મોટી બીમારી નથી પણ બીમારીનો ઈલાજ લાંબો સમય ચાલશે. તમારા આયામ - વ્યાયામની મદદથી શરીરમાં યોગ્ય શક્તિ અને દવાથી ઉત્તમ આરોગ્ય જળવાય.

પારિવારિકઃ પરિવારમાં સંબંધો નવા બંધાય. નવા મહેમાનનું આગમન થાય. વિવાહ યોગ્ય યુવાનો માટે શુભ સમય રહે. દાંપત્ય જીવનમાં ગૂંચવાયેલા પ્રશ્નો ઉકેલાય. સંતાન અંગેની ઈચ્છા પૂરી થાય. સંતાનોના વિદ્યા-અભ્યાસ - વિવાહનાં કાર્યો સંપન્ન થાય. વડીલોના આરોગ્ય અંગે કાળજી લેવી. માતા કે માતા તુલ્ય વ્યક્તિને હૃદય-પ્રેશર સંબંધી તકલીફ અંગે કાળજી લેવી.

નોકરી–વેપારી વર્ગઃ નોકરિયાત વર્ગ ઉત્તમ નોકરી મેળવો. સરકારી કે અર્ધસરકારી નોકરીના પ્રયત્નો સફળતા આપે. નોકરીમાં સહકર્મચારી સાથે વિવાદ દૂર થાય.

વેપારમાં અવરોધ દૂર થાય. વેપારી વર્ગને મોટા પાયે ઉદ્યોગના સાહસ થાય. મોટી તક મેળવો. વિદેશ, વ્યાપારના પ્રયત્ન સફળ થાય.

આર્થિક સ્થિતિઃ આવકમાં વર્ષ દરમિયાન વધારો થાય. દ્રવ્ય સુખમાં વધારો થાય. નોકરીથી ધનલાભ થાય. અગત્યની લોન પાસ થાય. આકસ્મિક કરજ લેવાની ફરજ પડે માટે વર્ષની શરૂઆતથી બચત થાય તેવા પ્રયત્ન કરવા. સ્થાવર મિલકત અને યાત્રા-પ્રવાસ પાછળ ખર્ચા વધશે. દવા-કાયદાકીય દંડ અંગે આકસ્મિક ખર્ચા વધશે. મોટા પાયે વેપારમાં નાણાં રોકાણ થાય. વિદેશથી ધનલાભ થાય.

સ્થાવર સંપત્તિ સુખઃ જમીન-મકાનનાં કાર્યોમાં આ વર્ષે વિલંબ બાદ કાર્ય થાય. નવા મકાન ખરીદવાની ઈચ્છા પૂરી થાય. મોટા વાહનની ખરીદી થાય. જૂના મકાન વહેંચાય ને વારસાગત મિલકતના પ્રશ્નો ઉકેલાય.

પ્રવાસઃ આ વર્ષે અવારનવાર યાત્રા થાય. વિદેશ જવાની ઈચ્છા પૂરી થાય. લાંબી યાત્રા ફળે. ધાર્મિક યાત્રા અનાયાસે પૂરી થાય.

શત્રુ–મિત્ર વર્ગઃ મિત્ર વર્ગ વિશાળ ધરાવો. મિત્રોથી લાભ થાય. સમાજમાં મોટા વર્ગ ધરાવનાર વ્યક્તિથી લાભ થાય. યાદ રાખવું ઓળખાણ મોટી ખાણ છે.

વેપારમાં હરીફો વધશે. કાયદાકીય ઉકેલ મેળવો. છુપા શત્રુ વધે. જૂના કેસનો ઉકેલ આવે.

**અભ્યાસઃ** વિદ્યાર્થી વર્ગને અભ્યાસમાં સફળતા મળે. ઉચ્ચ ડિગ્રી મળે. અભ્યાસમાં યોગ્ય લાઈન મેળવો.

**બાર મહિનાનું રાશિફળઃ**

કારતકઃ રાજકીય ક્ષેત્રે સફળતા મળે. વાણીથી વેપાર વધે. જીવનસાથી સાથે ગેરસમજ ઊભી થાય. મિત્રથી લાભ થાય. લાંબો પ્રવાસ ફળે.

માગશરઃ અભ્યાસમાં અવરોધ આવે. સંતાન અંગે ચિંતા વધે. ભાગ્ય સાથ આપે. વિવાહિત જીવનમાં ગેરસમજ ઊભી થાય. મિત્રોથી લાભ થાય. વાણીના વેપારથી ધનલાભ થાય.

**પોષઃ** વેપારમાં નવીન તક મળશે. દાંપત્ય જીવનમાં મધુરતા રહે. યાત્રા ફળે. વિદેશ જવાની ઈચ્છા પૂરી થાય. સરકારી લાભ થાય. રાજકીય ક્ષેત્રે સાવધાની રાખવી.

**મહાઃ** નવા વેપાર માટે માર્ગ મોકળો થાય. ધનલાભ થાય. મિત્રો સાથે વિશ્વાસઘાત થાય. રાજકીય ક્ષેત્રે છેતરામણી થાય. કોર્ટનાં કાર્યોમાં સફળતા મળે. સમયની કિંમત રાખવી. કાર્ય પ્રત્યે સજાગ રહેવું. વેપારમાં ઠગાઈ ન જાવ માટે ખોટા લોભ-લાલચમાં ફસાઈ ના જાવ.

ફાગણઃ અભ્યાસ અર્થે વિદેશ જવાની ઈચ્છા પૂરી થાય. શેર-લોટરીથી લાભ થાય. સરકારી દંડ કે સજા થાય નહિ તેની કાયદાકીય નોંધ અંગે કાળજી લેવી. ખોટા આળ આવે. નોકરીમાં બઢતી મળે. શત્રુ વિજયી બનો.

**ચૈત્રઃ** તમારી પ્રગતિના પંથે યશ મળે. કાર્યની કદર થાય. દાંપત્ય જીવનમાં સુલેહ ભર્યો સમય રહે. મિત્રથી મોટા વર્ગની ઓળખાણથી અગત્યના કાર્યની પતાવટ થાય.

**વૈશાખઃ** આરોગ્ય કથળે. વિદેશ યાત્રા થાય. પડવા-વાગવા કે નાની શસ્રક્રિયા થાય. વાણીથી ધનલાભ થાય. વેપારમાં લાભ થાય.

જેઠઃ સહોદરથી લાભ થાય. તમારા વિચારેલાં કાર્યોનો અમલ શરૂ થાય. અગત્યના દસ્તાવેજ - કાગળોમાં સફળતા મળે. આરોગ્ય સુધરે. રક્ત સંબંધી સમસ્યા દૂર થાય.


અષાઢઃ વાણીથી સંબંધ સુધરે, નાની યાત્રા થાય. નોકરીમાં મિત્રો તેમ જ મોટા અધિકારીથી લાભ થાય. નવી નોકરીમાં ઈચ્છા પૂરી થાય. કોર્ટનાં કાર્યોમાં કાળજી લેવી. ધન ઉપાર્જન સારું રહે.

શ્રાવણઃ જીવનસાથી સાથે ગેરસમજ ઊભી થાય. વેપારમાં ભાગીદાર સાથે મતભેદ વધે. કોર્ટ-કેસ થઈ શકે. અભ્યાસમાં ઉચ્ચ ડિગ્રી મેળવો. સ્થાવર સુખ વધે.

ભાદરવોઃ વિવાહ યોગ્ય યુવાનો માટે શુભ સમય રહે. કોર્ટ-કચેરીમાં વિજય મળે. નોકરીમાં બદલી થાય. સાહસભર્યા કાર્યો થાય. સરકારી ખાતામાં વિશ્વાસઘાત થાય. રાજકીય ક્ષેત્રે કલંક ના લાગે તેની સાવધાની રાખવી.

આસોઃ નવી સ્થાવર સંપત્તિમાં વધારો થાય. વેપારમાં હરીફોથી વિજય બનો. ઉચ્ચ શિખરે બિરાજો. વાણીથી વ્યવહાર સચવાય. વારસાગત મિલકતથી ધનલાભ થાય.

આમ આ વર્ષ વસંતઋતુ જેવું રહેશે. નવા સંબંધો - નવા વેપાર - નવીન દિશાને વેગ મળશે. બંધન જેવું વાતાવરણ અનુભવશો. પણ સુખદ ફળ મળશે.



## વૃષભ
### બ, વ, ઉ

આપની રાશિમાં સ્થિર ગ્રહો મુજબ ગુરુ ૧-૫-૨૦૨૪થી પ્રથમ ભાવે રહેશે. રાહુ અગિયારમાં ભાવે અને શનિ દસમા ભાવે રહે છે.

માનસિક અને શારીરિક સ્થિતિઃ મનના તરંગો સાથે વિચારમાં ફેરફાર થતાં રહે. મનને મજબૂત કરતા મનની શાંતિ રાખવી યોગ્ય રહે. સમયને અનુરૂપ મનની વિચારધારા બદલવી જરૂરી રહે. આરોગ્ય મધ્યમ રહે. વાયુપ્રકૃતિના રોગ થાય. હૃદય-પ્રેશરની તકલીફ હોય તેમણે કાળજી લેવી. અનિદ્રા અને થાકને લગતી બીમારી આવે. ચામડીના, અસ્થિભંગના રોગ થાય. જૂના રોગમાં રાહત અનુભવો. ગુપ્ત અંગોની પીડા થાય. તેની ત્વરિત દવા કરાવવાથી સારું થાય.

પારિવારિકઃ પરિવારના સભ્યોનો પુરુષાર્થ 'પ્રારબ્ધ બની જશે' આ સમયમાં પરિવારના સભ્યો નાણાકીય નુકસાન અનુભવશે પણ પરિવારમાં વિભાજનની લાગણીનો અનુભવ થાય. હૃદયની લાગણી પર તિરાડ પડી જાય. તમે તમારું હિત શામાં છે? તે વિચારી ચૂપ રહેવું પરિવારમાં વડીલ તરીકે આપના સુમેળભર્યા નિર્ણયને વળગી રહેવાનું યોગ્ય રહે. નાણાકીય ઘસારો થાય તે જોશો નહિ પણ માનવના લોહીના સંબંધો સચવાય તે અગત્યનું છે. દાંપત્ય જીવનમાં મધુરતા રહે. સંતાન અંગેની ઈચ્છા પૂરી થાય. વિવાહ યોગ્ય યુવાનો માટે અહમને દૂર કરી પાત્ર પસંદગી માટે નમતું રાખશો તો સફળતા મળશે.

**નોકરી વ્યવસાયઃ** વર્ષના શરૂઆતમાં નોકરિયાત વર્ગને સ્થળાંતર પ્રમોશન લાભ મળે. જેણે સરકારી પરીક્ષા આપી હોય તેમને નવી નોકરીની તક મળે. સરકારી નોકર વર્ગને લાભ. પણ સરકારી ઉપરી અધિકારીઓ માટે ખોટા આળ આવે. બેકારોને રોજગારીની તક સાંપડે.

વ્યવસાયમાં નવીન તકો આવે. વેપારી વર્ગને પ્રગતિકારક સમય રહે નવા સાહસ કરવામાં કાળજી રાખવી, વિશ્વાસઘાત થાય. મોટા માણસોની વગથી અગત્યનાં કાર્યોની પતાવટ થાય. આયોજનપૂર્વક અને ગાફેલ રહ્યા વગર કાર્ય કરશો તો તમારું કામ દીપી ઊઠશે.

આર્થિક સ્થિતિઃ નાણાકીય સ્થિરતા જળવાય. નવા આયોજન અમલમાં આ વર્ષે મૂકશો નહિ. લક્ષ્મીજીને રિઝવવા મહેનતની સાથે બુદ્ધિનો ઉપયોગ કરશો તો ઝરમરિયો નાણાકીય વરસાદ થશે. ગયા વર્ષ કરતાં આર્થિક સ્થિતિ સુધરતી લાગે. જૂના દેવાની પતાવટ થાય. નવું સાહસ, નાના વ્યવસાયમાં કરવું હિતાવહ રહે. શેર લોટરીથી વર્ષના અંતે લાભ થાય. વર્ષની શરૂઆતમાં જાવક વધે. હથેળીમાં ચાંદ દેખાય તેમ આવક થાય તેવા દિવાસ્વપ્નો જ રહે. પોતાનાં કાર્યોને આધીન નાણાં મેળવી સંતોષ માનવો હિતાવહ છે.

**સ્થાવર સંપત્તિ સુખઃ** આ વર્ષે સ્થાવરમાં વધારો ના થાય. ભાડાના મકાનમાં રહેતા હોય તો પરેશાની ભોગવો. જમીન - મકાનની લે - વેંચના સોદા કરતાં હોય તો વિચારીને પગલાં ભરવાં. કોઈને વચ્ચે રાખી સોદા ના કરશો. ખોટી વ્યક્તિની સાથે સોદો ભારે પડી શકે. ''સાપ છછુંદર ગળે, તેવું બની શકે. વારસાગત મિલકત હોય તો વેચવી પડે. દેવા કે કરજની મુક્તિ માટે મિલકત વેચવી પડે.

પ્રવાસઃ લાંબો પ્રવાસ વર્ષની શરૂઆતમાં છે. નાની યાત્રા વધે - પરિવાર સાથે પ્રવાસ ટાળવો.

શત્રુ – મિત્રવર્ગઃ મિત્રવર્ગ સાથે મીઠાશ ભર્યા સંબંધો રહે પણ, હિસાબનીશ - વ્યવહારિક મિત્રો રહે

શત્રુવર્ગથી પીછેહઠ થાય. કોર્ટ-કચેરીમાં સફળતા માટે મદદની સલાહ લેવી રહે. વિશ્વાસઘાત કાયદાકીય ગૂંચમાં થાય. યાદ રાખવું વ્યવસાયને આંચ નહિ.

અભ્યાસઃ ઉચ્ચ ડિગ્રી પ્રાપ્ત કરવાની ઈચ્છા પૂર્ણ થાય. અભ્યાસમાં લાઈન બદલાય. સંશોધન ક્ષેત્રમાં સફળતા મળે.

બાર મહિનાનું રાશિફળઃ

**કારતકઃ** અભ્યાસમાં અવરોધ આવે. શેર-લોટરીમાં જોખમ ન કરવું: મિત્રોથી વિશ્વાસઘાત થાય. વિવાહિત જીવનમાં સંવાદિતતા જળવાય. વાણીથી વેપાર સચવાય.

માગશરઃ નોકરિયાત વર્ગને સહકર્મચારી સાથે સુલેહ રાખવી. કુંટુંબમાં વાણીથી વિવાદ વધે. ખર્ચા વધશે. વેપારમાં નવા સાહસ ન કરવા. નાણાકીય સ્થિતિ જોખમાય. ઉધાર નાણાંની આપ-લે ન કરવી.

પૌષઃ અંગત આરોગ્ય બગડે. બેંકને લગતાં કાર્યોની પતાવટ થાય. આવકમાં સ્થિરતા ન મળે. કોર્ટ-કચેરીમાં નિર્ણય વણઉકેલ્યા રહે. આપની હોશિયારી અને આવકનો લાભ બીજા ન લે તેની સાવધાની રાખવી. સમયને માન આપવું. શાંત રહેવું. વિશ્વાસ મૂકવો નહિ. દાંપત્ય જીવનમાં વાણીથી વિવાદ વધે.

મહાઃ જમીન-મકાનમાં કાર્યમાં પ્રગતિ થાય. નવા વેપાર અર્થે સ્થાવર સંપત્તિમાં વધારો થાય. નાણાં ધીરધારનાં વ્યવસાય કરનારને તકેદારી રાખવી. ખોટા ખર્ચને કાબૂમાં રાખવો. સંતાનની પ્રગતિ થાય.

**ફાગણઃ** આ માસમાં અગત્યનાં કાર્યો થાય. વ્યવસાયમાં મહત્ત્વની યોજના અમલમાં આવે. મિત્ર વર્ગથી લાભ થાય. સમાજ કલ્યાણ તેમ જ જાહેર જીવન સાથે સંકળાયેલ જાતકો માટે ઉત્તમ સમય રહે. વ્યવસાય અર્થે પ્રવાસ સફળ થાય. કુટુંબમાં આનંદભર્યું વાતાવરણ જળવાય.

ચૈત્રઃ નાણાકીય પ્રશ્નો હલ થાય. માસની શરૂઆતમાં નાણાકીય સગવડ કરો તે માસના અંતે વેડફાઈ જાય. બેલેન્સ ઘટે અંગત જવાબદારીના કારણે મન ચિંતાઓથી ઘેરાયેલું અને દિશાશૂન્ય રહેશે. આગ અકસ્માતથી સાચવવું.

વૈશાખઃ બહારના સંપર્કથી લાભ થાય. તમારી મહત્ત્વકાંક્ષા સાકાર થાય. નાણાકીય આવકમાં વધારો થાય. ભાગ્ય સાથ આપે. આરોગ્ય અંગે કાળજી લેવી. માનસિક સ્થિતિ અશાંતિ ભરી રહેશે.

જેઠઃ આપના મનોરથ પૂર્ણ થતાં જણાય. બુદ્ધિના ઉપયોગથી ધનલાભમાં વધારો થાય. વાણી પર સંયમ રાખવો આપના માટે હિતાવહ છે. મિત્રોથી વિશ્વાસઘાત થાય. સ્થાવર મિલકત પાછળ ખર્ચ થાય. વ્યવસાયમાં પ્રગતિ માટે નવી દિશા મળે. અવરોધ બાદ કાર્ય પૂર્ણ થાય.

અષાઢઃ ખોટા નાણાકીય સાહસ કરાય નહિ. લાંબી મુસાફરીમાં આનંદિત વાતાવરણ રહે. કૌટુંબિક સુખ-શાંતિ જણાય. નોકરીમાં બદલી-બઢતીના સંજોગો છે.

શ્રાવણઃ વાણી પર કાબૂ રાખવો. ઈત્તર પ્રવૃત્તિમાં વધારો થાય. નોકરિયાત વર્ગને પ્રગતિ થાય. જમીન-મકાનનાં કાર્યો પૂરા થાય. બેંક લોન પાસ થાય. કાયદાકીય સફળતા મળે. સમાજમાં મોટા માણસોની વગથી અગત્યના કામ પતે.

ભાદરવોઃ આપનાં આરોગ્યમાં સુધારો થાય. ઓપરેશન કરવાનું હોય તો માસની શરૂઆતમાં સફળ થાય. આંખનાં દર્દો થાય. વ્યવસાયમાં નવી લેણદેણ કરવી નહિ. મનોરંજન પાછળ ખર્ચ વધે. સંતાનોની પ્રગતિ થાય. વિદ્યાભ્યાસમાં મહેનતનું ફળ મળે.

આસોઃ વિવાહ યોગ્ય યુવાનો માટે આ સમય ઉત્તમ રહે. ગૃહજીવનમાં લાગણીભર્યા સંબંધો રહે. શત્રુઓ સાથે વિવાદમાં વિજયી બનો. કોર્ટ-કચેરીમાં વિજય મળે. આવકમાં વધારો થાય. નોકરી માટે નવી તક ઊભી થાય. સરકારી નોકરિયાતને પ્રમોશન મળે. ઉદરને લગતી તકલીફ થાય.

આ વર્ષે થોડીક પ્રતિકૂળતા બાદ સફળતા મળે. શાંતિ રાખી ધીરજપૂર્વક નિર્ણય કરવા તમારા હિતમાં રહે. આ વર્ષે અગત્યના કાર્ય થશે. એકંદરે આ વર્ષ સારું રહેશે.



## મિથુન
### ક, છ, ઘ

આ વર્ષની શરૂઆતમાં ગુરુ મહારાજ અગિયારમા ભાવે ૧-૫-૨૦૨૩થી બારમા ભાવમાં રહે છે. રાહુ દસમા ભાવે ૧૮-૫-૨૦૨૩થી બારમા ભાવે રહે છે. રાહુ દસમા ભાવે ૧૮-૫-૨૦૨૩થી આવે છે અને વર્ષ દરમિયાન શનિ નવમા ભાવે રહે.

માનસિક સ્થિતિઃ આપની મનની સ્થિતિ તણાવયુક્ત રહે. વિચારોનો તાગ ન મળે. અશાંતિ જણાય. ઈશ્વરનું સ્મરણ તમને માનસિક શાંતિ અપાવે. મનના તરંગો કાબૂમાં રાખશો. ચિંતાથી ઘેરાયેલું મન રહે. મોટા સાહસભર્યા કાર્યો કરવા નહિ. નિરાશાનાં વાદળો દૂર થતાં જણાય. તમારા જીવનમાં સોનાનો સૂરજ ઊગવાની ઘડીઓ નજીકના સમયમાં દેખાય છે. આમ આ સમય આશાનું કિરણ ક્યારેય છોડવું નહિ.

આરોગ્ય મધ્યમ રહે. હૃદય-છાતીનાં દર્દો થાય. શરીર નરમ-ગરમ રહ્યા કરે. માથાનો દુઃખાવો ઉદરને લગતી ફરિયાદ રહ્યા કરે. પડવા - વાગવાથી અસ્થિભંગ થાય. શરીરમાં કોઈ અંગમાં ખામી આવી જાય. નાની બીમારીને માથે મારી ન મૂકશો.

પારિવારિકઃ આ વર્ષે આપના કુટુંબમાં નવા સભ્યોનો ઉમેરો થાય અને નવા સંબંધો બંધાય. પરિવારમાં માંગલિક પ્રસંગો ઉજવાય. કુટુંબીજનોનો સાથ આ સમય આનંદભર્યો પસાર થાય. કુટુંબના સભ્યોથી આર્થિક આવક વધે. રંકમાંથી રાય બનો. દાંપત્ય જીવનમાં મધુરતા રહે. લગ્નયોગ યુવાનો માટે પાત્ર પસંદગી થાય અને પ્રભુતાના પગલાં મંડાય. સંતાનોની તબિયત બગડે તેમ જ તેમનાથી ચિંતાજનક પ્રસંગો સર્જાય. વડીલવર્ગની મીઠી નજર મેળવો.

નોકરી – વ્યવસાયઃ નોકરિયાતવર્ગને ઉપલા અધિકારી સાથે સંઘર્ષમાં ઊતરવું નહિ. નરમાશથી કામ લેવું તો જરૂરી લાભ થાય. તમારા વણ ઉકેલ્યા પ્રશ્નોનો ઉકેલ મળશે. વ્યવસાય કરનારા માટે આ સમય કસોટી ભર્યો રહે. ગ્રાહક, ભાગીદાર, કે અન્ય વેપારી વર્ગ સાથે સંઘર્ષમાં ઊતરવું નહિ. કોર્ટ-કચેરી થાય. સાચવવું, નોકરીમાં સાહસિકતા કરતા ધ્યાન રાખવું. અગત્યના દસ્તાવેજો ખાસ તકેદારી રાખવી. નહિતર નોકરીમાંથી બરતરફ થાય. તેવો સમય બતાવે છે. વ્યવસાય માટે કુટુંબમાંથી સહાય મળે. પણ દેવું બહારથી કરવાથી નુકસાન થાય. તો તે ન કરતાં અને ઓછામાં જ સંતોષમાંથી વેપાર ચાલુ રાખવો યોગ્ય રહે.

આર્થિક સ્થિતિઃ આ વર્ષે તમારી આર્થિક સ્થિતિ મધ્યમ રહે. બહારથી નાણાકીય સ્થિરતા જળવાય પણ અંદરથી તો આપનું મન જ જાણે કે નાણાકીય મુશ્કેલી કેટલી છે? જૂની બચતો આપની શાખ બચાવવા મદદરૂપ બને. નાના પાયે મૂડીરોકાણ શક્ય બને. વારસાગત મિલકતમાંથી આવક વધે. શેરલોટરીથી આવક વધે. જમીન-મકાનમાં રોકાણ નાણાકીય ન કરવું અને આ પ્રકારના વેપારીમાં મુશ્કેલી, ધનસંકટ આવે. ધાર્મિક પ્રવાસ પાછળ ધનખર્ચ થાય.

સ્થાવર સંપત્તિ સુખઃ આ વર્ષના અંતે સ્થાવર સંપત્તિ સુખમાં વિલંબ થાય. વર્ષની શરૂઆતમાં કાર્યમાં સફળતાના પગલા મંડાય. જૂનાં મકાનને અદ્યતન સ્વરૂપમાં ફેરવી શકશો અને ભાડાના મકાનમાં રહેતા હશો તો પોતાના મકાનનું સ્વપ્ન સાકાર થાય. જાગૃત રહી આપે આ સમયે કાર્ય કરવું. દસ્તાવેજમાં ઠગાઈ ન થાય તેની તકેદારી રાખવી. જમીન - મકાનના-લે-વેંચ કરનારને સમય શુભ નથી. વારસાગત મિલકતના પ્રશ્નો ઉકેલાય. - વેપાર અર્થે નવી મિલકત ન વસાવવી.

પ્રવાસઃ જન્મના ગ્રહો વિદેશના યોગ સૂચવતા હશે તો જ સફળતા મળશે. નામી ધાર્મિક યાત્રા થાય. સપરિવાર પ્રવાસ ટાળવો હિતાવહ છે. વેપાર અર્થે - નોકરી અર્થે નાની મોટી મુસાફરી થાય.

શત્રુ – મિત્ર વર્ગઃ મિત્ર વર્ગથી લાભ થાય. મિત્રો સાથે બગડેલા સંબંધો સુધરે. મિત્રો નવા મળે. જે જીવન માટે માર્ગદર્શક સાબિત થાય.

શત્રુ વર્ગ મીઠાબોલા વધશે. તમારા હરીફો વધશે આથી તમારે ચતુરાઈ દાખવવી જરૂરી બને. સમાજમાં અપયશ મળે. તેમ જ નોકરિયાત વ્યવસાયમાં નુકસાની થાય. જન્મના ગ્રહો જો આપના બળવાન હશે તો કોર્ટ-કચેરીમાં વિજય મળશે.

અભ્યાસઃ આ વર્ષે જેમને કારકિર્દીનું વર્ષ હશે તેમણે પહેલેથી જ સખત મહેનત કરવી. કારણ કે તમારી સામે વધુ તક વિદ્યા અર્થે આવશે. લાયકાત પ્રમાણે આગળ વધી શકશો.

બાર મહિનાનું રાશિફળઃ

કારતકઃ નોકરી - વ્યવસાયમાં પ્રગતિ થાય, નોકરીમાં બદલી થાય. ઉપરી અધિકારીથી સંબંધો સુધરે. ઉચ્ચ પદ મળે. જવાબદારીઓ વધશે. વિવાહ યોગ્ય યુવાનો માટે શુભ - સમય ધાર્મિક કાર્યો થાય. સંતાનો અંગેની ચિંતા વધે. ભાગ્ય સાથ આપે. જમીન-મકાનનાં કાર્યો ખોરંભે ચડે. કોર્ટ-કચેરીમાં વિજય મળે. સમાજમાં મોટા માણસોની ઓળખાણ થાય.

માગશરઃ નોકરી વેપારમાં ફેરફાર થાય. માતા-પિતા માટે આ સમય શુભ રહે. મિત્ર વર્ગ ઉપર વિશ્વાસ ન મૂકવો. શત્રુવર્ગની પીછેહઠ થાય. કુટુંબમાં મતભેદ સર્જાય.

પોષઃ આ માસમાં અગત્યનાં કાર્યો થાય. દાંપત્ય જીવનમાં મધુરતા જળવાય. વિવાહ યોગ્ય યુવાનો માટે શુભ સમય રહે. જીવનસાથીની તબિયત બગડે. શત્રુ વિજયી બનો. સંતાનોની પ્રગતિ થાય. વેપારમાં નવીન મિલન-મુલાકાત થાય જે. ભવિષ્યમાં લાભકર્તા રહે.

મહાઃ આ સમય આપને માટે સુખમય રહે. માનસિક તણાવ ઓછો થાય. આકસ્મિક ધનલાભ થાય. મહત્ત્વના કાર્યમાં સફળતા મળે. સંતાન માટે શુભ સમય વારસાગત મિલકતનો ઉકેલ આવે. વડીલ વર્ગની તબિયત બગડે. જાહેર જીવનમાં મંત્ર દીપક તરીકે આગવી પ્રતિષ્ઠા મળશે.

ફાગણઃ જમીન-મકાનની ખરીદી માટે શુભ સમય રહે. નવા વાહન-વ્યવસાય અંગે સ્થાવર સાધનોમાં વધારો થાય. વેપારમાં ઉન્નતિ થાય. નાની મુસાફરીમાં સફળતા મળે. ગૃહજીવનમાં અશાંતિ વધે. ભાગ્યને આધીન આવકમાં વધારો થાય.

ચૈત્રઃ આકસ્મિક ખર્ચનો પ્રસંગ બને. મિત્ર વર્ગથી ઊભી થયેલી મુશ્કેલી દૂર થાય. સ્થાવર સંપત્તિમાં વધારો થાય. શુભ કાર્ય થાય. નવીન શુભ સમાચાર મળે. વિદ્યાર્થીવર્ગને ઈત્તર પ્રવૃત્તિમાં સફળતા મળે. શેર-લોટરીથી લાભ થાય. પ્રગતિ માટે નવી દિશાના દર્શન થાય.

વૈશાખઃ વ્યવસાયમાં અજાણ્યા સાથે સંબંધો બાંધવા નહિ. પડવા-વાગવાથી અસ્થિભંગ થાય - નોકરિયાત વર્ગને ખરાબ સમય સૂચવે છે. અપમાન થાય તેમ જ અપયશના પ્રસંગો બને માટે સાચવવું. ઉતાવળા નિર્ણય કરવા નહિ. વાદળોથી ઘેરાયેલું આકાશ જોઈ વરસાદ આવશે તેવી આશા ન રાખશો. તમારા નસીબમાં તો બળબળતો તાપ જ હમણાં રહેશે. આખી વર્તમાન પરિસ્થિતિને અનુરૂપ રહેવું આપને માટે યોગ્ય રહે.

જેઠઃ અહિ આપે શારીરિક અને માનસિક આરોગ્ય સાચવવું. વિદ્યાર્થી વર્ગે અભ્યાસમાં અધ્યયન વધારવું. નોકરી વ્યવસાયમાં મોટી ઓળખાણ થાય. જીવનમાં આકસ્મિક પરિવર્તન આવે. સ્થળાંતર માટે આ સમય યોગ્ય રહે. વડીલવર્ગની ચિંતા રહે. ઘણી વખત સાથે દેખાય તે સત્ય પ્રમાણે સોડ તાણવી આપની માટે યોગ્ય રહે.

અષાઢઃ ઝાકળરૂપી ધનપ્રાપ્તિ થાય. વ્યવસાયમાં નાણાંકીય લાભ થાય. બાહ્ય સંપર્કથી તેમ જ વાણીથી ધનલાભ થાય. કુટુંબમાં આનંદ-ઉત્સાહનું વાતાવરણ રહે. મોજ-મનોરંજન પાછળ ખર્ચ થાય. બેંક લોન પાસ થાય.

શ્રાવણઃ મુસાફરીમાં સફળતા મળે. સહોદરોથી લાભ થાય. સગા-સંબંધી સાથે બગડેલા સંબંધો સુધરે. વ્યવસાયમાં આવડતથી ધન ઉપાર્જન થાય અને બેંક બૅલેન્સમાં વધારો થાય. દાંપત્ય જીવનમાં ગેરસમજણ દૂર થાય. શત્રુવર્ગથી સાવધાની રાખવી.

ભાદરવોઃ આ માસની શરૂઆતમાં મનબેચેન રહ્યા કરે. કાર્યોમાં અવરોધ બાદ સફળતા મળે. વિદ્યાર્થીવર્ગને મહેનતનું પરિણામ શુભ મળે. જમીન-મકાન વાહન અંગેની ખરીદી માસનાં અંતે પૂર્ણ થાય. પ્રવાસ-યાત્રા શુભ રહે. સહોદર સાથે ચોક્કસ ચકમક ઝરે. પણ સમાધાન થાય. નોકરીમાં પ્રગતિ થાય.

આસોઃ આ સમયે આપના મનોરથ પૂર્ણ થાય. નિરાશામાંથી બહાર આવી શકશો. વારસાગત મિલકતમાં પ્રશ્નો ઉકેલાય. વાહન ખરીદીમાં લાભ મળે. વ્યવસાયમાં નવી તકો સાંપડે. સંતાનો માટે વૈભવી વસ્તુમાં વધારો થાય. એકંદરે સમય શુભ રહે.

આ વર્ષ આપના માટે જીવનમાં પરિવર્તન લાવશે. સમાજમાં યશ, કીર્તિ, પદ, સારું મેળવો. રાજકારણ વર્ગમાં લાભ થાય. નવા સાહસ કરનારને સફળતા મળે. 'કમ ખાઓ અને ગમ ખાઓ'ની નીતિ અપનાવવાથી આનંદપૂર્વક વર્ષ પસાર થાય.



## કર્ક
### ડ, હ

આપની રાશિમાં સ્થિર ગ્રહો મુજબ ૧-૫-૨૦૨૩થી ગુરુ અગિયારમા ભાવે રહે છે, રાહુ નવમા ભાવે રહે અને શનિ મહારાજ આઠમા ભાવે નાની પનોતી લોખંડના પાયે કષ્ટદાયક રહેશે. આ વર્ષ આપને સારા-નરસા બાબતો શીખવા મળશે. કોણ પોતાના અને કોણ પારકા તેનો ભેદ સમજાશે. લોખંડના પાયે પનોતી માનસિક ચિંતા રખાવે. ''ખોટા ગદ્ધા-વૈતરું કરાવે, બેચેની રહ્યા કરે. અશુભ કર્તા રહે. દરેક કાર્યમાં વિલંબ બાદ કાર્ય થાય.

માનસિક સ્થિતિ અને શારીરિક સ્થિતિ

શનિની પનોતી તમને માનસિક રીતે શાંતિ લેવા નહીં દે. તમારી ખોટી શંકા, વહેમથી દૂર રહેવું અને મનને પ્રશંસામાં રાખવું હિતાવહ રહેશે. ગુરુ તમારા માટે નવી દિશા બતાવે છે જેનાથી વર્ષાન્તે આકાશમાં ઉડતા પંખીને જેમ મુક્ત અને હળવાશમય વાતાવરણ માણી શકશો. ખોટા વિચારો ન કરશો.

શારીરિક આરોગ્ય સારું રહે, કોઈ મોટી બીમારી નથી. હૃદય-ટીબી જેવા રોગ ધરાવતા જાતકોએ રાહત અનુભવાય. 'સ્વસ્થ શરીરમાં જ સ્વસ્થ મન રહે છે. માનસિક ચિંતાઓથી તમે પગ ઉપર કુહાડી મારી જાતે જ' બીમારીને નોતરું આપો છો. આ સમયે આપે માનસિક સમતુલા જાળવી રાખવી જરૂરી બને છે.

પારિવારિક : પરિવારમાં સુખમાં અવરોધ આવે. મનથી અસંતોષ રહે. વડીલ વર્ગ સાથે મતભેદ સર્જાય. લગ્ન કરવા માટેની યોગ્ય તકો આ સમયે ઊભી થશે. જીવનસાથી સાથે ખોટી ગેરસમજ ઊભી થાય. ગૃહજીવનમાં શાંતિ હણાતી જણાય. કુટુંબના સભ્યોની સલાહ આપને પુરુષાર્થ માટે પ્રેરણા આપે છતાં આપનું કંઈ જ ન ઊપજે. આપનો પુરુષાર્થ ઘાંચીના બળદની માફક ફેરવે પણ ઘાણીમાંથી તેલ ન નીકળે માટે તમારે તમારા નિર્ણયો જાતે જ લેવા. નાણાકીય અને બહારની ચિંતા ઘરમાં પ્રશ્નો રૂપે લાવવી નહીં. સંતાનો સાથે મતભેદ થાય. ખોટા વિવાદ ટાળવો. જૂના સંબંધો ફરી બંધાય. કોણ પોતાના કોણ પારકા તેની કદર આ વર્ષે થાય. સ્વજનોથી અપમાનનાં ઘૂંટડા પી લેશો તો સંબંધ જળવાશે.

નોકરી વ્યવસાયઃ નોકરિયાત વર્ગને આ વર્ષ મિશ્રણ ફળદાયી રહેશે. સખત પરિશ્રમ-માનસિક મહેનત વધુ માંગી લે. જો કે તે પ્રમાણે ફળ અલ્પ મળે. ઉપરી અધિ-કારીથી લાભ થાય. સરકારી વર્ગને પ્રગતિ થાય. વર્ષના અંતે સ્થળાંતર થાય. મોટી જવાબદારી માથે લેવી નહીં.

વ્યવસાય કરનારે મોટા સાહસ ખેડવા નહીં. આયોજનપૂર્વક કાર્ય કરશો તો સફળતા મળશે. ભાગીદાર વર્ગથી મધ્યમ રહે. વેપારને ટકાવી રાખવો અગત્યની બાબત બને છે.

આર્થિક સ્થિતિ : આ વર્ષની

# રાશિ ભવિષ્ય



# વિક્રમ સંવત ૨૦૮૦



શરૂઆતમાં આર્થિક સ્થિતિ મધ્યમ રહેશે. પુરુષાર્થ પ્રમાણે નાણાં મળે. કર્મ તમારું વ્યય રહે. ઉધાર નાણાં કે લોન પર નાણાં મળી રહે. પણ વેપારમાં નાણાકીય આવક વધે નહીં. પ્રવાસ-સ્થાવર મિલકત પાછળ ખોટા નાણાંનું રોકાણ થાય. બચત કરી ગણતરીપૂર્વક ચાલશો તો વર્ષના અંતે કંઈક સ્થિરતા મેળવી શકશો. લાગણીના પ્રવાહમાં વધુ પડતો દોર છૂટો ન મૂકશો, નહીંતર ગુલાંટ ખાઈ જશો.

**સ્થાવર સંપત્તિ સુખઃ** સ્થાવર મિલકત માટે આ વર્ષે યોગ્ય વિચાર ને નિર્ણય કરવા. ઉતાવળા નિર્ણય આપને મુશ્કેલીમાં મૂકી દેશે. જૂના મકાન-વાહનની ખરીદીમાં લાભ રહે. ઈચ્છાઓનો ત્યાગ કરવો યોગ્ય રહે. વારસાગત મિલકત પ્રશ્નો ઉકેલાય. સ્થાવર મિલકતમાં વધારો થાય.

**પ્રવાસઃ** પ્રવાસ-યાત્રા વર્ષ દરમિયાન મધ્યમ રહે. નાની મુસાફરી થાય. અવરોધ આવે કે આકસ્મિક બહાર જવાનું બંધ રહે. અને મુસાફરી થાય તો ઘણી જ મુશ્કેલીઓનો સામનો કરવો પડે. માટે વણજોઈતી મુસાફરી ટાળવી યોગ્ય રહે. અસર આપના આરોગ્ય ઉપર પડે છે.

**શત્રુ-મિત્ર વર્ગઃ** મિત્રતાની યુગલ જોડી બનશો. તમારા મિત્રો આર્થિક, સામાજિક રીતે મદદરૂપ થાય. મિત્રો સાથે સાહસભર્યા કાર્યો થાય. ભાગીદારી મિત્રોથી લાભ થાય.

મીઠાબોલા શત્રુ ઊભા થાય. કોર્ટ-કચેરીમાં અગાઉનો કેસ ચાલતો હોય તો તમારે મધ્યસ્થીથી સમાધાનથી સુલેહ થાય. પાડોશી પણ મીઠાબોલા શત્રુ ઊભા થાય.

**અભ્યાસઃ** અભ્યાસમાં પ્રગતિ થાય. ધાર્યું પરિણામ મળે. ઉચ્ચ ડિગ્રી મેળવો.

**બાર મહિનાનું રાશિફળઃ**

**કારતક :** ભાગ્ય સાથ આપે. નવી સ્થાવર મિલકત વસાવવા સાહસ કરો. નોકરી-વેપારમાં ઉન્નતિકારક સમય રહે. વ્યવસાયમાં નવીન તકો મળે. ભાગીદારથી ધન લાભ થાય. રાજકીય ક્ષેત્રે સાવધાની રાખવી. પ્રવાસ ટાળવો. કાચબાની ગતિએ કાર્યમાં સફળતા મળે.

**માગશરઃ** અમાસમાં નાણાકીય ખર્ચા, કાયદાકીય, બીમારી અને સરકારી દંડ કે ફી ચૂકવવામાં જાય. દામ્પત્યજીવનમાં સુખ-શાંતિ જળવાય. પરિવારમાં વિવાદ વધે. વિદેશમાં નવી મિલકત વસાવો કે વિદેશથી મિલકત માટે લાભ થાય. વિદ્યાર્થીવર્ગને અભ્યાસમાં અવરોધ આવે. સંતાનોને વ્યાધિ વધે.

**પોષઃ** આ સમયે ‘‘વટના માર્યા ગાજર ખાવ’’. કાર્યમાં પ્રગતિ માટે પુરુષાર્થ અને સંઘર્ષ બન્ને જોઈએ. દામ્પત્ય જીવનમાં ગેરસમજ દૂર ના થાય. નોકરવર્ગથી લાભ થાય. વિદેશથી લાભ થાય. જીવનસાથી સાથે ગેરસમજ વધતી જાય. નોકરિયાત વર્ગને સમય શુભ રહે. બૅન્ક લોન પાસ થાય.

**મહાઃ** પસંદગીનું પાત્ર મળે. તમારા મિત્રોથી ધાર્યા લાભ થાય. વેપારમાં વધારો થાય. નવા આયોજન થાય. વાણીથી વિવાદ વધે. નાણાભીડ જણાય. કાયદાકીય સાંકળમાં ફસાઈ જાવ. રાજકીય ક્ષેત્રે અપયશ મળે.

**ફાગણઃ** મિત્રથી ધનલાભ વારસાગત મિલકતના પ્રશ્નો ઉકેલાય અને તેનાથી આવક વધે. આકસ્મિક ધનલાભ થાય. આરોગ્ય અંગે કાળજી લેવી. પરિવારમાં વાણીથી વિવાદ થાય. ખર્ચાને કાબૂમાં રાખવા. પ્રવાસ ટાળવા.

**ચૈત્રઃ** વેપારમાં ઉચ્ચ શિખરે બીરાજો. વેપારથી ધનલાભ થાય. પરિવારમાં નાણાભીડ દૂર થાય. લાંબા પ્રવાસ માટેની તૈયારી થાય. વાણીથી વેપાર વધશે. જાહેર જીવનમાં પ્રતિષ્ઠા વધે તેવા કાર્યો થાય. સરકારી કાર્યો પૂરા થાય.

**વૈશાખઃ** વેપારમાં મોટી ઓળખાણથી અગત્યના કાર્યો થાય. અભ્યાસમાં અવરોધ આવે. શૅર-લોટરીથી લાભ થાય. મિત્રોથી ધનલાભ થાય. મોજ મનોરંજનમય સમય પસાર થાય.

**જેઠઃ** સમાજમાં પ્રતિષ્ઠા વધે તેવા કાર્યો થાય. ઉચ્ચ હોદ્દો વેપારમાં વધે. સંતાનોની પ્રગતિ થાય. અભ્યાસમાં ઉચ્ચ ડિગ્રી મળે. ધાર્યું પરિણામ મળે. કુટુંબથી વિયોગ થાય. વિદેશ જવાની ઈચ્છા પૂર્ણ થાય.

**અષાઢઃ** વિદેશથી ધનલાભ થાય. મોટી વગ ધરાવનાર વ્યક્તિથી લાભ થાય. મનોરથ પૂર્ણ થાય. રાજકીય ક્ષેત્રે સફળતા મળે. ખોટા ખર્ચને કાબૂમાં રાખવા, વિવાહના કાર્યોમાં સફળતા મળે. વાણી પર સંયમ રાખવા. આંખના રોગ થાય. મિત્રથી વેપારમાં લાભ થાય. નોકરીમાં ઉપરી અધિકારીથી લાભ થાય. કાયદાકીય વિજય મળે.

**શ્રાવણઃ** લાંબી મુસાફરી સફળ થાય. જૂની ઉઘરાણી પરત આવે. લોન-દેવાને લગતી પતાવટ થાય. ભાઈ-બહેન મદદ મળી રહે. માનસિક શાંતિ અને આનંદિત રહે. આરોગ્ય કથળે. અભ્યાસ અર્થે વિદેશ જવાય. નોકરીની તક મળે. વિદેશ વ્યપારથી લાભ થાય.

**ભાદ્રપદઃ** આકાશમાં ખુલ્લા મને ઊડી શકશો. મિત્રવર્ગથી લાભ થાય. વેપારમાં અજાણ્યા સાથે વ્યવહાર ન કરવા. સ્થાવર મિલકત પાછળ ખર્ચ થાય. પરિવારમાં વિવાદ થાય. સહોદર સાથે મનદુઃખના પ્રસંગો બને. પ્રવાસ ટાળવો. નવા સાહસ ન કરવા.

**આસોઃ** સમાજમાં ઉચ્ચ હોદ્દો મળે. રાજકીય ક્ષેત્રે ઉચ્ચપદ મળે. વિવાહયોગ્ય યુવાનો માટે શુભ સમય રહે. અભ્યાસમાં સફળતા મળે. વિદેશ અભ્યાસઅર્થે જવાય.

આ સમય માનસિક ચિંતાઓથી ઘેરાયેલું મન રહે. ઈશ્વર ઉપર નિર્ણય છોડશો તો વધુ શાંતિ રહે. મનને મક્કમ બનાવી વર્તમાન સમયને અનુરૂપ વર્તણૂક રાખવી. ઈષ્ટદેવ અને શનિદેવની ઉપાસના કરવાથી વર્ષ દરમ્યાન સંકટ દૂર થાય. એકંદરે સમય શુભ રહે.




આ વર્ષ આપના માટે ગુરુ નવમા ભાવે જે ૧-૫-૨૦૨૪થી દસમા ભાવે રહે છે. શનિ સાતમા ભાવે રહે છે. રાહુ આઠમા ભાવે રહે છે. જે અશુભ ફળ આપે છે. વડીલ વર્ગ માટે નુકસાનકર્તાનું વર્ષ રહે છે.

**માનસિક અને શારીરિક સ્થિતિઃ** આ વર્ષે આપના માનસિક દૃષ્ટિએ મેના શરૂઆતનો તબક્કો ઉચાટ અને અકળામણ ભર્યો રહે. છાતીમાં ગભરામણ થાય, વિવાદ બને ત્યાં સુધી ટાળવો. ‘ગરજે ગધેડાને બાપ’, કહેવા પડે, એમાં જ તમારું શાણપણ રહેશે. કપરી પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યા છો. ‘સંતોષી નર સદા સુખી’ આ સમયે જે મળે છે તેમાં જ સંતોષ માની બેસશો તો સારું રહેશે.

આરોગ્ય મોસમ પ્રમાણે બીમારી આવે. મોટી બીમારી નથી. ખોટા ભ્રમમાં રાચતા નહીં. લોહીવિકાર, સાંધાના દુઃખાવાનાં દર્દો થાય. પણ ટૂંકા સમયમાં રોગ દૂર થાય. વયોવૃદ્ધને મૃત્યુ તુલ્ય ફટકા પડે. જો જન્મના ગ્રહો મજબૂત હશે તો શુભ વર્ષ રહેશે.

**પારિવારિકઃ** સપરિવાર આનંદ ભર્યો ઉત્સવ ઉજવશો. ઘરમાં માંગલિક પ્રસંગો સર્જાય. કુટુંબ પાછળ નાણાં વાપરશો નહીં પણ વેડફશો. વૈભવી વસ્તુનો ઘરમાં વધારો થાય. વિવાહ માટે શુભ આશાવાદી વર્ષ રહે. સમય તમારો મિત્ર છે એટલે જીવનસાથીની પસંદગી કરી શકશો. સંતાનો માટે સારું વર્ષ રહે. સંતાનો તરફ વધુ કાળજી રાખશો તો ભાગ્યનો ઉદય થાય.

**નોકરિયાત-વેપારી વર્ગઃ** નોકરિયાત વર્ગને ઉપરી અધિકારી સાથે સંબંધો સુધરે. બદલી થાય. સહકર્મચારીથી ચેતીને ચાલવું. તમારી પાછળ કાવતરા ઘડાય માટે વિશ્વાસ મૂકશો નહીં અને કૂટનીતિથી નોકરીમાં સફળતા મળે.

વ્યવસાયમાં પુરુષાર્થ માગે છે પણ શઠ મિત્રોથી દૂર રહેવું તેમની વાતમાં આવવું નહીં. વધુ પડતો આત્મવિશ્વાસ વેપારમાં હરીફો વધારે છે. આપના કાર્યક્ષેત્રમાં સતત સાવચેત રહેવું. બેકાર જાતકોએ નોકરીની તક ઝડપી લેવી અને ચાલુ નોકરી હોય તો તેમણે શું મળે છે તે જોવું નહીં પણ કેવી રીતે ટકવું તે વિચારવું જરૂરી બને છે.

**આર્થિક સ્થિતિઃ** આર્થિક સ્થિતિ ગયા વર્ષ કરતાં મધ્યમ કફોડી રહેશે. ખોટા સાહસ કરવા નહીં. પછેડી પ્રમાણે સોડ તાણવી, ખર્ચાઓ ખૂબ જ છે. પણ કાર્ય અટકશે નહીં. કૌટુંબિક ખર્ચ વધુ થાય. જૂની લોન કે દેવું ભરપાઈ થાય. શૅર-લોટરીમાં જોખમ ન કરવું. નાણાં રોકાણ માટે સો વખત વિચારીને નિર્ણય કરવા. ‘‘લાલચ બૂરી ચીજ છે. માટે વધુ મેળવવામાં ક્યાંક લાખના બાર હજાર થાય. બૅન્ક બેલેંસમાં ઘટાડો થાય. લક્ષ્મીને રીઝવવા પ્રાર્થના ફળ મળે. નોકરીયાત વર્ગને આવક વધે નહીં. વારસાગત મિલકતથી આવક વધે.

**સ્થાવર સંપત્તિ સુખઃ**

આપની સ્થાવર મિલકતમાં વધારો થાય. તમારી ઈચ્છાઓ પૂર્ણ થતી લાગે. થોડી ઘણી બાંધછોડ કરશો તો મકાન-વાહનનાં સ્વપ્નાં પૂર્ણ થાય. વારસાગત મિલકતના પ્રશ્નો ઉકેલાય.

**પ્રવાસ :** નાની ધાર્મિક યાત્રા થાય. સપરિવાર પ્રવાસ ન કરવો. તમારા મુસાફરીના કાર્યક્રમમાં અવરોધ આવે કે અડધેથી પાછા આવવાનું થાય. નોકરી-વેપાર અંગે પ્રવાસ ન કરવો યોગ્ય રહે. વસ્તુ ચોરાઈ કે જોખમમાં મુકાઈ જાવ તેમ છે.

**શત્રુ-મિત્ર વર્ગઃ** રામ રમતની ચાલમાં તમારી જીત નિશ્ચિત છે. મિત્રથી વધુ પડતા લાગણીશીલ ના થવું. મિત્રોથી વિશ્વાસઘાત થાય.

જૂના કોર્ટ કચેરીના ધક્કામાં રાહત અનુભવો. તમારો વિજય નિશ્ચિત બની જાય છે. શત્રુઓ તમારું કંઈ બગાડી શકવાના નથી. માટે બેફિકર બનશો. કોર્ટકચેરીના ધક્કામાં રાહત અનુભવો.

**અભ્યાસઃ** અભ્યાસ કરનારે શરૂઆતમાં ટાઈમટેબલ પ્રમાણે અભ્યાસ કરવાથી વર્ષના અંતે શુભ પરિણામ મળે.

**બાર મહિનાનું રાશિફળઃ**

**કારતકઃ** મિત્રવર્ગથી લાભ થાય. વ્યવસાયમાં આવક વધે. સ્થાવર મિલકતમાંથી નાણાકીય આવકમાં વધારો થાય. કોર્ટકચેરીમાં વિજય મળે. કુટુંબમાં સુખ-શાંતિ જળવાય. નોકરિયાત વર્ગમાં જવાબદારી વધે.

**માગશરઃ** જમીન-મકાનનાં કાર્યો આગળ વધે. માતાનું સ્વાસ્થ્ય બગડે. મન અશાંત રહે. નાણાં ભીડ અનુભવો. આકસ્મિક ધન લાભ થાય. મુસાફરી ટાળવી. ખોટી દલીલમાં ન ઊતરતાં ચુપ રહેવું યોગ્ય રહે. સહોદર સાથે વિવાદ થાય.

**પોષઃ** આ માસમાં અધૂરાં કાર્યો પૂરાં થાય. સંતાનને વ્યાધિ આવે. દામ્પત્ય જીવનમાં ચકમક ઝરે. વારસાગત મિલકતમાં આવક વધે. સંતાનો ગેરમાર્ગે ન જાય તેની તકેદારી રાખવી. ઉતાવળા નિર્ણય કોઈ બાબતે કરવા નહીં.

**મહાઃ** વ્યવસાયમાં ભાગીદારીથી લાભ થાય. જીવનસાથીની તબિયત બગડે. નાના પાયે વ્યવસાય કરનારને લાભ થાય. ધીરધારના વ્યવસાય કરનારને નુકસાન થાય. લાંબી મુસાફરી બને ત્યાં સુધી ટાળવી.

**ફાગણઃ** આપના આરોગ્ય અંગે સાચવવું. અસ્થિભંગ થાય. સંતાનોની પ્રગતિ થાય. નોકરિયાત વર્ગને નોકરીમાં અડચણ દૂર થાય. કોર્ટ-કચેરીના પ્રશ્નો હલ થતા જણાય. પ્રભાવશાળી વ્યક્તિત્વથી ઘણી મુશ્કેલીઓ દૂર થાય.

**ચૈત્રઃ** નાણાકીય આવકમાં વધારો થાય. વ્યવસાયમાં ઉઘરાણી પરત આવે. કોર્ટ-કચેરીમાં વિલંબ થાય. દામ્પત્ય જીવનમાં વાતાવરણ સંઘર્ષમય રહે. કૌટુંબિક સુખ સારું મળે. મુસાફરીમાં સારું રહે. વિદ્યાર્થીવર્ગને મહેનતનું ફળ મળે.

**વૈશાખઃ** આપના ભાગ્યમાં લાગેલું તાળું ખુલી જશે અને ચાવી તમારા હાથમાં જ હશે. અત્યાર સુધીના અવરોધ એકપછી એક દૂર થતા જાય. સંપત્તિની લે-વેચમાં સાનુકૂળતા રહે. વ્યવસાયમાં સફળતા મળે. વિકાસના માર્ગે નવી દિશા ખુલે.

**જેઠઃ** મિત્રવર્ગથી લાભ થાય. આગ અકસ્માતથી નુકસાન થાય. નોકરિયાત વર્ગને ઉપરી અધિકારી સાથેના સંબંધો સુધરે. સગાઈ-વિવાહના શુભ પ્રસંગો કુટુંબમાં આવે. પ્રશંસા કરનાર મિત્રો ઉપર વિશ્વાસ મૂકશો નહીં.


**અષાઢઃ** બહારના સંપર્કથી લાભ થાય. આવકમાં વધારો થાય. વેપારમાં સ્થળાંતર થાય. નોકરિયાત માટે બદલીના સંજોગો ઊભા થાય. ઉપરી અધિકારી સાથે વિવાદ ટાળવો. વિદેશ યાત્રા શુભ રહે.

**શ્રાવણઃ** આપની નાણાકીય આવક વધે પણ ખર્ચને કાબુમાં રાખવા પડે. પ્રવાસ યાત્રામાં સફળતા મળે. લગ્ન બાબતે સમય ઉત્તમ રહે. વૈભવ-વિલાસી વસ્તુની ખરીદી માટે આ સમય શુભ રહે.

**ભાદરવોઃ** આ સમયમાં નવીન આશાઓ જણાય. વ્યવસાયમાં પ્રશ્ન ઉકેલી શકશો. વાણી દ્વારા ધનઉપાર્જન કરશો. કુટુંબમાં પ્રેમાળ અને લાગણીભર્યા સંબંધો રહે.

**આસોઃ** પરિવારમાં આપની જવાબદારીઓ વધે. દામ્પત્ય જીવનમાં ગેરસમજો દૂર થાય. સરકારી કાર્યો ઉકેલાતા જણાય. વ્યવસાય સંબંધી મિલકતમાં વધારો થાય.

આપના માટે આ વર્ષ આપનું નથી. ‘સિંહ ભૂખ્યો રહે પણ ઘાસ ખાતો નથી’’ તમારે આ વાક્યને અનુસરવું. જેથી આપની શાખ જળવાય અને ભાગ્ય સાથ આપશે. પણ ધનસંચય ન થાય. ધનની લાલચ છોડી આવકની સ્થિરતાને ટકાવી રાખવી. સાચી કદર આ વર્ષે થાય.




આપની રાશિમાં સ્થિર ગ્રહો મુજબ ગુરુ આઠમા ભાવે જે ૧-૫-૨૦૨૪થી નવમા ભાવે રહે છે. રાહુ સાતમા ભાવે રહે છે. શનિ છઠ્ઠા ભાવે રહે છે. જે શુભ ફળદાયી બને છે. સમય તમને સાથ આપે છે. ચિત્રરૂપી નાવડીમાં બેસી બંને હાથમાં અન્ન અને અગ્નિ છે તો નાવડીના હલેસા કોણ મારે અને નાવડીના હલેસા મારવા જાશો તો હાથ ખાલી થઈ જશે. આ વાક્યનો મર્મ સમજી શકશો. એકંદરે શુભ વર્ષ રહેશે.

**માનસિક અને શારીરિક સ્થિતિઃ**

આ વર્ષે આપની માનસિક સમતુલા જળવાશે. મુશ્કેલીમાંથી બહાર આવી શકશો. સમાજમાં શુભ કાર્યો થાય. તમારી કદર થાય. મનમાં શાંતિ અને સંતોષનો અનુભવ થાય. ‘હિંમતે મર્દા તો મદદે ખુદા’ આ વાક્યની ગાંઠ મારી ગમે તે કાર્યમાં જંપલાવશો તો ફતેહના ડંકા વાગશે જ. શારીરિક-આરોગ્ય વર્ષ દરમિયાન અસ્વસ્થ રહ્યા કરે. છતાં મોટી બીમારી નથી. મંદવૃદ્ધિ થાય. લોહીને લગતી તકલીફ થાય. મગજની નબળાઈનાં દર્દો થાય. ખાવામાં ઝેરી કે નશીલા પદાર્થોથી દૂર રહેવું. ગુપ્ત અંગોનાં દર્દો થાય. ટૂંકા ગાળાના રોગ થાય. ત્વરિત સારું થઈ જાય.

**પારિવારિકઃ** અહીં ‘ધરતીનો છેડો ઘર’ આ વાક્ય આપને લાગુ પડે છે. તમારા પરિવારજનોથી સહકાર અને પ્રેમનું વાતાવરણ મળે. દામ્પત્ય જીવનની ગેરસમજો દૂર થશે અને સંવાદિતાભર્યું મધુર લગ્નજીવન જીવી શકશો. વિવાહ યોગ્ય યુવાનો માટે આ વર્ષ ઉત્તમ રહે. સંતાનો અંગેની ચિંતા દૂર થાય અને સંતાનોની પ્રગતિ થાય. પરિવારના સભ્યો તરફથી સાથ-સહકાર મળે. પણ બહારની અન્ય વ્યક્તિની વાત ઉપર વિશ્વાસ કરવો નહીં નહીંતર તિરાડ પડી જશે અને સંયુક્ત કુટુંબ ઉપર નજર લાગી હોય તેવું દશ્યમાન થશે. સૌનું વિચારીને નિર્ણય કરવા. વડીલવર્ગની સલાહને માન આપશો તે યોગ્ય રહે.

**નોકરિયાત-વેપારી વર્ગઃ** નોકરિયાત વર્ગને ચઢતીનો સમય રહે. સહકર્મચારી સાથે બગડેલા સંબંધો સુધરે. ખોટા વિવાદમાં ઊતરતા નહીં. સૌની હામાં હા મેળવી ચાલશો તો બાજી તમારા હાથમાં છે. નોકરીમાં બદલી થાય. વર્ષની મધ્યમાં સ્થળાંતર થાય.

વ્યવસાયમાં આ વર્ષે વિકાસ અને વૃદ્ધિકારક રહે. અવરોધ આવે પણ તેની પરવા કર્યા વિના પોતાના લક્ષ્ય તરફ મીટ માંડશો તો સફળતાના શિખરે બિરાજમાન થશો. ખોટાં સાહસ કરવા નહીં. નવીન તક આવશે જેને વધાવી લેવી. નવી યોજના અમલમાં મૂકશો તો તેનાથી લાભ થશે. નવી મિલન-મુલાકાતો ભવિષ્યમાં કામ આવશે. વેપારી વર્ગને માટે આ વર્ષ ‘સોનાનો સૂરજ’ સમાન છે.

**આર્થિક સ્થિતિઃ** અહીં આપની નાણાકીય સ્થિતિ સુધરતી જાય. અર્થ પ્રાપ્તિ માટેનો સમય બળવાન છે. માટે આ વર્ષે નાણાં પ્રાપ્તિનાં સ્થળોનો લાભ લઈ શકશો. શેર લોટરીથી ધનલાભ થાય. જૂના દેવાનો પતાવટ થાય. બૅંક બેલેન્સમાં વધારો ન થાય છતાં નાણાકીય આવકમાં વધારો જરૂર થશે. ખર્ચ પ્રવાસ, પરિવાર પાછળ નાણાકીય આવકમાં વધારો જરૂર થશે. ખર્ચ પ્રવાસ, ધર્મ કલ્યાણ પાછળ ખર્ચ થાય. વારસાગત મિલકતની લે-વેચથી લાભ થાય. નોકરી દ્વારા આવકમાં વધારો થાય. લક્ષ્મીજીની પૂર્ણ કૃપા આપની ઉપર છે. પુરુષાર્થને નીતિથી ધન ઉપાર્જન કરશો તો એળે નહીં જાય.

**સ્થાવર સંપત્તિ સુખઃ** સ્થાવર સંપત્તિમાં વર્ષ દરમિયાન વધારો જોઈ શકાય. (સપનો કા મહલ) આ વર્ષે સાકાર થાય. તે અંગે જરૂરી લોન અને અન્ય રીતે નાણાકીય સહાય મળતી જણાય. નવા વાહન ખરીદવાની ઈચ્છા પૂર્ણ થાય. તમારો પુરુષાર્થ ઘરનું ઘર કરવામાં સફળતા આપે છે.

**પ્રવાસઃ** આ વર્ષે પ્રવાસ યાત્રા શુભ છે. વિદેશયાત્રા કરવાની ઈચ્છા પૂર્ણ થતી જણાય. આનંદીત વાતાવરણ રહે. પ્રવાસ-યાત્રામાં વધારે સમય ગાળો. સપરિવાર યાત્રા સફળતા મળે. વ્યવસાય અર્થે પ્રવાસ સફળ થાય.

**શત્રુ-મિત્રવર્ગઃ** મિત્રો ફક્ત કહેવાના જ રહેશે. વિઘ્ન પડે ત્યારે દુઃખમાં પાછળ રહે તેવા મિત્રોની ઓળખ ઊભી થાશે. માટે આપની સમસ્યા મિત્રોને આગળ ‘બંધ મુઠ્ઠી ન ખોલવી’ યોગ્ય રહે.

શત્રુ વર્ગ માટે આ વર્ષે અવળા પાસા પડતા જણાય. એટલે કે તમારા માટે ‘પોબારા’ સાચાં છે. કોર્ટ-કચેરીમાં સફળતા મળે. કાયદાકીય ક્ષેત્રે સંકળાયેલા હશો તો પ્રમોશન મળે. તમારા કાર્યની કદર થાય. વેપારમાં હરીફો ફાવે નહીં.

**અભ્યાસઃ** આ વર્ષે મહેનતના પ્રમાણમાં ફળ મળતું જણાય. ઉચ્ચ અભ્યાસ કરતા વિદ્યાર્થી માટે સફળતાની તકો છે.

**બાર મહિનાનું રાશિફળઃ**

**કારતકઃ** વ્યવસાયમાં નાણાકીય સાહસથી લાભ થાય. નોકરિયાત વર્ગને આ સમય ઉન્નતિકારક રહે. અંગત આરોગ્ય બગડે. વાણી દ્વારા ધન ઉપાર્જન થાય. વારસાગત મિલકતથી લાભ થાય. કુટુંબમાં વડીલ વર્ગ સાથે મતભેદ સર્જાય. દામ્પત્ય જીવનમાં સ્નેહભર્યા સમય પસાર થાય.

**માગશરઃ** આ માસમાં યાત્રા પ્રવાસ સફળ થાય. નોકરીમાં બદલી થાય. ન ધારેલા કાર્યમાં સાહસથી સફળતા મળે. નવીન મુલાકાતો થાય. સહોદરથી લાભ થાય. નાણાકીય મુશ્કેલી વધે. આવક કરતાં જાવક વધી જાય.

**પોષ :** આ માસમાં મનબેચેની અને વ્યગ્રતા અનુભવે. દામ્પત્યજીવનમાં ખટરાગ થાય. કવચિત વિયોગના પ્રશ્નો બને. વ્યાપારમાં ચડતી-પડતી થાય. છુપા શત્રુ ઊભા થાય. સંતાનોની તબિયત અસ્વસ્થ જણાય.

**મહાઃ** સ્થાવર મિલકતના પ્રશ્નો હલ થાય. નવા વાહન-મકાનની ખરીદી કરવામાં ફાયદો થાય. તબિયત નાદુરસ્ત જણાય. ગૃહજીવનમાં ગેરસમજો ઊભી થાય. જે માસના અંતે સમાધાન થાય. વ્યવસાયોમાં યોગ્ય નિર્ણય ન લઈ શકાય. નોકરિયાત વર્ગને ઉપરી અધિકારીથી લાભ થાય.

**ફાગણઃ** દામ્પત્ય જીવનમાં માનસિક તણાવ રહે. અશાંતિ અને ઉદ્વેગ ભરેલું વાતાવરણ રહે. નોકરીમાં ધાર્યું પરિણામ ન મળે. બદલી થાય. સગાઈ-વિવાહ અંગેના કાર્યમાં પ્રગતિ થાય. સંતાનોની પ્રગતિ થાય. વેપારમાં હરીફ શત્રુ ઊભા થાય.

**ચૈત્રઃ** લગ્નજીવનની શરૂઆત કરનાર માટે આ સમય શુભ રહે. અભ્યાસમાં ધાર્યું પરિણામ મળે. આરોગ્ય હજુ અસ્વસ્થ રહેશે. શત્રુવર્ગ પીઠ પાછળ નિંદા કરનાર ઊભા થાય. ભાગીદારથી લાભ થાય.

**વૈશાખઃ** આકસ્મિક ધન લાભ થાય. તમારા વેપારમાં મુશ્કેલીનો સામનો કરવો પડે. ખર્ચ વધી જાય. શૅર-લોટરીમાં જોખમ કરવું નહીં. સંતાન સંબંધી ચિંતાઓ દૂર થાય. જીવનસાથી સાથે વિસંવાદિતા વધે. ‘કમ ખાઓ અને ગમ ખાઓ’ની નીતિ અપનાવવી શાંતિ જળવાય. વિદેશયાત્રા સફળ થાય. કોર્ટ કચેરીમાં નુકસાન થાય. મનની મૂંઝવણ વધે. સઘળું ઈશ્વર ઉપર છોડવાથી આ સમય શુભ રહેશે.

**જેઠઃ** આ માસમાં ઘણાં જ અવરોધ આવે. કામ વગર દોડાદોડી થાય. ભાગીદાર સાથે મનદુઃખના પ્રસંગો બને અથવા વેપારમાં ભાગીદાર છુટા થાય. ગૃહજીવનમાં ચકમક રહે. બજેટમાં ઉધાર પાસુ વધુ રહે. ગૃહજીવનમાં નવીન માંગલિક કાર્યો થાય. જે આકસ્મિક ખર્ચ પણ ગણી શકાય. કોર્ટ-કચેરી થાય. તમારા વિરુદ્ધ કાવાદાવા થાય. જેના ભોગ બની શકો. આધ્યાત્મિક વાતાવરણમાં રહેવાથી શાંતિ જળવાય.

**અષાઢઃ** વારસાગત મિલકતના પ્રશ્નો ઉકેલાય. મિત્ર વર્ગથી ધનલાભ થાય. વ્યવસાયમાં હજુ સમય પ્રગતિકારક નથી. સ્થિરતાને ટકાવી રાખવી. ધીરજ અને બુદ્ધિપૂર્વક સમયને પસાર કરવાથી આપ લાભમાં રહો. વાણી દ્વારા સંબંધો વણસી શકે છે.

**શ્રાવણઃ** નોકરીમાં ઉપરી અધિકારી સાથે સંબંધો બગડે. લાંબી યાત્રા માટેની તૈયારી શરૂ થાય. વડીલવર્ગને તબિયત લથડતી જણાય. ખોટી દલીલોનો ત્યાગ કરવો. વ્યવસાયમાં કાર્યબોજ વધે. પણ આવકમાં શૂન્ય જ મળે. બહારના સંપર્કથી લાભ થાય.

**ભાદરવોઃ** દામ્પત્ય જીવનમાં વિશ્વાસ મૂકી કાર્ય કરવું. મનોબળ મજબૂત કરી આપ અધૂરા કાર્ય પૂરા કરી શકશો. નવીન દિશા મળે. એક પછી એક કાર્ય પૂરા થવા લાગે. વિદેશયાત્રા સફળ થાય. આરોગ્ય સાચવવું.

**આસોઃ** વ્યવસાયમાં વાણી દ્વારા ધન ઉપાર્જન થાય. જૂની ઉઘરાણી પરત આવે. પરિવારમાં શુભ પ્રસંગો બને. દામ્પત્ય સુખમાં ઊણપ રહે. માનસિક રીતે શાંતિ રાખવાથી પરિસ્થિતિ થાળે પડતી જણાય.

આ વર્ષ તમારા માટે શુભ છે. ગ્રહોની માયાજાળ અશુભ ફળ આપતી નથી. વર્ષમાં ધારેલાં અનેક કાર્યો પાર પડે. ઈશ્વરનો ડર રાખી શુભ કાર્ય કરશો તો સફળતા અચૂક મળશે જ અને હંમેશાં હકારાત્મક વલણ અપનાવવું યોગ્ય રહે.




આ વર્ષ ગુરુ મહારાજ સાતમા ભાવે ૧-૫-૨૦૨૪થી આઠમા ભાવે આગમન કરશે. ધર્મ ક્ષેત્રે સફળતા આપે. રાહુ છઠ્ઠા ભાવે શુભ ફળદાતા બને છે. નોકરીમાં ઉચ્ચપદની પ્રાપ્તિ માટે શુભ બને છે. શનિ મહારાજ પાંચમા ભાવે સમાજમાં વાહવાહ કરાવે. શાખ-પ્રતિષ્ઠામાં વધારો કરાવે.

**માનસિક સ્થિતિઃ** બાહ્ય વાતાવરણની મનમાં ઊંડી છાપ ન પાડવી. ‘પછેડી પ્રમાણે સોડ તાણવી’. મનથી સંતોષ રાખવો. ખુશામત કરવાથી અવગુણો ઢંકાઈ જાય છે. માટે આપની ચેતના શક્તિ અને આત્મવિશ્વાસને ટકાવી શકશો. અહંકાર અને જીદ્દી વર્તનનો ત્યાગ કરવો, નહીં તો મન દુઃખોથી ભરાઈ જશે. ખોટી શંકા, વહેમથી દૂર રહેવું. સામે પવને ચાલવાનું હોવાથી મનને અણ રાખી વિજયની કૂચ કરવી, કોઈ શું કહેશે તેની પરવા ક્યારેય કરશો નહીં. તમારા માટે શું યોગ્ય છે તે વિચારીને ચાલશો તો માનસિક સ્થિરતા જળવાશે.

આરોગ્ય અંગે ખાનપાનમાં પરેજી રાખવી. વ્યસનથી દૂર રહેવું. કુદરતી ઉપચારથી આરોગ્ય જળવાય. આધ્યાત્મિક જ્ઞાન અપનાવી ખોટા વહેમથી દૂર રહેવું નહીં તો, કોથળામાંથી બિલાડા જેવું નીકળશે, કોઈ મોટી બીમારી નથી. વડિલવર્ગને તબિયત અંગે ખાસ સાચવવી. તંદુરસ્તી જોખમાય તેમ છે.

**પારિવારિકઃ** આ વર્ષે પરિવારમાં એકતા જળવાય તે માટે તમારે ઘણો જ ત્યાગ કરવો પડશે. પરિવારમાં તિરાડ પડે. વિયોગ થાય. તેવા પ્રસંગો બને. નાણાકીય નુકસાન સહન કરવું પડે. આપ વડિલ તરીકે હોય તો અન્ય સભ્યો પોતાની મર્યાદા ઓળંગી તમારી પ્રતિષ્ઠાને હાનિકર્તા બની શકે છે. ધીરજ અને શાંતિથી નિર્ણય કરવા તમારો નિશ્ચય અડગ છે. તે પ્રમાણે વર્તન રાખી પરિવારના સભ્યોને સમજાવી શકો તો ઘણું જ સારું રહે. જીવનસાથી સાથે અણબનાવ બને. છૂટાછેડા સુધી વાત પહોંચી ન જાય તેની તકેદારી રાખી નમતું જોખવું. સંતોનોથી ઉપાધિ આવે. તેમની ચિંતા રહ્યા કરે.

**નોકરિયાત વર્ગ અને વેપારી વર્ગ :** નોકરિયાત વર્ગને આ વર્ષ શુભ રહે. ખોટી આળ-કોર્ટ-કચેરીમાંથી બહાર આવે, નોકરીમાં બઢતી મળે- બદલી થાય. સ્થળાંતર થાય. વ્યવસાય કરનારને વેપારમાં સૂઝ પડે નહીં અને નુકસાની સહન કરવી પડે. સંઘર્ષમય સમય પસાર થાય. આવડત અને બુદ્ધિથી કામ સંભાળવું તેમ જ સાહસ તો કરવું જ નહીં... ચાલુ વ્યવસાયમાં ટકી રહેવા ખૂબ જ મહેનત કરવી પડે. ગુસ્સાને કાબૂમાં રાખી વાણી પર સંયમ રાખવો. આ સમયે મીઠીવાણીથી સંબંધો સચવાય તે જરૂરી બને છે. સારો સમય તમારો આવશે તે આશાએ ચૂપ રહેવું યોગ્ય.

**આર્થિક સ્થિતિઃ** આ વર્ષે લક્ષ્મીજી આપના પર રીઝેલા રહેશે. લક્ષ્મીની રેલમછેલ થાય. ન ધારેલી આવક પ્રાપ્ત થાય. ગુપ્ત વારસો પણ મળી શકે. ભૂતકાળમાં કરેલાં રોકાણ બચત સ્વરૂપે આ વર્ષે મળી શકે. વ્યવસાયમાં ઉઘરાણી મળે. જૂના દેવા પૂરા થાય. અગત્યની લોન પાસ થાય. નાણાંકીય સદ્ધરતા રહે, પણ આવકને ખર્ચમાં ફેરવતા વાર નહીં લાગે. નાણાંકીય સાહસ કરવા નહીં. દવ્યસુખમાં વધારો થાય. ખોટા દેખાડો કરવાથી નાણાં વપરાશે નહીં પણ વેડફાશે. લક્ષ્મીજી સામે ચાલીને આવ્યા છે તો વ્યર્થ ઉપયોગ ન કરવો આપના માટે યોગ્ય રહે.

**સ્થાવર સંપત્તિ સુખ :** આ વર્ષે આ બાબત યાદગાર બની જશે. જૂના મકાનની ખરીદ-વેચાણ થાય. વારસાગત મિલકત-જમીનનો નીવેડો આવે. સમાધાનથી સ્થાવર મિલકતમાં પતાવટ થાય. તે વધુ સારું ફળ મળશે. આપના નવા મકાન-વાહન અંગેની ઈચ્છા પૂર્ણ થશે. મોટી ફેક્ટરી, દુકાન, ઑફિસ વગેરે વ્યવસાય અર્થે લેવામા. આ વર્ષે શુભ બને પણ ભાગીદારી નહીં - ખોટી જગ્યાએ નાણાં રોકાણ થતા નથી. ને તે જોઈને રોકાણ કરવું. ભાડાની આવક ચાલું થાય. આપના મકાનમાં લોન-કરજ હોય તે ભરપાઈ થઈ જાય. શાંતિનો શ્વાસ લઈ શકશો.

**પ્રવાસ :** વ્યવસાય અર્થે પ્રવાસ-યાત્રા સફળ થાય. ધાર્મિક કાર્ય અર્થે વિદેશયાત્રા સફળ બને, પણ સપરિવાર વ્યર્થ પ્રવાસ કરવો નહીં. ઘર એક મંદિર રહેવું યોગ્ય રહે. ધર્મના નામે પ્રવાસ ટાળવો.

**શત્રુ-મિત્રવર્ગ :** મિત્રવર્ગથી વિશ્વાસ ઊઠી જાય તેવા પ્રસંગો સર્જાય. ખાસ મિત્રો સાથે નાણાકીય વ્યવહાર ન કરવો અથવા નાણાંની લેવડ-દેવડનો હિસાબ જતો કરશો તો મિત્રતા ટકી રહેશે. સમય મિત્રોની પરીક્ષા કરાવે, પણ મિત્રોને જો કાયમી રાખવા માગતા હોય તો સમય તમારી સાથે નથી તેમ માનશો.

કોર્ટ-કચેરીની જાળમાં ફસાઈ ન જાવ તેની તકેદારી રાખવી-થોડું જતું કરી નાખવું સારું, પણ કાયદાકીય બાબતે પડશો નહીં. નુકસાની થાય. શત્રુ વર્ગ ઊભા થાય. સાચ ને આંચ ન હોય, તમારી ઈમાનદારી અને કડવું સત્ય હશે તો દુશ્મન તમારું કંઈ જ

# રાશિ ભવિષ્ય

મુંબઈ સમાચાર

# વિક્રમ સંવત ૨૦૮૦

બગાડી નહીં શકે. મનમાં ખોટા તુક્કા ગોઠવી આરોગ્ય ન બગાડશો.

**અભ્યાસ :** વિદ્યાર્થીવર્ગને અભ્યાસમાં મન લગાવી પૂરી તૈયારી સાથે પરીક્ષા આપે તો સફળતા પૂર્ણ મળશે જ. આરોગ્ય બગડે નહીં તે જોવું. સરસ્વતીની ઉપાસના-અધ્યયનમાં પૂરતું ધ્યાન આપો, તો સફળ થાશો.

**બાર મહિનાનું રાશિફળઃ**

**કારતકઃ** દામ્પત્ય જીવનમાં ગેરસમજ ઊભી થાય. નાણાંનો વ્યય થાય. વિદેશ આવકમાં વધારો થાય. વ્યવસાયની પ્રગતિ માટે સમયની રાહ જોવી પડે. નોકરિ-યાત વર્ગ ઉન્નતિકર્તા રહે. આવક વધે. શત્રુ વિજયી બનો.

**માગશરઃ** જૂની ઉઘરાણી પરત આવે, વ્યવસાયમાં આવકમાં સાધનો વધે. જીવનસાથી સાથે સમાધાન થાય. વાણીમાં મીઠાશ રાખવી યોગ્ય રહે, ખોટા દેખાવ કરવામાં ફસાવું નહીં.

**પોષઃ** આ સમય કામ પૂરંતુ બોલવું. મુસાફરી યાત્રા ઉત્તમ થાય. આરોગ્ય બગડે. નોકરી-વ્યવસાયમાં પરિવર્તન આવે. સંતાનો અંગે ચિંતા રહે,ખર્ચના ખાડામાં ઊતરી જાવ.

**મહાઃ** જમીન-મકાનમાં પ્રશ્નોનાં ઉકેલ આવે. વૈભવશાળી વસ્તુની ખરીદી થાય. સંતાનોની તબિયત સુધરે. મોટા વર્ગનાં વ્યક્તિની ઓળખાણ થાય. રેતીના કણમાં હિરાનાં ઔસનાં દર્શન થાય.

**ફાગણઃ** નોકરી-વ્યવસાયમાં ઉન્નતિ થાય. નોકરિયાત વર્ગને ઉપરી અધિકારી સાથે સંબંધો સુધરે. ઉચ્ચપદ મળે. જમીન-મકાનમાં લે-વેચ કરનારને શુભ સમય રહેશે. વાહન અંગે પરિવર્તન થાય. નાણાકીય ખર્ચ ખોટા રસ્તે થાય. પ્રશંસા કરનાર વ્યક્તિથી દૂર રહેવું. સમાજમાં ઉચ્ચપદ ન મળે તો કાંઈ નહીં, પણ અપયશ ન મળે તેની તકેદારી રાખશો.

**ચૈત્રઃ** કુટુંબમાં આનંદ અને પ્રેમાળ વાતાવરણ જોવા મળે. વૈભવ-વિલાસી જીવનની પળો માણી શકશો. સંતાનો માટે અટકેલા કાર્યો પૂરા થાય. વ્યવસાયમાં ભાગીદારથી લાભ થાય. કોર્ટ-કચેરીમાં વિજય મળે.

**વૈશાખઃ** નોકરીમાં ઉપરી અધિકારી સાથે મતભેદ થાય. શત્રુ વર્ગ ઊભો થાય. ખોટા આળ આવે માટે સાવધાની રાખવી. કોર્ટ-કચેરી થાય. વારસાગત મિલકતના પ્રશ્નો ઉકેલાય. પડવા-વાગવાથી શરીરમાં અસ્થિ ભંગ થાય. આકસ્મિક ઉદરને લગતી શસ્ત્રક્રિયા થાય. પ્રવાસ-ચાત્રા ટાળવી.

**જેઠઃ** બેંક-બેલેન્સમાં વધારો થાય. આકસ્મિક ધનલાભ થાય. કુટુંબ અર્થે ખર્ચ પણ વધી જાય. વ્યવસાયમાં વિશ્વાસ મૂકવો નહીં. નવીન મુલાકાતો લાભકર્તા રહે વિદ્યાર્થીવર્ગને શુભ સમય રહે. ગૃહજીવનમાં વિખવાદ બાદ શાંતિ જળવાય. આરોગ્ય અંગે કાળજી રાખવી. આંખના રોગ થાય.

**અષાઢઃ** જમીન-મકાનના પ્રશ્નો હલ થાય. નવી સ્થાવર મિલકતની ખરીદી કરવી શુભ રહે. વ્યવસાયમાં નવી ઓળખાણ થાય. નવી તક સાંપડે. સમાજમાં ઉચ્ચપદ મળે. આત્મવિશ્વાસ દરેક કાર્યને પૂર્ણ કરે છે.

**શ્રાવણઃ** સમયની સાથે ચાલવું. મૃગજળના દર્શન બરાબર બધે જ લાભ દેખાય, પણ હાથમાં હવા જ આવે. વેપારી વર્ગને ચડતી-પડતી રહે. ગ્રાહક સાથે ચકમક રહે. મિલકતના પ્રશ્નો યથાવત્ રહે. સરકારી કાર્યોની પતાવટ થાય.

**ભાદરવોઃ** વિવાહ માટેની તૈયારી પૂર્ણ થાય. આ માસમાં આપ પ્રભુતામાં પગલાં પાડી શકશો-દામ્પત્ય જીવનમાં મધુરતા રહે. સર્વકાર્યોમાં સફળતા મળે. વિદેશ-યાત્રા શુભ.

**આસોઃ** નોકરી-વ્યવસાયમાં સ્થળાંતર થાય. બેંકલોન પાસ થાય. શત્રુવર્ગ ઉપર વિજય મળે. આગ-અકસ્માતથી નુકસાન થાય. વિદ્યાર્થીવર્ગને સફળતા મળે.

આ વર્ષે આપ વાસ્તવિક જીવન જીવવાની કોશિશ કરશો તો સમાજમાં માન-પ્રતિષ્ઠા જળવાશે. ખોટી-નકલી પાંખ લઈ આકાશમાં ઊડવાની કોશિશ નકામી જશે. કૌટુંબિક વિયોગ થાય કે મનદુઃખ થાય તેવા પ્રસંગો બને. મહત્ત્વની મુસાફરી થાય. ધારેલા કામ-કર્મ આધિન પાર પડે. ઈષ્ટદેવની ઉપાસના માટે સમય શુભ રહેશે.

## વૃશ્ચિક
**ન, ય**

આ વર્ષે આપના માટે સુખ, સમૃદ્ધિ અને કલ્યાણકારી નીવડે. વર્ષની શરૂઆતમાં શનિ ચોથા ભાવે નાનીપનોતી સ્વરૂપે વિરાજમાન છે સોનાના પાયે ચિંતાઓથી ઘેરાયેલા રખાવે છે. રાહુ પાંચમા ભાવે મિશ્રફળદાયી બનશે. ગુરુ ગ્રહ ૧-૫-૨૦૨૪થી સાતમાભાવે જે રોગમાંથી મુક્તિ મળે ને શત્રુ વિજયી બનાવે છે.

**માનસિક અને શારીરિક સ્થિતિ :** આ વર્ષ દરમ્યાન આપની માનસિક સ્થિતિ વિચાર કરતા કાર્ય તરફ વધુ રહે. સાગરને મળવા નદી આતુર હોય છે. તેમ આપને મંજિલ સુધી પહોંચવા આ સમયે સાનુકૂળ બતાવે છે. ભૂતકાળના બનાવની ભૂલને વર્તમાનમાં વિચરતા શીખો.

શારીરિક આરોગ્ય કથળે. શરીરમાં નબળાઈ, રક્તજન્ય રોગ, ચેપી રોગ થવાની શક્યતા બતાવે છે. વર્ષની મધ્યમાં આરોગ્ય સુધરે. માનસિક અવસ્થતા વધુ રહે. ‘‘ન જાણ્યુ જાનકીનાથે સવારે શું થવાનું છે.’’ તો આપણે કાળામાથાના માનવીએ વ્યર્થ ચિંતાઓથી વર્તમાન સમયનો આનંદ કેમ ન માણીએ.

**પારિવારિકઃ** પરિવારના સભ્યો પોતાના સ્વાર્થ માટે તમારા નાણાનો ઉપયોગ કરતા જણાય. પરિવારના સભ્યો પોતાની વસ્તુ અને કામ કરવા તમારો ભરપુર ઉપયોગ કરશે. આપનાર ભોગની સવાર પડે તેની રાહ વર્ષના અંત સુધી જોવાની રહેશે. કુટુંબમાં જૂના સંબંધો સુધરે, માંગલિક પ્રસંગો બને, દામ્પત્ય જીવનમાં લાગણી ભર્યા સંબંધો જળવાય. લગ્ન અંગેની બાબતોમાં સફળતા મળે. વડીલવર્ગની હૂંફ મળે. સંતાનોના પ્રશ્નોનો હલ થાય.

**નોકરી-વેપારીવર્ગ :** આ વર્ષે નોકરીમાં ઉચ્ચપદ પ્રાપ્ત થાય. સહકર્મચારી સાથે સંબંધો સુધરે. રાજકીય ક્ષેત્રે સફળતા મળે. કોર્ટ-કચેરીમાં સફળતા મળે. ‘ઈલમકી લકડી કા જાદુ સબ પે ચલેગા.’

વ્યવસાયમાં નવીન તક મળે, પણ પાંજરામાં પૂરાયેલા પોપટ જેવી સ્થિતિ થાય. સોનાની સાંકળે તમને બાંધેલા હોય તેવો અનુભવ વેપારમાં થાય માટે સમયને ન્યાય આપી આપણા સ્વતંત્ર વેપારમાં ભાગીદાર ન કરવા અને થોડામાં સંતોષમાની વ્યવસાયમાં શાંતિથી સાહસ નાના પાયે કરવા. તમારા ધાર્યા કામો પાર પડે.

**આર્થિક સ્થિતિ :** આ વર્ષે નાણાકીય મુશ્કેલીમાંથી માર્ગ મળે. આવકના સાધનો મળી રહે. પરિવારમાં વધુ નાણાનો વ્યય થાય. ભરતી, ઓટ આવે છતાંય તકનો લાભ લઈ આવકમાં વૃદ્ધિ કરી શકશો. રોગ અને શત્રુ પાછળ ખર્ચ થાય. લક્ષ્મી ચાંદલો કરવા આવે ત્યારે મોં ન ધોવાય આ કહેવત અનુસાર વર્તશો તો સુખદાયી વર્ષ રહેશે. વધુ પડતા લાગણીના પ્રવાહમાં તણાતા નહીં. અજાણ્યા માટે પરોપકારી ધની બનશો. શેર-લોટરીમાં જોખમ કરશો નહીં.

**સ્થાવર સંપત્તિ સુખઃ** સ્થાવર સંપત્તિ બાબતે આ વર્ષ ઉત્તમ રહે. અટકેલા કાર્યો પૂરા થાય. નવા મકાન લેવાની ઈચ્છા પૂરી થાય. અને તે અંગે નાણાકીય મદદ મળી રહે. વારસાગત મિલકતના પ્રશ્નો વર્ષના અંતે ઉકેલાય.

**પ્રવાસઃ** પ્રવાસ યાત્રા સફળ થાય. લાંબી મુસાફરી થાય જે સુખદ રહે.

**શત્રુ-મિત્રવર્ગઃ** મિત્રોથી સુખ-શાંતિમય સમય પસાર થાય. મિત્રોના વ્યવહારો શુભ પરિણામ આપે નવા મિત્રોની ઓળખાણ પૂરેપૂરી ન થાય ત્યાં સુધી વિશ્વાસ ના મૂકવો.

શત્રુવર્ગની પીછેહઠ થાય. કોર્ટ-કચેરીમાં વિજય પતાકા મળે. વિજયરૂપી ડંકો તમારો સર્વત્ર વાગશે છતાંય તમારે શાંત બની બેસવાનું નથી, પણ હરિફો શું કાવા-દાવા રમે છે તેની નોંધ જરૂર બનશે.

**અભ્યાસઃ** વિદેશમાં અભ્યાસ કરવાની ઈચ્છા પૂર્ણ થાય. ઉચ્ચ ડિગ્રી મળે. વિદ્યાર્થીવર્ગને અભ્યાસમાં મહેનતનું ધાર્યું પરિણામ મળે છે. વર્ષના અંતે ઈતર પ્રવૃત્તિમાં ધ્યાન આપવું નહીં.

**બાર મહિનાનું રાશિફળઃ**

**કારતકઃ** પડવા-વાગવાથી નુકસાન થાય. મિત્રવર્ગથી ધનલાભ થાય. વ્યવસાયમાં તક આવે તે ઝડપી લેવી. શત્રુવર્ગ ઉપર વિજય મળે. નોકરિયાત વર્ગને ઉપરી અધિકારી સાથે મતભેદ સર્જાય.

**માગશરઃ** આ માસમાં કાર્યો પૂરા થાય. મોટા વર્ગની વ્યક્તિની ઓળખાણથી અગત્યના કાર્યો થાય. દામ્પત્ય જીવનમાં મધુરતા રહે. લગ્નયોગ યુવાવર્ગ માટે ઉત્તમ સમય રહે. સંતાનોની ચિંતા રહે. નોકરિયાત વર્ગને મધ્યમ સમય રહે.

**પોષઃ** વ્યવસાયમાં કામ વધી જાય અને થોડા અનુભવો મુશ્કેલીમાંથી માર્ગ મળે. પ્રવાસમાં વિઘ્ન ઊભા થાય. અંગત આરોગ્ય બગડે. શત્રુવર્ગથી સાવધ રહેવું.

**મહાઃ** જમીન-મકાનની ખરીદી-વેચાણ માટે શુભ સમય રહે. સંતાનોની પ્રગતિ થાય. જીવનસાથી સાથે ગેરસમજ ઊભી થાય. આવક કરતા જાવક વધે. મિત્રવર્ગથી વિશ્વાસઘાત થાય. વેપારમાં લક્ષ્ય રાખવું જરૂરી બને.

**ફાગણઃ** કોઈ અણબનાવ ન બને તે જોવું. કોર્ટ-કચેરી થાય તેમાં સમાધાનનું વલણ અપનાવવાથી લાભ થાય. સંતાનો અંગેની ઈચ્છા પૂરી થાય. નોકરીમાં બદલી થાય. પ્રમોશન મળે. સહોદર સાથે સંબંધો સુધરે.

**ચૈત્રઃ** નોકરીમાં ખોટા આળ ન આવે તેમ જ અગત્યના કાગળો પર સહીસિક્કા કરતાં સાચવવું. આવક કરતાં ખર્ચ વધી ન જાય તે માટે બજેટ અગાઉથી નક્કી કરવું. આયોજનપૂર્વક કાર્ય કરશો તો ઝડપથી થશે. કોર્ટ-કચેરીમાં નુકસાન થાય. જીવનસાથી સાથે મતભેદ થાય.

**વૈશાખઃ** વ્યવસાયમાં નવા સાહસ કરવાથી લાભ થાય. સમાજમાં અપયશ મળે અપમાનના ઘૂંટડા પીવા પડે માટે તેવા કાર્યો મુલતવી રાખવા. સગાઈ-વિવાહનાં સંબંધો તૂટે નહીં માટે વાણીમાં-વિચારમાં સંયમ રાખવો. મકાન-વાહનની ખરીદી માટે યોગ્ય સમય રહે.

**જેઠઃ** વિદ્યાર્થીવર્ગને સફળતા મળે. વ્યવસાયમાં પ્રગતિ થાય. પ્રવાસયાત્રા-મુલતવી રાખવા. નાણાકીય ભીડ અનુભવો. દેવું થાય. વ્યાજે નાણાં લેવાના પ્રસંગો બને. નવીનકાર્યો માટે શુભ સમય રહે.

**અષાઢઃ** નાણાકીય મુશ્કેલી વધતી જાય. જમાપાસુ નીચું રહે. વ્યવસાયમાં છેતરામણી ન થાય તેની તકેદારી રાખવી. નોકરિયાત વર્ગને માસના અંતે શુભ સમય રહે. સંતાનોની ઉપાધિ આવે. શેર-લોટરીમાં જોખમ કરવું નહીં.

**શ્રાવણઃ** વાણી ઉપર સંયમ રાખવો. કુટુંબમાં સમાધાનની ભાવના રાખવી. વ્યવસાયમાં નવીન તક મળે. લાભકારક સમય રહે. મકાન લેવા માટેનો વિવાહ હોય તો આ સમય શુભ રહે. નવા સંબંધો બંધાય. જીવનસાથીથી લાભ થાય.

**ભાદરવોઃ** મિત્રવર્ગથી લાભ થાય. સમાજમાં મોટા માણસોની ઓળખાણ થાય. નોકરીમાં ઉપરી અધિકારી સામે સંબંધો સુધરે. કુટુંબમાં માનપ્રતિષ્ઠા વધે. સરકારી કાર્યોની પતાવટ થાય.

**આસોઃ** શાંતિ અને ધીરજથી કાર્ય કરશો તો ફતેહ થશે. વિવાહના કાર્યો માટે શુભ સમય રહે છે. લગ્નજીવનની મધુરતા માણી શકશો. સપરિવાર પ્રવાસ-ચાત્રા કરવા નહીં. સંતાનો માટે પ્રગતિકારક સમય રહે.

આમ આ વર્ષે સોનાના સૂરજ જેવો રહેશેઃ સાર્વત્રિક વ્યક્તિગત વિકાસ થાય.

## ધન
**ભ, ધ, ફ, ઢ**

આ વર્ષે આપને માનસિક અને શારીરિક તબિયત નરમ-ગરમ રહેશે. દેહાધિપતિ વર્ષારંભે પાંચમા ભાવે જે ૧-૫-૨૦૨૪થી છઠ્ઠા ભાવે રહે છે. શનિદેવ ત્રીજા ભાવે રાશીથી થાય છે, જે માનસિક તણાવ ગ્રસ્ત રહે. જ્ઞાનમય સમજ કેળવશો તો લાભમાં અને બુદ્ધિપૂર્વક જીવનમાં લાભ મેળવવા પ્રયત્ન કરશો તો વર્ષારંભે સરવૈયું જમાપાસુ બોલે પણ ધન લાભ નહીં થાય. રાહુ ચોથા ભાવે રહે જે સમયની સાથે શુભચિંતક બનીને લાભ અપાવે છે.

**માનસિક અને શારીરિક સ્થિતિ :** માનસિક ચિંતા વધે. શનિ મહારાજ વિચાર સ્થાને ને વિચારોનો પ્રવાહ સતત ચાલુ રહે, પણ મનની શાંતિ-એકગ્રતા જ તમને ખોટા વિચારો અને વ્યગ્રતા દૂર કરશો. આધ્યાત્મિક જ્ઞાન તમને શાંતિ અને આરામ આપે છે. વિચારોના વમળોમાં યોગ્ય નિર્ણય લઈ ન શકાય. તમારે મક્કમ રાખી કાર્ય કરશો તો જ લક્ષ્ય-ધ્યેય પૂર્ણ થતા જણાય.

શારીરિક આરોગ્ય કરતા માનસિક રીતે વધુ બીમારી લાવે છે. તમને શરીરના રોગ કરતા મનની શંકા-વહેમથી બીમારી વધી જાય છે. તમારે કોઈ મોટી બીમારી નથી. કુદરતી વાતાવરણ મનની અને તનની બીમારી દૂર કરે છે.

**પારિવારિકઃ** કૌટુંબિક દૃષ્ટિએ આ વર્ષ મધ્યમ ફળદાયી બને છે. વિચારોથી મતભેદ રહ્યા કરે. લગ્નજીવનમાં ભંગાણ ન થાય માટે ત્યાગની ભાવના રાખવી. વિવાહયોગ્ય યુવાનો માટે રાહ જુઓની નીતિ રાખવી રહે. કુટુંબમાં તમારી જીદ કામે લાગશે નહીં. ખોટી દલીલો કરવી નહીં. આપ સાચા છતાંય બોલવું નહીં અને સહન કરવું- જેણે સહન કર્યું તેણે સર્વસ્વ મૃત્યુ આ ભાવના રાખવી.

**નોકરી-વેપારીવર્ગઃ** નોકરિયાત વર્ગને બુદ્ધિ દ્વારા કાર્ય કરશો તો સફળતા મળશે. પ્રમોશન અંગે કામ ખોરંભે ચડે. વર્ષના અંતે મહેનતનું ફળ મળે. વ્યવસાયમાં લાભકર્તા સમય રહે. નવીન તક આવે. જૂના વેપારમાં પરિવર્તન આવે. આપની યોજના સાકાર થતી જોવા મળે. વ્યવસાયમાં નામના મળે.

**સ્થાવર સંપત્તિ સુખઃ** નવા ગૃહનિર્માણનો સમય તમારી રાહ જોઈ રહ્યો છે તે માટે સાવધાની રાખવાની જરૂર છે અને નવા વાહન ખરીદવાની ઈચ્છા પૂર્ણ થાય. વ્યવસાય માટે જમીન-પ્લોટ કે ઑફિસ ખરીદનાર માટે સોદાબાજી જોઈ વિચારીને કરવી. ખોટી જગ્યાએ નાણાં રોકાણ ન થાય તેનું ધ્યાન રાખવું. વારસાગત મિલકતમાં સમાધાન દ્વારા ઉકેલ મળે.

**પ્રવાસઃ** પ્રવાસ-ચાત્રા મધ્યમ ફળ આપે છે. નાની મુસાફરી શુભ રહે. લાંબી મુસાફરીમાં વિલંબ થાય. જન્મના ગ્રહો બળવાન હશે તો જ વિદેશયાત્રા તેમ જ લાંબી મુસાફરી કરી શકશો.

**શત્રુ-મિત્રવર્ગઃ** મિત્રવર્ગથી લાભ થાય. ન ધારેલ કાર્યો મિત્રથી પાર પડશે. સાચામિત્રને પરખવાનો સમય છે. નવા મિત્રો સારા વર્ગના મળશે તેમનાથી સમય શુભ બનશે.

કોર્ટ-કચેરીમાં નુકસાન થાય. છૂટાછેડા લેનાર માટે આ સમય શુભ રહે. નોકરીમાં છેતરામણી થાય. છેલ્લે વિજયનું તિલક તો તમારા શીશ ઉપર જ લાગશે.

**અભ્યાસઃ** વિદ્યાર્થીવર્ગને ધાર્યું પરિણામ મેળવવા કપરી મહેનત કરવી પડશે. નહીંતર ધોળે દિવસે તારા દેખાય જશે. અભ્યાસમાં મનપરોવી પ્રથમ દિવસથી વાંચનના શ્રી ગણેશ કરવા યોગ્ય રહેશે. બીમારી પાછળ સમય નષ્ટ થતા અભ્યાસમાં અવરોધ મોટો આવશે.

**બાર મહિનાનું રાશિફળઃ**

**કારતકઃ** ભાગ્યનો વ્યય થાય. વ્યવસાયમાં વિચારીને નિર્ણય કરવા. ભાગીદાર સાથે સમય મધ્યમ રહે નોકરીમાં બઢતી મળે. સમાજમાં યશ-પ્રતિષ્ઠા વધારો થાય. સરકારી કાર્યોની પતાવટ થાય.

**માગશરઃ** નોકરીમાં ઉપરી અધિકારી સાથે સંબંધો સુધરે. વિદેશયાત્રા સફળ થાય. દામ્પત્ય જીવનમાં વિસંવાદિતા સર્જાય. કોર્ટ-કચેરીમાં વિજય મળે. વિદ્યાર્થીવર્ગને મહેનત વધારવી પડે.

**પોષઃ** કોઈની સાથે બોલવાનું થાય. વાહન ચલાવતા સાચવવું. અકસ્માતના ગ્રહયોગ સૂચવે છે. નોકરીમાં આ સમય કસોટીરૂપ રહે. વિશ્વાસે વહાણ ન ચલાવવું. વિદ્યાવર્ગને વિદેશ જવાનું થાય.

**મહાઃ** પરિવારમાં શુભકાર્ય થાય. નાણાકીય સ્થિરતા જળવાય. વ્યવસાયમાં આવક વધે. નવા સાહસ કરવાથી લાભ થાય. નવી મુસાફરી થાય. કુટુંબમાં મીઠાશભર્યા સંબંધો જળવાય.

**ફાગણઃ** જમીન-મકાનની ખરીદી થાય. વૈભવશાળી વસ્તુ પાછળ ખર્ચ થાય. કુટુંબમાં વાણી દ્વારા સંબંધો બગડે. આવક-જાવકના પાસા સરભર રહે. સંતાનોથી ધનલાભ થાય. માત્ર તેમનું આરોગ્ય બગડે.

**ચૈત્રઃ** વ્યવસાયમાં આવક વધે. આવક કરતાં ખર્ચ વધે. અંગત આરોગ્ય બગડે. સ્થાર મિલકતની લે-વેચ અંગે સમય શુભ રહે. વિદ્યા અભ્યાસમાં પરિણામ સુધરે. નોકરીમાં કાર્ય બોજ વધે.

**વૈશાખઃ** સહોદરથી લાભ થાય. છુપા શત્રું ઊભા થાય. વેપારીવર્ગને પ્રતિસ્પર્ધી સામે સાવચેતી રાખવી. દામ્પત્ય જીવનમાં પ્રેમ ભાવના વધે. પ્રવાસ યાત્રા શુભ રહે.

**જેઠઃ** આ માસમાં નવીન કાર્યોમાં રસ વધે. નવી યોજના વ્યવસાયમાં અમલ મૂકવાથી લાભ થાય. આરોગ્ય અંગે કાળજી લેવી. નાણાકીય મુશ્કેલી વધે.

**અષાઢઃ** આ માસમાં મહત્ત્વની મુલાકાતો થાય. સગપણની વાત નક્કી થાય. ભાગીદારથી લાભ થાય. અર્થ પ્રાપ્તિ માટે પુરુષાર્થ કરવો પડે. છુપા શત્રું વધે. પ્રવાસયાત્રા ટાળવી.

**શ્રાવણઃ** જૂની ઉઘરાણી-પતાવટ થાય પરિવારમાં વાણી પર સંયમ રાખવો, સંતાનોની પ્રગતિ થાય, શરીરમાં શસ્ત્રક્રિયા થાય જેમાં સફળતા મળે.

**ભાદરવોઃ** આ સમયમાં કાર્યો માટે અવરોધ આવે. અહમ્‌ને છોડી નિઃસ્વાર્થ અને નિર્મળ મને કાર્ય કરવું યોગ્ય રહે. શેર-લોટરીથી લાભ થાય. મિત્રવર્ગથી લાભ થાય. પ્રવાસ-યાત્રા સુખદ રહે.

**આસોઃ** મિત્રોથી કાર્યોની પતાવટ થાય. કુટુંબમાં સાથ-સહકાર મળે. આનંદ-ઉત્સાહના દિવસો પસાર થાય. નોકરીમાં બદલી-બઢતીના યોગ બતાવે છે. ભાગ્ય સાથ આપે છે. કોર્ટ-કચેરીમાં સફળતા મળે.

આ વર્ષ આપને સંઘર્ષમય રહે, પણ અહમ્ છોડી સમયને માન આપી જીવતા શીખવું. ચાલશે, ફાવશે, ગમશે આ વાક્ય અપનાવશો તો આ વર્ષ ઉત્તમ પસાર થાય.

## મકર
**ખ, જ**

આ વર્ષે શનિ મહારાજ સાડાસાતીનો ત્રીજો તબક્કો સોનાના પાયે પગોથી પસાર થાય છે જે ચિંતા કરાવે. પદ, પ્રતિષ્ઠા અને પૈસાને લગતા પરિવર્તનો લાવશે. રાહુ ત્રીજા ભાવે રહે છે. ભાગ્ય સાથે જુગટું રમતા લાગે. ગુરુ ગ્રહ ૧-૫-૨૦૨૪થી પાંચમાં ભાવે આવે જે તમારા જીવનમાં આકસ્મિક પરિવર્તન આવશે.

**માનસિક સ્થિતિ અને શારીરિક સ્થિતિઃ** માનસિક સ્થિતિ અશાંતિમાં વધારો થાય. મહત્ત્વના ગ્રહોની ચાલ તમારા ઉપર બાજનજરની જેમ જોવા મળે. કાર્ય બોઝમાં વધારો થાય. પ્રગતિ માટે ઘણી જ તક મળે, પણ તે સંઘર્ષ માટે ઘણો જ વધારો બતાવે. શારીરિક આરોગ્ય ઉત્તમ રહે. ગ્રહયોગ તમારા બળવાન છે. તમારી માનસિક ચિંતાઓથી ઘેરાયેલું મન બીમારી લાવી શકે છે.

**પારિવારિકઃ** પરિવારના સભ્યો તમારાથી ચિંતિત બનશે. આ વર્ષે તમારે લક્ષ્મણ રેખા ઓળંગવી નહીં. તમારી મર્યાદાથી જ કુટુંબની શાખ જળવાશે. લગ્ન અંગેની ઈચ્છા આ વર્ષે મોકૂફ રાખો અથવા પાત્રપસંદગી નમતું રાખવું યોગ્ય રહે. સંતાન અંગેની ઈચ્છાઓ પૂરી થાય. સંતાનના આરોગ્ય બગડે છે. કુટુંબમાં માન-પ્રતિષ્ઠા વધે તેનો ખરાબ ઉપયોગ ન કરશો નહીંતર કુટુંબમાં સભ્યોને હોડમાં મૂક્યા બરાબર થશે તે પોતાના છે તે ભૂલવું નહીં.

**નોકરિયાત-વેપારીવર્ગઃ** નોકરીમાં આ વર્ષે મહત્ત્વા-કાંક્ષામાં વધારો થાય. નવી તક આવે. નવી ઓળખાણથી પ્રગતિ થાય. વ્યવસાયમાં સફળતાના શિખર સર કરશો, પરંતુ હરીફથી સાવધાની રાખવી. તમારી શાખને નુકસાન ન થાય તે માટે પૂર્ણ તકેદારી રાખવી. જાહેરજીવનમાં નામના થાય. સમાજકલ્યાણ સાથે સંકળાયેલા હોય તેમને ઉચ્ચપદ મળે, યશકીર્તિ મળે.

**આર્થિક સ્થિતિઃ** શનિ રાશ્યાધિપતિ ધન ભૂવને સ્વગૃહી બનીને બેસે છે. અર્થ પ્રાપ્તિ માટે આ વર્ષે ઘણી જ તક આવશે. તમે ચૂકી ન જાવ માટે વધાવી લેવી. આવક વધે, બેંક બેલેન્સ વધશે. સ્થાવર સંપત્તિ, શેર, લોટરીથી ધન સંચયમાં વધારો થાય. સાહસ દ્વારા આવક મેળવો. લક્ષ્મીજીની કૃપા આપના પર અખૂટ આ વર્ષે બતાવે છે.

વ્યવસાયમાં નવરત્ન આપ છો. તમારી શાખના કારણે આવકમાં વધારો થાય.

ઉધાર નાણાંની આપ-લે કરવી નહીં. વેપારમાં ઉધાર માલ આપવો નહીં. નહીં તો ડૂબી જશો. ધીરધારના વેપાર કરનારે નાણાકીય વ્યવહાર વિચારીને કરવા. અજાણ્યા માણસો સાથે ક્યારેય નાણાકીય સંબંધ બાંધવા નહીં.

**નોકરિયાત વર્ગ-વેપારી વર્ગઃ** નોકરિયાત વર્ગને મહત્ત્વાકાંક્ષામાં વધારો થાય. નવી તક આવે. નવી ઓળખાણથી પ્રગતિ થાય. વ્યવસાયમાં સફળતાના શિખર સર કરશો, પરંતુ હરીફથી સાવધાની રાખવી. તમારી શાખને નુકસાન ન થાય તે માટે પૂર્ણ તકેદારી રાખવી. જાહેરજીવનમાં નામના થાય. લખાણ ને પ્રિન્ટિંગના વેપારમાં ખૂબ જ ઉન્નતિ કે ઈનામ-પારિતોષિક મેળવો.

**સ્થાવર સંપત્તિ સુખઃ** આ વર્ષે જમીન-મકાન અને વાહન અંગે સ્થાવર સંપત્તિમાં કેવું જશે? તો પોતાના મકાન કે વાહન મેળવવાની ઈચ્છા બહાર લાવી શકે, પણ પૂરી ન થાય. ઘણો જ કપરો સમય રહે. જૂની વસ્તુની લે-વેચ માટે ઉત્તમ સમય રહે. જૂના મકાનને અદ્યતન સ્વરૂપ મળે. નવા મકાનની ખરીદી માટે બાંધછોડ કરવી કે તપાસ કરાવી ત્યારબાદ ખરીદી કરવી. કોઈ વિશ્વાસઘાત કરી ફસાવી ન દે તેની પૂરી સાવધાની રાખવી.

**પ્રવાસઃ** શારીરિક તંદુરસ્તી ઉત્તમ રહે. ગ્રહયોગ પ્રવાસમાં આરોગ્ય કથળે નહીં તેની કાળજી લેવી. મધ્યમ સમય મુસાફરીમાં બતાવે છે. ધાર્મિક પ્રવાસ થાય. નોકરી-વ્યવસાય દ્વારા પ્રવાસનું આયોજન થાય.

**શત્રુ-મિત્રવર્ગઃ** મિત્રવર્ગ તમારા માટે લાભ પાંચમ જેવા નીવડે. મિત્રોની ખૂબ જ મદદ દરેક ક્ષેત્રમાં જોઈ શકશો. તમારા ભાગ્યના દેવ બનેલા લાગશે.

શત્રુ વર્ગનું બળ વધે. તમારા સ્વભાવનો ફાયદો ઉઠાવી વેપારમાં નુકસાન આવે. કોર્ટ-કચેરીના ચક્કરમાં ન પડશો. પરિવારમાં મતભેદ ટાળવા-સમાધાન અપનાવવું- ‘ડાકણને મોંઢે ડાકણ ન કહેવાય’ આ વાક્યને અનુસરશો તો વિરોધી ફાવી શકશે નહીં.

**અભ્યાસઃ** વિદ્યાર્થીવર્ગને સમય ઉત્તમ રહે, ધાર્યું પરિણામ મળે.

**બાર માસનું ફળઃ**

**કારતકઃ** સમાજમાં નામના મળે. ભાગ્યોદય ઉત્તમ થાય. તમારા કાર્યમાં સફળતા મળે. જીવનસાથીથી ભાગ્યોદય થાય. વ્યવસાયમાં હજી રાહ જોવાની નીતિ મૂકવી. જમીન-મકાનના કાર્યો પૂરા થતા જણાય.

**માગશરઃ** નાણાકીય મુશ્કેલી આવે. તમારી મહાનતાના ગુણો ગવાય, પણ આ પ્રસંશામાં દોરવાશો નહીં. અંગત જીવનમાં મુશ્કેલી જણાય. પ્રવાસયાત્રા શુભ રહે. વ્યવસાયમાં સાનુકૂળતા રહે. નોકરિયાત વર્ગને પ્રગતિનો સમય રહે.

**પોષઃ** આ માસમાં કાર્ય પૂરા થાય નહીં. આરોગ્યની ચિંતા રહે. કોર્ટ-કચેરીમાં રાહત અનુભવો. માનસિક રીતે અજંપો રહ્યા કરે. ઈશ્વર ઉપર અખૂટ શ્રદ્ધા રાખવાથી કાર્ય સરળ બનશે.

**મહાઃ** કુદરતી સહાય મળતા વ્યવસાયમાં પ્રેરણા મળે. નવા કાર્યો થાય. આનંદભર્યું વાતાવરણ માણી શકશો. કુટુંબમાં મધ્યમ સમય રહે. વૈભવી વસ્તુની રાચ-રચીલામાં સંમોહિત ન થતાં અસલી જીવન જીવવાનો પ્રયત્ન કરવો.

**ફાગણઃ** નવા વ્યવસાયની શરૂઆત કરી શકશો. નાણાકીય આવક વધે. જમીન-મકાનના કાર્ય પૂર્ણ થાય. સાહસ દ્વારા વ્યવસાયમાં વિકાસ સાધી શકશો. સહોદર સાથે સંબંધો સુધરે. છુપા શત્રુ ઊભા થાય.

**ચૈત્રઃ** પરિવારમાં મતભેદ સર્જાય. ક્રોધને કાબૂમાં રાખવો. દામ્પત્યજીવનમાં ચકમક ઝરે. સંતાનો માટે પ્રતિકૂળ સમય રહે. નોકરિયાત વર્ગને મિશ્ર સમય રહે. વ્યવસાયમાં સ્થિરતા રહે.

**વૈશાખઃ** માનસિક ઉદ્વેગ ઊભા થાય. માતા-પિતા પાછળ ખર્ચા થાય. સંતાનો સાથે મતભેદ થાય. વિદ્યાભ્યાસમાં વિલંબ અને વિઘ્નો આવે. રચનાત્મક કાર્યોમાં વધારો થાય. સહોદર સાથે ચકમક ઝરે. નવા સાહસ કરવા નહીં.

**જેઠઃ** નોકરી-વ્યવસાયમાં સફળતા મળે. ઉપરી અધિકારી સાથે અણબનાવ સર્જાય નહીં તેનું ધ્યાન રાખવું. પ્રવાસ ટાળવો. નવી સ્થાવર મિલકત ખરીદવી નહીં. મિત્રવર્ગથી ફસાઈ ન જાય તેનો ખ્યાલ રાખવો.

**અષાઢઃ** ગૃહજીવનમાં ઉશ્કેરાટ અને મતભેદ સર્જાય. વાણી ઉપર સંયમ રાખવો તમારા હિતમાં રહે. દાંપત્યજીવનમાં મધુરતા જળવાય. સગાઈ-વિવાહના કાર્યો શુભ થાય. વ્યવસાયમાં ભાગીદારીથી લાભ થાય. નોકરીના પ્રશ્નો ગૂંચવાય.

**શ્રાવણઃ** વિદ્યાર્થીવર્ગને સફળતા મળે. જીવનસાથી સાથે ગેરસમજ ઊભી થાય. વારસાગત મિલકતના પ્રશ્નો ઉકેલાય, બેંકના કાર્યો પતે, સરકારી કાર્યોમાં પ્રગતિ થાય. તમારી પ્રગતિ ક્યાંય અટકે નહીં.

**ભાદરવોઃ** સમાજમાં મોટા માણસોની ઓળખ થાય. મિત્રવર્ગથી જરૂરી મદદ મળે. ન ધારેલા કાર્યો પૂરા થાય. હિંમત અને સાહસથી મુશ્કેલીમાંથી માર્ગ કાઢી નાણાકીય મુશ્કેલી દૂર થાય. નવા વાહન, મકાનની ખરીદી થાય, વ્યવસાયમાં આવક માટેના સાધનો વધે.

**આસોઃ** મિત્રો હાથતાળી દઈ ન જાય તેનું ધ્યાન રાખશો. સહી-સિક્કા કરતા સાવચેતી રાખવી, કોર્ટ-કચેરીમાં નુકસાન થાય, આગ-અકસ્માતથી સાચવવું.

આ વર્ષે ગુલાબના ફુલોસમી ફોરમ પાથરી સમાજમાં નામના મેળવશો. નાણાકીય કાર્યો, ઉધાર આપ-લે કરવા નહીં, લાંબી મુસાફરી થાય. આશા-નિરાશાના વાદળો આવે, પણ પ્રમાણિકતા તમારી પીછેહઠ થવા નહીં દે.

## કુંભ
**ગ, સ, શ, ષ, ક્ષ**

રાશ્યાધિપતિ શનિ પ્રથમ ભાવે સાડાસાતીનો બીજા તબક્કામાં તાંબાના પાયે લક્ષ્મીદાયક ફળ આપનાર રહેશે. ગુરુ ત્રીજા ભાવે મધ્યાંતર વર્ષમાં ચોથા ભાવે રહેશે. સર્વ સુખ હોવા છતાંય કંઈક ખૂટે છે તેઓ અહેસાસ રખાવશે. રાહુ બીજા ભાવે. વાણી અને પૈસાની કિંમત કરાવશે જે ખેતી માટે પડકાર જમીનમાં નાણાં રોકાણ કરાવે, પણ ઉપજ શૂન્ય થાય. અન્ય ગ્રહો પોતાની રાશિ પ્રમાણે ભ્રમણ કરશે.

**માનસિક અને શારીરિક સ્થિતિઃ** આ વર્ષે શાંતિ અને ધીરજના દેવતા શનિદેવ

# રાશિ ભવિષ્ય વિક્રમ સંવત ૨૦૮૦



કાચબાની ગતિએ મનમાં ધીરજ ધરાવાની ટેવ આપશે. માનસિક મુશ્કેલીમાંથી છુટકારો આપશે. ક્રોધ અને ઉતાવળા નિર્ણયોને કાબૂમાં રાખશો. સ્વસ્થતા જળવાય ને નુકસાન થતું અટકશે. આ વર્ષે વસંતઋતુ ભરપૂર ખીલશે જે ગયા વર્ષના પાનખરને ભૂલાવી દેશે. આપ પુરુષાર્થ વાદી છો માટે સંપૂર્ણ ધ્યેય પ્રાપ્ત કરવા બુદ્ધિનો ઉપયોગ વધુ લાભ કર્તા રહેશે. લાગણીના આવેશમાં આવી મનદુઃખ થાય તેવા પ્રસંગો બને. 'મન હોય તો માળવે જવાય' એ તમારી ઉપર રહે છે.

શારીરિક આરોગ્ય સારું રહે, આંખ, ગળાના હાથની ઈજા થાય. ઉદરના રોગ થાય, જૂના હઠિલા દર્દોમાંથી મુક્તિ મળે, મોટી બીમારી નથી, પણ તન-મન-ધનની નાન કહેવાય તેવી બીમારી થાય.

**પારિવારિક:** પરિવાર માટે આપ લાભ કર્તા રહો. માત્ર પરિવારથી આપને જવાબદારી અને નાણાં ખર્ચ સિવાય કંઈ જ મળશે નહીં. જૂના સંબંધો નવેસરથી શરૂ થાય. કુટુંબમાં સમજદારીથી કાર્ય કરવું. શુભ સમય રહે, લગ્ન, સગાઈ બાબતે આ વર્ષ શુભ નથી. સમયની રાહ હજી જોવી પડે. સંતાનો અંગેની મહેચ્છા પૂર્ણ થાય. સંતાનોની પ્રગતિ જોઈ શકો.

**નોકરિયાત વર્ગ અને વેપારી વર્ગ:** નોકરિયાત વર્ગને જ પ્રમોશનમાં ઢીલ રહેશે. તેનો ઉકેલ આવશે. લાભની આશા ફળે, સહકર્મચારી સાથે સહકારથી રહેવું યોગ્ય રહે.

વ્યવસાયની બાબતે આ વર્ષ મધ્યમ રહે. પરિવર્તન આવે. ભાગીદારી ઉપર વિશ્વાસ મૂકવો નહીં. નવી યોજના બહાર પાડી. નવા નુસખા અજમાવી સ્થિરતાને ટકાવી રાખવા યોગ્ય રહે.

**આર્થિક સ્થિતિ:** આ વર્ષે નાણાકીય સ્થિરતા જળવાય. તમે વર્ષ દરમિયાન ઉધાર નાણાં આપશો અને જરૂર પડે લેશો. સમાજમાં શાખ જાળવી રાખવા મોટા ઓપ ઊભો ન કરવો. શેર-લોટરીમાં જોખમ ન કરવું. વારસાગત મિલકતથી ધન લાભ થાય. આકસ્મિક ધન લાભ થાય. વ્યવસાયમાં આવકના સાધનો વધારવા પડે. સાથે મહનેત વધુ માગી લે. નોકરિયાત વર્ગને આવક સાથે જાવક વધે. ખોટા ખર્ચને કાબૂમાં રાખવા નવા નાણાકીય સાહસ કરવા નહીં. નહીં તો ભૂતકાળની કરેલી બચતો પણ વપરાય જાય.

**સ્થાવર સંપત્તિ સુખ:** સ્થાવર સંપત્તિ વસાવવાની ઈચ્છા આ વર્ષે તમારી વિચારણા નેવે મૂકશો. એક બાજુ વિચારને નેવે મૂકી અન્યમાં મન પરોવી લેજો. આ વર્ષે મકાન-મિલકત માટે યોગ્ય સમય નથી. નવા મકાન લેવા જશો તો નુકસાન ભોગવવાની તૈયારી રાખવી. વારસાગત મિલકતનો નિવેડો સમાધાનથી આવે તો લાભમાં રહેશો.

**પ્રવાસ-પ્રવાસ:** યાત્રા લાભકારક રહે. ધાર્મિક કાર્યો માટે યાત્રા થાય, લાંબી મુસાફરી ટાળવી, નોકરી-વેપારઅર્થે સ્થળાંતરના યોગ છે.

**શત્રુ-મિત્ર વર્ગ:** મિત્ર વર્ગ સુખ સર્વ પ્રકારે મળે. મોજ-મનોરંજન મિત્રો સાથે માણશો. તમારા કાર્યોમાં સફળતા અપાવવા અથાગ મહેનત મિત્રોની મળશે. કોર્ટ-કચેરી માટે આ વર્ષ મધ્યમ ફળદાયી રહે. જૂના કેસની સુનાવણીમાં તમારી તરફેણમાં ન્યાય મળે. છુપા-મીઠાબોલા શત્રુ વધે માટે સાવધાની રાખવી. સજાગતાથી કાર્ય કરવા, આંખ આડા કાન ન ધરવા.

**અભ્યાસ:** અભ્યાસવર્ગને મધ્યમ ફળદાયી વર્ષ રહે. મહેનત કરે તો મીઠા ફળ મળે. ભાગ્ય ઉપર છોડશો નહીં.

### બાર મહિનાનું રાશિફળ:

**કારતક:** આ માસમાં કાર્યમાં અવરોધ ઊભા થાય. વેપારમાં એક સાંધતા તેર તૂટે તેવા સંજોગો બતાવે છે. નવી મુલાકાત થાય, પણ ગાઢસંબંધ બાંધવાની કોશિશ ન કરતાં, સંતાનોની કાળજી લેવી, કુટુંબમાં વાણી દ્વારા સંબંધો સુધરે, આવક કરતા ખર્ચ વધે, લગ્નજીવનમાં મિશ્ર ફળ રહે, વિદ્યાર્થી વર્ગને અભ્યાસમાં મન પરોવાય અને શુભ પરિણામ મળે. શત્રુ વર્ગ ઊભો થાય.

**માગશર:** ધંધાકીય લાભ ઝડપી લેવો. જમીન-મકાનના કાર્યો ઉકેલાય, મિત્રો સાથે વિચાર ભેદ થાય, કોર્ટ-કચેરીમાં નુકસાન થાય, આરોગ્ય બગડે, દામ્પત્યજીવનમાં સંવાદિતા રહે, સમાજમાં શાખમાં વધારો થાય.

**પોષ:** જીવનસાથીથી વિયોગ થાય ને તબિયત બગડે, નોકરીમાં ઉપરી અધિકારી સાથે મતભેદ સર્જાય. કાયદાકીય બાબતે પ્રશ્નો ઊભા થાય. કાયદાનો ભંગ ન કરતા માફી માગવી યોગ્ય રહે. 'કમળાઓ અને ગમ ખાવાની' નીતિ અપનાવવાથી લાભ થાય.

**મહા:** નાણાકીય મુશ્કેલી દૂર થાય, વ્યવસાય અર્થે પ્રવાસ થાય, નોકરીમાં બદલી થાય, લાંબા પ્રવાસમાં ફળ મળે, પડવા-વાગવાથી સાચવવું, વ્યવસાયમાં ઉન્નતિકારક સમય રહે. વિવાહ અંગેની બાબતો માટે શુભ સમય રહે.

**ફાગણ:** પરિવારમાં આનંદ-કિલ્લોલનું વાતાવરણ રહે, મનોરંજન પાછળ ખર્ચ વધે. માંગલિક પ્રસંગોનું આયોજન થાય, ઉદરને લગતા દર્દો થાય. માનસિક અજંપો પણ રહે.

**ચૈત્ર:** પ્રારબ્ધની સાથે પુરુષાર્થ કામયાબ રહે, ખોટા સાહસ કરવા નહીં, ધૈર્ય અને શાંતિથી કાર્ય કરવામાં શાણપણ ગણાશે. દામ્પત્યજીવનમાં ઊભી થયેલી ગેરસમજ દૂર થાય. નવી યોજના સાકાર થાય.

**વૈશાખ:** કુટુંબમાં ઘડીકમાં ઝઘડા થાય - વાણી પર સંયમ રાખવો. વડીલવર્ગને માન આપી તેમની સલાહ સ્વીકારવી. નવા વાહન ખરીદવાની ઈચ્છા પૂર્ણ થાય. મુસાફરીમાં આનંદદાયક સમય રહે. નોકરીમાં મોટા વર્ગ સાથે મતભેદ થાય. હલકાવર્ગથી નુકસાન થાય.

**જેઠ:** ધારેલા કાર્યની પતાવટ થતા મનમાં શાંતિ અને સંતોષ થાય. લાગણીભર્યા સંબંધો પરિવારમાં રહે. નવી સ્થાવર મિલકતમાં વધારો થાય. નાણાકીય લેણદેણ કરતાં દસ વખત વિચાર કરવો. વ્યવસાયમાં (લાખના બાર હજાર)ન થાય તેની કાળજી રાખવી. વિદ્યા અભ્યાસ પ્રગતિકારક રહે. વિદેશયાત્રા અભ્યાસ સર્વ થાય.

**અષાઢ:** પરિવારમાં વિસંવાદિતતા વધે નહીં તેનું ધ્યાન રાખવું. 'ન બોલવામાં નવ ગુણ.' આ વાકયને યાદ રાખી ચાલવું. સગાઈ-વિવાહના શુભ કાર્યો થાય. નોકરિયાત વર્ગને બદલી ને બઢતી મળે.

**શ્રાવણ:** હિંમત અને સાહસ દ્વારા આગળ આવો. સમાજમાં યશ-કિર્તી વધારો થાય. જીવનસાથી સાથે શુભાશુભ રહે. સંતાનોની તબિયત બગડે. શત્રુવર્ગથી નુકસાન થાય. શેર-લોટરીમાં જોખમ કરવું નહીં, નાણાકીય આવક વધે.

**ભાદરવો:** જમીન-મકાન વાહન અંગે જરૂરી લોન પાસ થાય. વારસાગત મિલકતથી આવક વધે. ભાડાના મકાનમાં રહેનારને પરિવર્તન થાય. જૂના મકાનમાં નવું સ્વરૂપ આવે. શત્રુવર્ગથી વિજય મળે. નોકરિયાતવર્ગને સમય શુભ રહે. ખોટા વિચારોને છોડી પ્રગતિની દિશામાં ધ્યાન કેન્દ્રિત કરવું યોગ્ય રહે.

**આસો:** માર્ગમાં આવતા કાંટા દૂર થશે. નવી આશા બંધાય. નોકરીમાં સફળ બનો. વ્યવસાયમાં પ્રતિસ્પર્ધી સામે વિજયી બનો. નવી મિલન મુલાકાત લાભકર્તા રહે. વિદ્યાર્થીવર્ગને ઉન્નતિ કર્તા સમય રહે.

આ વર્ષે સોનાની કસોટી તેમાં આપને સાચું જ્ઞાન થશે. નવીન તકો અનેક પ્રકારે આવશે. સમયનો સદ્ઉપયોગ કરશો તો સફળતા મળશે. નાણાકીય આવક વધે. તેને બચત કરશો તો ભવિષ્યમાં કામ આવશે અને રોકાણ કરશો તો ગુમાવવાનો સમય આવશે. ઈશ્વરીની દુનિયામાં સાચા દર્શન થશે. આધ્યાત્મિક જ્ઞાનનો દોર પકડી થશે.

## મીન
### દ, ચ, ઝ, થ

વર્ષારંભે શનિદેવ બારમા ભાવે સાડાસાતીનો પ્રથમ તબક્કો રૂપાના પાયે માથા ઉપરથી પસાર થાય છે જે ધનલાભ કર્તા રહેશે. રાહુ પ્રથમ ભાવે રહેશે. જે વિલંબ બાદ કાર્ય થાય. ગુરુ રાશ્યાધિપતિ ત્રીજા ભાવે રહેશે. જે મધ્યમ ફળદાયી રહે. આ વર્ષે સર્વ કાર્ય નિવિઘ્ન રીતે પૂરિપૂર્ણ થાય.

**માનસિક અને શારીરિક સ્થિતિ:** માનસિક રીતે આપને આ વર્ષે નાસીપાસ થતા ભર દરિયામાં અધવચ્ચે નાવ હાલક ડોલક થતી લાગે. આશાનો ચાંદ બતાવી નિરાશાના વાદળો પાછા આવી જાય. તમારા વિચારોના પાસા અવળા પડે. શાંતિ હણાય માટે ધીરજ અને ખંતથી કાર્ય આગળ ધપાવવું. આયોજન કરી તેના પરિણામોનો વિચાર પણ કરી રાખશો. વર્ષારંભે ધીરજ રાખી વર્ષાન્તે ફળ મીઠા ચાખવા મળશે.

શારીરિક આરોગ્ય માટે આ વર્ષ શુભ નથી. ગંભીર લાંબી માંદગી આવે. નાની બીમારીમાં કાળજી લેશો તો વધુ ઝડપથી સાજા થઈ જશો. પડવા-વાગવાનો ભય, આગ-અકસ્માતથી વર્ષના અંતે નુકસાન થાય. ઉદરને લગતી મગજની શસ્ત્રક્રિયા આકસ્મિક થાય, ખાસ કરીને વયોવૃદ્ધ-વડિલોએ આરોગ્ય અંગે કાળજી લેવી. વાયુના રોગ થાય.

**પારિવારિક:** પરિવારમાં કાર્યોની કદર થાય. તમારી માન-પ્રતિષ્ઠા વધે, ખુલ્લી આંખે સુખદ શોણલા જોઈ શકશો. વિવાહિત જીવનમાં અંગત સમસ્યાના કારણે વિવાદ થાય કે ગેર-સમજ ઊભી થાય. આમ પોતાના સમજી ભૂલો માફ કરી સમાધાનનું વલણ અપનાવશો. તો સુખદ અનુભવ થશે. સદ્ગુણો જોવાથી જીવનમાં નવી પ્રેરણા મળે છે. સંતાનો માટે શુભાશુભ સમય રહે. કુદરતી સંતાકુકડી વચ્ચે તમારો મરો થાય છે. તમારે પોતાને સંભાળી પરિવારની જવાબદારી નિભાવવાની છે તેમ સમજીને ચાલવાથી શુભ રહે.

**નોકરિયાત વર્ગ - વેપારી વર્ગ:** નોકરિયાતવર્ગને સહકર્મચારીથી વિવાદ વધે. નોકરીમાં ચડતી-પડતી થાય. ખોટા આળ આવે. નવી નોકરી હમણાં બદલશો નહીં ને નોકરીમાં વ્યગ્રતા વધે.

વેપાર માટે સમય સારો છે. નવા વેપારમાં કાર્યો થાય. નવા આયોજનથી કાર્યમાં સફળતા મળે. નવીન વેપારના સાહસ થાય.

**આર્થિક સ્થિતિ :** આ વર્ષે આપના ઉપર લક્ષ્મીદેવીની અપાર કૃપા રહેશે. ધનવાન થવાના પૂર્ણ યોગ છે. શેર-લોટરીથી લાભ થાય. વ્યવસાયમાં ભાગીદારથી લાભ થાય. જૂના દેવાની પતાવટ થાય. નાણાં ધીરધારનો વ્યવસાય કરનારને લાભકર્તા સમય રહે. બૅન્ક બેલેન્સમાં વધારો થાય.

**સ્થાવર સંપત્તિ સુખ:** વર્ષના અંતે સ્થાવર મિલકતના લે-વેચ થાય. જમીન અંગે વેચાણ થાય નહીં, વ્યવસાય માટે નવી સ્થાવર મિલકત વસાવવી નહીં. આ પરિવર્તન કરી સમયને આધીન ચાલવું. સંયુક્ત મિલકત અંગે કાળજી લેવી.

**પ્રવાસ :** પ્રવાસ યાત્રા માટે નાણાંની તૈયારી રાખવી અચાનક સ્થળાંતરનો સમય આવે. વિદેશ યાત્રા જવાની ઈચ્છા પૂર્ણ થાય. આત્મવિશ્વાસ આપના વિઘ્નોરૂપી કાંટાને દૂર કરશે.

**શત્રુ-મિત્ર વર્ગ:** મિત્ર વર્ગથી દૂર થતા જાવ. તમે મિત્રો વગર મુશ્કેલીમાંથી બહાર આવશો. મિત્રો વગરનું જીવન જીવવું કઠિન બનશે. પણ કુદરતી રીતે મિત્રોથી અલગ થાય નહીં તો સારું.

સંયુક્ત મિલકત બાબતે કોર્ટ કચેરી થાય. તમારા સ્વભાવને આધિન દુશ્મનો ઊભા થાય. જેવું વાવો તેવું લણો. કોર્ટ કચેરીમાં સામે ચાલીને પગ ઉપર કુહાડો મારશો નહીં.

**અભ્યાસ :** વિદ્યાર્થીવર્ગને અભ્યાસ માટે વિદેશ જવાની ઈચ્છા પૂર્ણ થાય. કુટુંબની ચિંતા અને ઉપાધિના લીધે ઈચ્છિત લાઈનમાં પણ વિઘ્નો ઊભા થાય. મહેનતના પ્રમાણમાં ફળ ઓછું મળે.

### બાર મહિનાનું રાશિફળ:

**કારતક :** આ માસમાં વ્યવસાય અંગે નિર્ણયો વિચારીને લેવા મુશ્કેલી આવે. ભાગીદાર સાથે અણબનાવ વધે, નાણાકીય ક્ષેત્રે સુધારો થાય. નોકરિયાત વર્ગને ચકમક ઝરે.

**માગસર :** પરિવારમા આનંદભર્યું વાતાવરણ રહે. દાંપત્યજીવનમાં મધુરતા જળવાય. લગ્ન અંગેની ઈચ્છા પૂરી થાય. નાણાકીય મુશ્કેલી દૂર થાય. વીમો ઉતરાવેલ હોય તો લાભ થાય. વારસાગત આવકમાં વધારો થાય.

**પોષ :** ભાગ્યના અવરોધ દૂર થાય. માનસિક સ્થિરતા જળવાય. અંગત આરોગ્ય બગડે. હથેળીમાં ચાંદ દેખાય તેમ લાભ દૂર દેખાય નહીં. સમય તમારો નથી પણ પુરુષાર્થની તમારો બની શકે છે.

**મહા :** કોર્ટ-કચેરીમાં વિજય મળે. મિત્રવર્ગથી લાભ થાય. શેર-લોટરીમાં લાભ થાય. નીતિ-નિયમ અનુસાર રહેવું. સરકારી કાર્યો ખોરંભે ચડે. માસના અંતે સફળતા મળે.

**ફાગણ :** નાણાકીય પ્રશ્નો હલ થાય લગ્ન માટેની વાતો આવે તેમાં સફળતા મળે. નોકરીમાં બદલીના યોગ ચાલુ થઈ ગયા છે. લાંબો પ્રવાસ ટાળવો. લાભ મુસાફરી થાય. કુદરતને આધીન ચાલવું. ખોટા કાર્યમાં ફસાઈ ન જવાય તેની કાળજી રાખવી.

**ચૈત્ર :** નોકરિયાત વર્ગને બદલી અને બઢતી મળે. આવકમાં વધારો થાય. જાહેર જીવનમાં નામના મળે વ્યવસાયમાં પ્રતિસ્પર્ધી સામે વિજયી રહે.

**વૈશાખ :** આગ અકસ્માતથી સાચવવું. ઉતાવળા નિર્ણય કરવા નહીં અને તમારા ક્રોધને ઠંડા પાણીમાં ઘોળી પી જવો. સ્થાવર સંપત્તિથી આવકમાં વધારો થાય. કુટુંબમાં પરિવર્તન આવે. જવાબદારીનો બોજ વધે.

**જેઠ :** ગૃહજીવનમાં ચકમક ઝરે. મનમાં ઉદ્વેગ અને વ્યગ્રતા વધે. સાહસભર્યા કાર્યો થાય. મકાન મિલકતમાં સુધારા કરવા નહીં, નવી ખરીદી મુલતવી રાખવી. અગત્યના દસ્તાવેજો સાચવવા અને સાક્ષી કે જામીન તરીકે સહી કરવી નહીં. શત્રુ વર્ગ ઊભો થાય.

**અષાઢ :** આરોગ્યમાં સુધારો થાય. કુટુંબમાં વાણીથી સંબંધો વણશે. સંતાનોની પ્રગતિ થાય. શેર-લોટરીથી આકસ્મિક ધન લાભ. લોન કે દેવું ભરપાઈ થાય, નોકરી વ્યવસાયમાં પ્રગતિ થાય.

**શ્રાવણ :** નોકરિયાતવર્ગને બદલી થાય. પ્રવાસ દ્વારા ખર્ચ વધે. શત્રુવર્ગથી વિજય મળે. છુપા દુશ્મનો તમારું કાંઈ બગાડી શકશે નહીં. માટે બેફિકર થઈ કાર્યમાં પૂર્ણ લક્ષ્ય આપવું.

**ભાદરવો :** લગ્ન અંગેની બાબતે આ સમય ઉત્તમ રહે. વિવાહિત જીવનમાં પ્રણય અને લાગણીભર્યા સંબંધ રહે. વેપારમાં ભાગીદારથી લાભ થાય. જમીન-મકાનની ખરીદી માટે અનુકૂળતા રહે. વારસાગત મિલકતનો ઉકેલ આવે, નવા નાણાકીય રોકાણ કરવા નહીં.

**આસો :** પરિવારમાં ખર્ચ વધી જાય. અકસ્માતથી સાચવવું. નોકરીમાં સંબંધો સુધરે. આવકમાં વધારો થાય. ભાગ્ય સાથ આપે. લાંબી મુસાફરી શુભ રહે. આશારૂપી સૂરજ ઊગતો દેખાય.

આ વર્ષમાં પુરુષાર્થ વગર પ્રારબ્ધ પાંગળું છે. તે વાતનો સ્વીકાર કરી શકશો. ફૂલોની ફોરમના પગથિયાં ચડી માન સન્માન અને સફળતા મેળવો. એકંદરે વર્ષ સારું છે. ■

---

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે.
વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ **funworld1822@gmail.com** પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

ગુજરાતી - અંગ્રેજી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| કૅન્સર | OPHTHALMOLOGIST |
| મગજ | NEPHROLOGIST |
| કિડની | CARDIOLOGIST |
| હૃદય | ONCOLOGIST |
| આંખ | NEUROLOGIST |

### ઓળખાણ પડી?



દિવાળી આવે અને જાતજાતના ફટાકડા ફૂટે. ફટાકડાના નાનાંમોટાં ૮૦૦૦ કારખાનાં ધરાવતી ફટાકડાની રાજધાની તરીકે ઓળખાતા શહેરની ઓળખાણ પડે છે?

અ) ઉત્તરકાશી બ) રાંચી ક) કોચી ડ) શિવકાશી

### ચતુર આપો જવાબ — અર્થ જણાવો

'રસ્તો જોઈને ચાલીએ અને કંથ જોઈને મ્હાલીએ' કહેવતમાં કંથનો અર્થ જણાવો. ગજા પ્રમાણે કામ કરવું એ આ કહેવતનો ભાવાર્થ છે.

અ) ગળું બ) કાથો ક) પતિ ડ) મહેલ

### ગુજરાત મોરી મોરી રે

કોઈ દર્દી કોલોન કૅન્સરથી પીડાય છે એવું નિદાન જો સ્પેશિયાલિસ્ટ ડોક્ટર દ્વારા કરવામાં આવે તો એ મુખ્યત્વે શરીરના કયા ભાગમાં તકલીફ ધરાવે છે એ કહી શકશો?

અ) આંતરડું બ) મગજ ક) નાક ડ) કિડની

### માતૃભાષાની મહેક

દિવાળીમાં દીવા પ્રગટાવવામાં આવે છે, કારણ કે રામ અને રાવણ વચ્ચેના યુદ્ધમાં સર્વ દૈવી તત્ત્વોના પ્રતિનિધિ રામે સર્વ આસુરી તત્ત્વોના પ્રતિનિધિ રાવણને પરાજય આપ્યો. એ વિજયથી રામરાજ્યની સ્થાપના થઈ. રામના વિજયની ઉજવણી તેણે જ કરવાની હોય જેના દિલમાં રામ વસેલા હોય, કેમ કે માણસોના દિલને અથવા આત્માને અજવાળવાને એક ઈશ્વર જ સમર્થ છે એ અજવાળાની જ કિંમત છે.

### ઈર્શાદ

ભીતર ભર્યું જ છે અજવાળું ના ઝળહળીએ કેમ?
આ વખતે તો સ્વયં પ્રગટીએ ચલો દીવાની જેમ.

- અનિલ ચાવડા

### માઈન્ડ ગેમ

બાપીકી મિલકત વેચવાથી મળેલા ૧૮ કરોડ રૂપિયા આઠ જણ વચ્ચે સરખે ભાગે વહેંચ્યા બાદ દરેક જણે મળેલા વારસાની ૧૫ ટકા રકમ દાન કરી. પ્રત્યેક વ્યક્તિનો દાનનો આંકડો જણાવો.

અ) ૩૦,૫૬,૭૦૦ રૂપિયા બ) ૩૩,૭૫,૦૦૦ રૂપિયા
ક) ૩૫,૨૫,૯૦૦ રૂપિયા ડ) ૩૭,૦૦,૦૦૦ રૂપિયા

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ચો | ૫ | ૨ ડા | ૩ પૂ | ૪ જ | ન | | ૫ સ્વ | સ્તિ | ૬ ક |
| ટ | | ૭ બ | જા | ર | | ૮ લ | | | મ |
| ૯ દા | ૧૦ ખ | લા | | ખ | | ક્ષ્મી | | ૧૧ મા | ની |
| ૧૨ ર | ત | | ૧૩ મ | | ૧૪ અ | પૂ | જ | | ય |
| | ૧૫ મ | ૧૬ હા | ન | લ | | ૧૭ જ | ન | ની | |
| ૧૮ બ | | ૧૯ સ | હ | | ૨૦ ચા | ન | ક | | ૨૧ આ |
| ૨૨ રા | ૨૩ ડ | | ૨૪ ર | ૨૫ ક્ષ | ક | | | ૨૬ આ | ત્મ |
| ૨૭ બ | ચ | ૨૮ ત | | તિ | | ૨૯ વિ | ૩૦ ચા | ર | ક |
| રી | | ૩૧ લા | ૩૨ વા | | ૩૩ ચ | ક્ર | મ | | થા |
| | ૩૪ અ | વ | રો | ધ | | ૩૫ મ | ર | જી | |

### શબ્દલાલિત્ય

**સતીશ વ્યાસ**

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | | ૪ | | ૫ | | |
| | | ૬ | | | | | | | ૭ |
| | ૮ | | | ૯ | | ૧૦ | | | |
| ૧૧ | | | ૧૨ | | ૧૩ | | | | |
| | | | | | | | ૧૪ | | |
| ૧૫ | ૧૬ | | | ૧૭ | | | | | |
| ૧૮ | | | | | | | ૧૯ | ૨૦ | |
| | | ૨૧ | ૨૨ | | ૨૩ | | | | |
| ૨૪ | | ૨૫ | | | | | | ૨૬ | ૨૭ |
| ૨૮ | | | ૨૯ | | | | | | |

**આડી ચાવી**

૧. નવા વર્ષની શુભેચ્છાઓ (૩,૬)
૬. અંગ્રેજી વર્ષનો છઠ્ઠો માસ (૨)
૮. જાણીતું (૨)
૧૦. 'સબ સલામત'નો ચોકીદારનો પોકાર (૪)
૧૧. પુનઃ (૨)
૧૨. બુદ્ધિમાન હોવા પણું (૪)
૧૪. એક કોષી જીવ (૩)
૧૫. કામઠું, ધનુષ (૩)
૧૭. તારો, નસીબ (૩)
૧૮. ધમકી, ઠપકો (૨)
૧૯. કમાણી, પેદાશ, ઉત્પન્ન (૩)
૨૧. નાની, ગોળ, ગળી, મીઠાઇ (૨)
૨૩. જમ્યા પછી ખાવ (૪)
૨૫. આગ (૨)
૨૬. મોતી પરોવીને બનાવાતો હાર (૨)
૨૮. સારું, હશે, ઠીક (૨)
૨૯. મીઠાઇ (૫)

**ઊભી ચાવી**

૧.તેજ (૨)
૨. જ્યોતિષી-ઉર્દૂમાં (૩)
૩. જંગલ (૨)
૪. ભિખારીને આપો, (૨)
૫. નડતર, પજવણી (૩)
૭. નવું વર્ષ સારું જાય એવી શુભેચ્છા (૨,૪)
૮. સ્ત્રી, ઔરત (૨)
૯. ગણેશજીની પત્ની, સમૃદ્ધિ (૨)
૧૦. દાદા, પિતા, વડીલ (૨)
૧૧. દિવાળીમાં ફોડો (૪)
૧૨. જ્ઞાતા, સમજુ, જાગેલું (૨)
૧૩. માનો પ્રેમ (૩)
૧૬. રમઝટ, વિપુલતા (૨)
૧૭. ફલપ્રાપ્તિ, સાબિતી, પરિપૂર્ણ (૨)
૧૯. તમે --- કેવા છો? (૨)
૨૦. કપરા મુશ્કેલ (૩)
૨૧. ટીપું (૨)
૨૨. સૂર્યોદયથી સૂર્યાસ્તનો સમય (૩)
૨૩. બોલકું (૩)
૨૪. સારું (૨)
૨૭. ફાયદો (૨)

### સુડોકુ-૪૯૩૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | ૮ | | ૨ | ૪ | ૬ | | | |
| ૬ | | ૨ | ૧ | | | | | |
| | ૧ | | | ૭ | | | ૩ | |
| ૪ | ૬ | | | | | | ૭ | |
| | | ૫ | ૭ | | ૪ | ૧ | | |
| | ૯ | | | | | | ૪ | ૨ |
| | ૩ | | | ૮ | | | ૨ | |
| | | | | | ૫ | ૩ | | ૪ |
| | | | ૬ | ૨ | ૩ | | ૫ | ૮ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૪૯૩૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૮ | ૯ | ૪ | ૬ | ૫ | ૧ | ૨ | ૭ |
| ૪ | ૫ | ૨ | ૭ | ૯ | ૧ | ૮ | ૬ | ૩ |
| ૬ | ૧ | ૭ | ૮ | ૨ | ૩ | ૪ | ૯ | ૫ |
| ૧ | ૪ | ૮ | ૫ | ૭ | ૨ | ૯ | ૩ | ૬ |
| ૭ | ૬ | ૫ | ૧ | ૩ | ૯ | ૨ | ૪ | ૮ |
| ૯ | ૨ | ૩ | ૬ | ૮ | ૪ | ૫ | ૭ | ૧ |
| ૨ | ૯ | ૬ | ૩ | ૫ | ૮ | ૭ | ૧ | ૪ |
| ૫ | ૭ | ૪ | ૯ | ૧ | ૬ | ૩ | ૮ | ૨ |
| ૮ | ૩ | ૧ | ૨ | ૪ | ૭ | ૬ | ૫ | ૯ |

### ગયા મંગળવારના જવાબ

**ભાષા વૈભવ**

| A | B |
|---|---|
| પથ્ય | DIET |
| વિરેચન | PURGATIVE |
| મીમાંસા | EXAMINATION |
| ચિકિત્સા | TREATMENT |
| ઓસડિયા | MEDICINAL PLANT |

**માઈન્ડ ગેમ**
૫૧,૬૦,૦૦૦ રૂપિયા

**ઓળખાણ પડી?**
પેપરમિન્ટ

**ગુજરાત મોરી મોરી રે**
ફેફસાં

**ચતુર આપો જવાબ અર્થ જણાવો**
ગૌરવ

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

૧) મૂળરાજ કપૂર (૨) કિશોરકુમાર જીવણદાસ વેદ (૩) સુભાષ મોમાયા (૪) શ્રદ્ધા આશર (૫) જ્યોતિ ખાંડવાલા (૬) ડૉ. પ્રકાશ કટકિયા (૭) ભારતી કટકિયા (૮) ભારતી બુચ (૯) નિતીન જે. બજરીયા (૧૦) હર્ષા મહેતા (૧૧) નિખીલ બંગાળી (૧૨) અમીષી બંગાળી (૧૩) પુષ્પા પટેલ (૧૪) લજીતા ખોના (૧૫) મીનળ કાપડીયા (૧૬) નીતા દેસાઈ (૧૭) વિભા મહેશ્વરી (૧૮) જ્યોતી ખાંડવાલા (૧૯) મહેશ દોશી (૨૦) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૧) નંદકિશોર સંજાણવાલા (૨૨) ભાવના કર્વે (૨૩) મનીષા શેઠ (૨૪) ફાલ્ગુની શેઠ (૨૫) મહેન્દ્ર લોઢાવિયા (૨૬) રજનીકાંત પટવા (૨૭) સુનીતા પટવા (૨૮) સુરેખા દેસાઈ (૨૯) અરવિંદ કામદાર (૩૦) દેવેન્દ્ર સંપટ (૩૧) વિણા સંપટ (૩૨) કલ્પના આશર (૩૩) નીતા દેસાઈ (૩૪) જ્યોત્સના ગાંધી (૩૫) રમેશ દલાલ (૩૬) હીનાબેન દલાલ (૩૭) ઈનાક્ષી દલાલ (૩૮) દિલીપ પરીખ (૩૯) જગદીશ ઠક્કર (૪૦) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૧) રસિક જૂઠાણી ટોરોન્ટો કેનેડા (૪૨) અબદુલ્લા મુનીમ (૪૩) તાહેર ઔરંગાબાદવાલા (૪૪) શીરીન ઔરંગાબાદવાલા

# દિવાળીમાં અગ્નિતાંડવઃ ૧૪નાં મોત




**આગઃ** હૈદરાબાદના નામાપલ્લી વિસ્તારમાં સોમવારે એક બહુમાળી ઈમારતમાં લાગેલી આગમાં નવ જણનાં મોત થયા હતા. આગ લાગ્યા બાદ અગ્નિશમન દળના જવાનો અને પોલીસ અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. (એજન્સી)

હૈદરાબાદઃ અહીંના નામપલ્લી વિસ્તારમાં રહેવાસી ઈમારતમાં લાગેલી આગમાં ગૂંગળાઈ જવાથી અલગ અલગ બે પરિવારના નવ જણનું મોત થયું હોવા ઉપરાંત એક જણ ઘાયલ થયો હતો, એમ હોવાનું પોલીસ અને અગ્નિશમન દળના અધિકારીઓએ સોમવારે કહ્યું હતું. આગની અન્ય એક ઘટનામાં નાગાલેન્ડના દિમાપુર જિલ્લાના નાહારબારી વિસ્તારમાં લાગેલી આગમાં ત્રણ બાળક સહિત એક જ પરિવારનાં પાંચ જણનું મોત થયું હોવાનું અધિકારીઓએ કહ્યું હતું.

નામપલ્લી વિસ્તારમાં લાગેલી આગના ધુમાડાને કારણે નવ જણ બેભાન થઈ ગયા હતા. બચાવ અને રાહતટુકડીના જવાનોએ તેમને ઈમારતમાંથી બહાર કાઢી સરકાર સંચાલિત હૉસ્પિટલમાં લઈ ગયા હતા જ્યાં તેમને મૃત જાહેર કરવામાં આવ્યા હતા. આગ લાગી હોવાની જાણ કરતો ફોન સવારે ૯:૩૪ વાગે અગ્નિશમન દળના કંટ્રોલ રૂમને આવ્યો હતો જેને પગલે અગ્નિશમન દળની ટુકડીને તાત્કાલિક ઘટનાસ્થળે રવાના કરવામાં આવી હતી.

રસાયણ ભરેલા ડ્રમમાં લાગેલી આગને પગલે ચાર માળની ઈમારતમાં આગ ફેલાઈ ગઈ હતી. આગમાં કુલ ૨૧ જણ ફસાયા હતા. સાક્ષીઓના જણાવ્યા અનુસાર આસપાસના વિસ્તારમાં બાળકો ફટાકડા ફોડતા હતા જેને પગલે આગનો તણખો રસાયણ ભરેલા ડ્રમ પર પડ્યો હતો અને ત્યાર બાદ આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. જોકે, તપાસ બાદ જ આગ લાગવાનું સાચુ કારણે જાણી શકાશે, એમ તેમણે કહ્યું હતું.

તેલંગણાના ગવર્નર તાનિલિસાઈ સુંદરરાજન અને મુખ્ય પ્રધાન કે. ચંદ્રશેખર રાવે ઘટના અંગે શોક અને મૃતકોના પરિવારજનો પરત્વે સહાનુભુતિ વ્યક્ત કરી હતી. પ્રત્યેક મૃતકના પરિવારજનોને પાંચ લાખ રૂપિયાનું વળતર આપવાની રાવે જાહેરાત કરી હતી. આગની અન્ય એક ઘટનામાં નાગાલેન્ડના દિમાપુર જિલ્લાના નાહારબારી વિસ્તારમાં લાગેલી આગમાં ત્રણ બાળક સહિત એક જ પરિવારનાં પાંચ જણનું મોત થયું હતું. આગ રવિવારે સવારે ૧૦:૪૫ વાગે લાગી હતી. ફટાકડાને કારણે આગ લાગી હોવાનું અનુમાન છે. આગને કારણે પચાસ જેટલા પરિવારોને અસર થઈ હતી. જોકે, આગનું ચોક્કસ કારણ જાણી શકાયું નહોતું. મૃતકોના મૃતદેહ પરિવારજનોને સુપરત કરવામાં આવ્યા હોવાનું તેમણે કહ્યું હતું. (એજન્સી) ■





**રાહત અને બચાવ કામગીરીઃ** ઉત્તરકાશી જિલ્લાસ્થિત બ્રહ્માખલ-યમનોત્રી નેશનલ હાઈવે પર સિલ્ક્યારા અને દાંડલગામ વચ્ચે નિર્માણાધિન બોગદાનો હિસ્સો સોમવારે તૂટી પડ્યા બાદ રાહત અને બચાવ કામગીરી કરી રહેલી ટુકડીઓ. ઉત્તરાખંડના મુખ્ય પ્રધાન પુષ્કર ધામીએ ઘટનાસ્થળની મુલાકાત લઈ રાહત અને બચાવ કામગીરીની સમીક્ષા કરી હતી. (એજન્સી)

# ઉત્તર કાશીમાં બોગદું તૂટ્યુંઃ ફસાયેલા ૪૦ કામદારોને ખાદ્યપદાર્થ, પાણી પૂરા પડાયા

નવી દિલ્હીઃ ઉત્તર કાશીમાં બ્રહ્માખલ-યમનોત્રી નેશનલ હાઈવે પર નિર્માણાધિન બોગદું રવિવારે સવારે તૂટી પડતાં ૪૦ કામદાર તેમાં ફસાયા હોવાનાં અહેવાલ છે. આ બોગદું ચારધામ ઑલ વેધર પ્રોજેક્ટનો હિસ્સો છે. દરમિયાન, મુખ્ય પ્રધાન પુષ્કર ધામી ઘટનાસ્થળે પહોંચી ગયા હોવાનું અધિકારીઓએ કહ્યું હતું.

ફસાયેલા કામદારો બિહાર, ઝારખંડ, ઉત્તર પ્રદેશ, પ. બંગાળ, ઓડિશા, ઉત્તરાખંડ અને હિમાચલ પ્રદેશના રહેવાસી છે.

ફસાયેલા કામદારોને બહાર કાઢવા નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફૉર્સ (એનડીઆરએફ), સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફૉર્સ (એસડીઆરએફ), બૉર્ડર રોડ ઑર્ગેનાઈઝેશન (બીઆરઓ)ની ટુકડીને કામ પર લગાડવામાં આવી હતી. પાણીની પાઈપલાઈન મારફતે ફસાયેલા કામદારોને ઑક્સિજન પહોંચાડવામાં આવ્યો હોવાને કારણે તેમને સુરક્ષિત રીતે બહાર કાઢવા માટે તેઓ આશાવાદી છે.

રાહત અને બચાવકર્તાઓની ટુકડી કામદારોને બચાવવા કામ કરી રહી છે અને ફસાયેલા કામદારોનો સંપર્ક કરવામાં તેમ જ તેમને ખાદ્યપદાર્થો અને પાણી પહોંચાડવામાં સફળતા મળી હોવાનું સોમવારે તેમણે કહ્યું હતું.

ફસાયેલા કામદારો સલામત છે અને તેમણે ખાદ્યપદાર્થો તેમ જ પાણીની માગણી કરી હતી જે તેમને પૂરા પાડવામાં આવ્યા હતા, એમ સિલ્ક્યારા પોલીસ કંટ્રોલરૂમે કહ્યું હતું. વૉકીટૉકી મારફતે આ કામદારોનો સંપર્ક કરવામાં સફળતા મળી હોવાનું જણાવતાં તેમણે કહ્યું હતું કે કમ્પ્રેશરની મદદથી આ કામદારોને ખાદ્યપદાર્થો અને પાણી પૂરા પાડવામાં આવ્યા હતા. ફસાયેલા મજૂરોને બહાર કાઢવા કાટમાળ ખસેડવામાં આવી રહ્યો છે, એમ ડિસ્ટ્રક્ટ ઈમરજન્સી ઑપરેશન સેન્ટરે કહ્યું હતું. દરમિયાન, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મુખ્ય પ્રધાન પુષ્કર ધામી સાથે રવિવારે વાતચીત કરી હતી અને રાહત તેમ જ બચાવ કામગીરી અંગે તેમને પૂછ્યું હતું. (એજન્સી) ■

મહાદેવ ઍપ કૌભાંડ

# ભૂપેશ બઘેલ મુખ્ય સૂત્રધાર, લૂંટેલા રૂપિયાથી ગાંધી પરિવારની તિજોરી ભરીઃ ભાજપ

નવી દિલ્હીઃ મહાદેવ બૅટિંગ ઍપ કૌભાંડને મામલે ભાજપે સોમવારે છત્તીસગઢના મુખ્ય પ્રધાન અને કૉંગ્રેસના નેતા ભૂપેશ બઘેલ પર એમ કહીને પ્રહાર કર્યા હતા કે ભૂપેશ બઘેલ આ કૌભાંડના મુખ્ય સૂત્રધાર હતા અને લૂંટેલા રૂપિયાથી તેમણે જ ગાંધી પરિવારની તિજોરી ભરી હતી.

૯૦ સભ્ય ધરાવતી છત્તીસગઢ વિધાનસભાની ચૂંટણી બે તબક્કામાં યોજાવાની છે. પ્રથમ તબક્કાનું મતદાન સાત નવેમ્બરે પૂરું થઈ ગયું હતું જ્યારે બીજા તબક્કાનું મતદાન ૧૭ નવેમ્બરે યોજાશે.

ઈડીએ તાજેતરમાં દાવો કર્યો હતો કે ફૉરેન્સિક ઍનાલિસિસ અને 'કેશ કુરિયર'એ કરેલું નિવેદન એવા આઘાતજનક આક્ષેપો તરફ દોરી જાય છે કે ઍપના પ્રમોટરોએ બાઘેલને અંદાજે રૂ. ૫૦૮ કરોડ ચુકવ્યા હતા. ભાજપના રાષ્ટ્રીય પ્રવક્તા ગૌરવ ભાટિયાએ પત્રકારોને આપેલી મુલાકાતમાં કહ્યું હતું કે બાઘેલ વિરુદ્ધ એવાં પગલાં લેવામાં આવશે કે ભવિષ્યમાં કોઈ આ પ્રકારના કૌભાંડ સાથે સંકળાવાની હિંમત નહિ કરે.

કૌભાંડ મારફતે બઘેલે માત્ર લોકોની મહેનતના રૂપિયા જ નથી લૂંટ્યા, પરંતુ તેમાંનો ચોક્કસ હિસ્સો તેમણે ગાંધી પરિવારને પણ આપ્યો હતો.

ભાજપ રાજ્યમાં વિપક્ષની ભૂમિકામાં છે. (એજન્સી) ■

# પાકિસ્તાનના પંજાબ પ્રાંતમાં માર્ગ અકસ્માતમાં ૧૨નાં મોત

લાહોરઃ પાકિસ્તાનના પંજાબ પ્રાંતમાં બે જુદા જુદા અકસ્માતમાં મહિલા અને બાળકો સહિત ૧૨ લોકોનાં મોત થયા હતા. રવિવારે સાંજે લાહોરના પોશ વિસ્તારમાં ડિફેન્સ હાઉસિંગ ઓથોરિટીમાં બે કાર વચ્ચે અકસ્માત થતા એક જ પરિવારના છ સભ્યોના મૃત્યુ થયા હતા. એક કિશોરે આડેધડ વાહન ચલાવીને અકસ્માત કર્યો હતો. તેવી માહિતી પોલીસે સોમવારે આપી હતી. પોલીસે ડ્રાઈવર અફનાન શફાકતની ધરપકડ કરી હતી અને તેનું નામ એફઆઈઆરમાં નોંધ્યું હતું. રસ્તા પર રેસ લગાવી રહેલા કિશોરે પીડિત લોકોના વાહનને પાછળથી ટક્કર મારી હતી. લાહોરથી ૫૦ કિલોમીટર દૂર શેખુપુરામાં એક કાર અને બસ વચ્ચેની ટક્કરમાં છ લોકોના મૃત્યુ થયા હતા. જેમાંથી પાંચ એક જ પરિવારના હતા. શેખુપુરાના રોડ પર મંઝૂર હુસેન પોતાની પત્ની, ભાઈ, બે કઝીન સાથે સોમવારે લગ્ન સમારંભમાં હાજરી આપવા જઈ રહ્યો હતો. સામેની બાજુથી બસ આવી રહી હતી તેની સાથે મંઝૂર હુસેનનું વાહન અથડાયું હતું. કારમાંના પાંચે પ્રવાસીના ઘટના સ્થળે મોત થયા હતા. જ્યારે બસના ડ્રાઈવરનું પણ મૃત્યુ થયું હતું. બસના સાત પ્રવાસી ઈજાગ્રસ્ત થયા હતા અને તેમને સારવાર માટે હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ■

# એક જ દિવસમાં હમાસના ૧૫૦ આતંકીઓને ઠાર કર્યા હોવાનો ઈઝરાયલી સેનાનો દાવો

## સેનાએ અલ-શિફા હૉસ્પિટલમાં હમાસના કમાન્ડ સેન્ટરનો ઘેરાવ કર્યો

ગાઝાઃ ઇઝરાયલના સૈનિકોએ એક દિવસની લડાઇમાં ૧૫૦ હમાસ આતંકવાદીઓને ઠાર કર્યા હોવાનો દાવો કર્યો છે. આ જંગ ગત અઠવાડિયાના અંતમાં ગાઝામાં અલગ-અલગ સ્થળો પર લડાઇ હતી. પરંતુ આ વખતે ભીષણ યુદ્ધ અલ-શિફા હૉસ્પિટલ પાસે ચાલી રહ્યુ છે. હમાસ આતંકવાદી દર્દીઓ અને ઘાયલોને ઢાલ બનાવીને ત્યાંથી તેમનું કમાન્ડ સેન્ટર ચલાવી રહ્યા છે. એવું માનવામાં આવી રહ્યું છે કે હમાસ અને ઇસ્લામિક જેહાદના મળીને ૧૫થી ૫૦ હજાર હમાસ આતંકવાદીઓ ઇઝરાયલના સૈનિકો સાથે લડી રહ્યા છે, પરંતુ ઇઝરાયલી ડિફેન્સ ફોર્સિસે એક દિવસમાં ૧૫૦ આતંકવાદીઓને મારી નાખીને હમાસની કરોડરજ્જુ તોડી નાખી છે. જો કે આ લડાઇમાં ઇઝરાયલના છ જવાનો પણ માર્યા ગયા છે. ઇઝરાયલની સેનાના જણાવ્યા અનુસાર તેના ૪૦૧મા બ્રિગેડે હમાસના શાટી બટાલિયનની બદ્ર આઉટપોસ્ટનો ખાત્મો બોલાવી દીધો છે. અહીં જ ૧૫૦ આતંકવાદીઓને ઠાર મરાયા હતા. આ જંગમાં ઇઝરાયલી સેનાના એક મેજર સહિત છ જવાનો માર્યા ગયા છે. બીજા બે સૈનિકો બીજી જગ્યાએ જંગ લડતા આતંકવાદીઓની ગોળીનો શિકાર બન્યા હતા. હમાસના શાટી બટાલિયન પર હુમલો કરવા માટે ઇઝરાયલની સેનાને હવાઇ હુમલો, ટૅંક અને આર્ટિલરી યુનિટની મદદ લેવી પડી હતી. શાટી બટાલિયન રેફ્યુઝી કેમ્પ અને નાગરીક ઇમારતોની આસપાસ આવેલું હતું, પરંતુ ઇઝરાયલની સેનાએ સામાન્ય લોકોને નુકસાન પહોંચાડ્યા વિના આ આતંકવાદી બટાલિયનનો ખાત્મો કરી નાખ્યો હતો. ઇઝરાયલની સેનાએ દાવો કર્યો છે કે યુદ્ધ શરૂ થયા બાદથી અત્યાર સુધીમાં હજારો આતંકવાદીઓ માર્યા ગયા છે. યુદ્ધના પહેલા અઠવાડિયામાં જ ઇઝરાયલે ૧,૫૦૦થી વધુ આતંકવાદીઓને મોતને ઘાટ ઉતારી દીધા હતા. ■

## ક્લાસિફાઈડ


### ૯. લગ્ન સંબંધી

**દ. મુ. જૈન યુવક**

31, B.Com સાધનસંપન્ન - દેખાવડા - નિર્વ્યસની - ક્લીયર જન્માક્ષર - ૧૦ વર્ષ અગાઉ લીવર (પાર્ટ.) ડોનેટ (પિતાને) કરનાર યુવકને સંસ્કારી - સમર્પણની ભાવનાવાળી કન્યાના વડીલો સંપર્ક કરે (દહેજ નહીં) 9322599099. (સમય સાંજે ૫ થી ૯). (૧૩૭૯૩-એ)

### ૧૭. જગ્યા આપવી છે

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ - કામણ**

ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા, વેચવા, ભાડેથી સંપર્કઃ- રાજેશ દડીયા 9326495003 / 9322762805. (૧૧૭૮૮-એ)

### ૨૭. ઔષધ ઉપચાર

**સર્જીકલ મોલ**

**એડલ્ટ ડાયપર/બેબી વાઈટસ/ બાથ ટોવેલ્સ Vissco - Tynor પ્રોડક્ટસ હોલસેલ ભાવથી મળશે. જીગર સર્જીકલ - 8779915552. (એસડીબી-૧૫૧૨)**

### ૩૪. ફર્નીચર ફીક્ષ્ચર

**ગાદલા ૪૯૯૯/-**

**ગાદલા + પીલો - ૪૯૯૯/-. ૩ પર ૧ ફ્રી. સોફ્ટ કોટનના ઉત્તમ ક્વોલિટી અને લાંબા સમય સુધી ચાલે. સંપર્ક - 8879872664, 8657422578, 8657422580. (૧૩૭૮૮-એ)**

**મેમરી પીલો**

**ડોકની કોઈપણ તકલીફમાં રાહત માટે નેક-ઓ-રિલેક્સ મેમરી ફોમ પીલો ૨૫૦૦/- વાળા ફક્ત ૧૪૫૦/-. ૨ પર ૧ ફ્રી. સંપર્ક - 8879872664, 8657422578, 8657422580. (૧૩૭૮૮-સી)**




(બી-૧૩૦૬૦)

**મુંબઈ સમાચાર**

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com

### ૫૨. કુરીઅર્સ

**મનસ્વી પાર્સલ**

યુરોપ, અમેરિકા, ન્યુઝીલેન્ડ, ઓસ્ટ્રેલીયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. 9820194719/ 7208019515. (૧૩૧૯૨-સી)

**વિદેશમાં પાર્સલ**

ઘેરબેઠા ઝડપી, બેસ્ટ રેટ સર્વિસ સસ્તામાં મેળવો. સંપર્કઃ 7039519317- દિવ્યમ દવે. (બી-૧૩૨૨૦)

**એસડી એક્સપ્રેસ**

**પરદેશમાં પાર્સલ - લંડન, અમેરિકા, કેનેડા દુનિયાભરમાં પહોંચાડીશું. 9702233554. (૧૩૭૭૪/એ)**


## સ્પોર્ટ્સ

# ચેમ્પિયન ટ્રોફી ૨૦૨૫ માટે આઠ ટીમ ક્વોલિફાયઃ શ્રીલંકા-નેધરલેન્ડ્સ ફેંકાયા બહાર

નવી દિલ્હીઃ વર્લ્ડ કપમાં લીગ રાઉન્ડની તમામ મેચો સમાપ્ત થઈ ગઈ છે. ૪૫ મેચ બાદ અંતિમ પોઈન્ટ ટેબલ પણ જાહેર થઇ ચૂક્યું છે. ટીમ ઈન્ડિયા તમામ નવ મેચ જીતીને પ્રથમ સ્થાને છે. નેધરલેન્ડ્સ તેની સાતમી હાર બાદ ૧૦માં સ્થાને છે. નોકઆઉટ રાઉન્ડની મેચો ૧૫ નવેમ્બરથી શરૂ થશે. આ દરમિયાન બે સેમિફાઈનલ અને એક ફાઈનલ મેચ રમાશે.

નોકઆઉટ રાઉન્ડ પહેલા ટીમ ઈન્ડિયાએ લીગ રાઉન્ડમાં તમામ નવ ટીમોને હરાવી હતી. ટીમ ઇન્ડિયાએ ઑસ્ટ્રેલિયા સામે જીત સાથે ટૂર્નામેન્ટની શરૂઆત કરી હતી. તે પછી અફઘાનિસ્તાન, પાકિસ્તાન, બંગલાદેશ, ન્યૂઝીલેન્ડ, ઈંગ્લેન્ડ, શ્રીલંકા, દક્ષિણ આફ્રિકા અને નેધરલેન્ડ્સને હરાવ્યું હતું. સેમિફાઈનલમાં તેનો સામનો ૧૫ નવેમ્બરે મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં ન્યૂઝીલેન્ડ સામે થશે. જ્યારે બીજી સેમિફાઇનલ દક્ષિણ આફ્રિકા અને ઑસ્ટ્રેલિયા વચ્ચે ૧૬ નવેમ્બરે કોલકાતાના ઈડન ગાર્ડન્સ ખાતે રમાશે.

પોઈન્ટ ટેબલમાં ભારત, દક્ષિણ આફ્રિકા, ઑસ્ટ્રેલિયા અને ન્યૂઝીલેન્ડની ટીમ ટોપ ચારમાં રહી હતી. ચારેય સેમિફાઇનલ માટે ક્વોલિફાય થયા હતા. આ સાથે જ ડિફેન્ડિંગ ચેમ્પિયન ઈંગ્લેન્ડ ટોપ-૬માં પણ જગ્યા બનાવી શક્યું નથી. તે સાતમા સ્થાને રહ્યું હતું. બંગલાદેશ આઠમા સ્થાને રહીને ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ માટે ક્વોલિફાય થયું. પોઈન્ટ ટેબલની ટોચની આઠ ટીમો ચેમ્પિયન્સ ટ્રોફીમાં રમશે.

આવી સ્થિતિમાં ભારત, દક્ષિણ આફ્રિકા, ઑસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, પાકિસ્તાન, અફઘાનિસ્તાન, ઈંગ્લેન્ડ અને બંગલાદેશ ચેમ્પિયન્સ ટ્રોફી માટે ક્વોલિફાય થઈ ગયા છે. ■

# એક જ વર્લ્ડ કપમાં સૌથી વધુ વિકેટ લેનાર ભારતીય સ્પિનર બન્યો રવિન્દ્ર જાડેજા

બેંગલુરુઃભારતીય ઓલરાઉન્ડર રવિન્દ્ર જાડેજાએ રવિવાર (૧૨ નવેમ્બર)ના રોજ વર્લ્ડ કપ ૨૦૨૩માં એક રેકોર્ડ પોતાના નામે કર્યો હતો. તે વર્લ્ડ કપમાં સૌથી વધુ વિકેટ લેનાર ભારતીય સ્પિનર બન્યો હતો. નેધરલેન્ડ્સ સામેની મેચમાં જાડેજાએ નવ ઓવર નાંખી અને ૪૯ રન આપીને બે વિકેટ ઝડપી હતી. તેણે વાન ડેર મર્વેને પેવેલિયન મોકલીને અનિલ કુંબલે અને યુવરાજ સિંહને પાછળ છોડી દીધા હતા.

આ વર્લ્ડ કપમાં રવિન્દ્ર જાડેજાના નામે હવે ૧૬ વિકેટ છે. તેણે નવ મેચમાં ૧૮.૨૫ની બોલિંગ એવરેજ અને ૩.૯૭ની શાનદાર સ્ટ્રાઈક રેટથી બોલિંગ કરતી વખતે આ વિકેટો લીધી છે.

જાડેજા પહેલા ભારતીય સ્પિનરના વર્લ્ડ કપમાં સૌથી વધુ વિકેટ લેવાનો રેકોર્ડ અનિલ કુંબલે અને યુવરાજ સિંહના નામે હતો. અનિલ કુંબલેએ ૧૯૯૬ના વર્લ્ડ કપમાં ૧૫ વિકેટ ઝડપી હતી. જ્યારે યુવરાજ સિંહે વર્લ્ડ કપ ૨૦૧૧માં ૧૫ વિકેટ ઝડપી હતી.

ભારતીય ટીમે હવે સેમિફાઇનલ મેચ રમવાની છે. આ પછી જો ટીમ ઈન્ડિયા ફાઈનલમાં પહોંચે છે તો જાડેજા પાસે વધુ બે મેચ હશે. અહીં પણ જાડેજા વિકેટ લઈને પોતાનો રેકોર્ડ વધુ મજબૂત કરી શકે છે. જાડેજાની સાથે સાથે કુલદીપ યાદવ પણ આ વર્લ્ડ કપમાં શાનદાર બોલિંગ કરી રહ્યો છે. તેણે અત્યાર સુધીમાં ૧૪ વિકેટ ઝડપી છે. ■

# વિરેન્દ્ર સહેવાગને મળ્યું સન્માન, બે દિગ્ગજોની સાથે આઈસીસી હોલ ઓફ ફેમમાં કરાયા સામેલ

દુબઇઃ ક્રિકેટ ઈતિહાસના ત્રણ મહાન ખેલાડીઓ આઇસીસી હોલ ઓફ ફેમમાં સામેલ થયા છે. જેમાં ભારતીય ઓપનર વિરેન્દ્ર સહેવાગ, ભૂતપૂર્વ ભારતીય મહિલા ટેસ્ટ કેપ્ટન ડાયના એડુલ્જી અને શ્રીલંકાના ભૂતપૂર્વ બેટ્સમેન અરવિંદ ડી સિલ્વાનો સમાવેશ થાય છે. ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલે સોમવારે આઈસીસી ક્રિકેટ હોલ ઓફ ફેમમા સામેલ કરાયેલા નવા ત્રણ દિગ્ગજોના નામની જાહેરાત કરી હતી

આધુનિક ક્રિકેટના આક્રમક ઓપનિંગ બેટ્સમેનોમાં સામેલ સહેવાગે પોતાની કારકિર્દીમાં ઘણી મોટી સિદ્ધિઓ હાંસલ કરી છે. તે ટેસ્ટમાં ત્રેવડી સદી ફટકારનાર પ્રથમ ભારતીય ખેલાડી છે. સહેવાગે ટેસ્ટમાં બે વખત ત્રેવડી સદી ફટકારી હતી. તેની શાનદાર કારકિર્દી દરમિયાન તેણે ૨૩ ટેસ્ટ સદી ફટકારી હતી. આ ફોર્મેટમાં સૌથી વધુ સદી ફટકારવાના મામલે તે ભારતીય ખેલાડીઓમાં પાંચમા સ્થાને છે. ટેસ્ટમાં સહેવાગનો સર્વોચ્ચ સ્કોર ૩૧૯ રન છે.

આ ટેસ્ટમાં ભારતીયનો સર્વોચ્ચ સ્કોર છે. તેણે ૨૦૦૮માં દક્ષિણ આફ્રિકા સામે ચેન્નઈમાં ૩૧૯ રન કર્યા હતા. સહેવાગના નામે ૧૦૪ ટેસ્ટ મેચોમાં ૮,૫૮૬ રન છે. તેણે ૨૫૧ વન-ડેમાં ૩૫.૦૫ની એવરેજથી ૮,૨૭૩ રન કર્યા છે. સહેવાગે ૨૦૧૧ના વર્લ્ડ કપમાં ૩૮૦ રન બનાવ્યા હતા.

આઈસીસી હોલ ઓફ ફેમમાં બીજા સ્થાને સામેલ કરાયેલા મહિલા ક્રિકેટર એડુલ્જીએ લગભગ ત્રણ દાયકા સુધી ભારતનું નેતૃત્વ કર્યું અને ડાબા હાથના સ્પિનર તરીકે ૫૪ આંતરરાષ્ટ્રીય મેચોમાં કુલ ૧૦૯ વિકેટ લીધી હતી. ડાયનાએ પશ્ચિમ રેલવેમાં એડમિનિસ્ટ્રેટરની ભૂમિકા નિભાવી અને મહિલા ક્રિકેટરો માટે રોજગારીની તકો ઊભી કરવા સખત મહેનત કરી.

પશ્ચિમ અને ભારતીય રેલવેની રમતગમત નીતિ ઘડવામાં પણ તેમણે પ્રભાવશાળી ભૂમિકા ભજવી હતી. ડાયનાએ કહ્યું હતું કે સૌપ્રથમ હું આઇસીસી અને જ્યુરીનો આભાર માનું છું કે તેમણે મને આઇસીસી હોલ ઓફ ફેમ ૨૦૨૩માં સામેલ કરવા માટે પસંદ કરી હતી.

આ યાદીમાં સામેલ થનારી પ્રથમ ભારતીય મહિલા ક્રિકેટર બનવું એ ખરેખર એક મહાન સન્માન છે. આઇસીસી હોલ ઓફ ફેમમાં સામેલ ત્રીજા ખેલાડી અરવિંદ ડી સિલ્વા છે, જેણે ૧૯૯૬માં શ્રીલંકા સાથે આઇસીસી મેન્સ ક્રિકેટ વર્લ્ડ કપ જીત્યો હતો. ■

વર્લ્ડ કપમાં ખરાબ પ્રદર્શન

# બોલિંગ કોચ મોર્ની મોર્કલનું રાજીનામું

લાહોરઃ દક્ષિણ આફ્રિકાના ભૂતપૂર્વ ઝડપી બોલર મોર્ની મોર્કલે ભારતમાં ચાલી રહેલા વર્લ્ડ કપમાંથી પાકિસ્તાનના બહાર થયાના બે દિવસ બાદ સોમવારે પાકિસ્તાન ક્રિકેટ ટીમના બોલિંગ કોચના પદ પરથી રાજીનામું આપ્યું હતું.

બાબર આઝમની કેપ્ટનશિપમાં પાકિસ્તાની ટીમ નવમાંથી પાંચ મેચ હારીને વન-ડે વર્લ્ડ કપમાંથી બહાર થઈ ગઈ હતી. કોલકાતામાં ઈંગ્લેન્ડે તેમને ૯૩ રને હરાવ્યું હતું. મોર્કેલ આ વર્ષે જૂનમાં છ મહિના માટે ટીમ સાથે જોડાયો હતો. પીસીબીએ એક નિવેદનમાં કહ્યું હતું કે ''પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ ટૂંક સમયમાં તેમના સ્થાને નવા બોલિંગ કોચના નામની જાહેરાત કરશે.'' ■

# ઈન્ફલેશન ડેટાની જાહેરાત અગાઉની સાવચેતીના માનસ વચ્ચે શૅરબજાર નેગેટિવ ઝોનમાં લપસ્યું

મુંબઇઃ મુહૂર્તના સોદા વખતે જોવા મળેલો તેજીનો ઉન્માદ સપ્તાહના પહેલા સત્રમાં શેરબજાર જાણે ગુમાવી બેઠું હતું. ઇન્ફલેશન ડેટાની જાહેરાત અગાઉની સાવચેતીના માનસ વચ્ચે આઇટી, કન્ઝ્યુમર ડ્યરેબલ અને ફાઇનાન્શિયલ શેરોની વેચવાલીના દબાણને કારણે બેન્ચમાર્ક નેગેટીવ ઝોનમાં લપસી પડ્યો હતો. આ ઉપરાંત વિદેશી ફંડોના એકધારા વેચાણ અને ડોલર સામે ફોરેક્સ માર્કેટમાં રૂપિયાની નબળાઇને લીધે પમ બજારનું માનસ ખોરવાયું હતું. મુહૂર્તના સોદાનો તમામ લાભ ગુમવતા સેન્સેક્સ ૩૨૫.૫૮ પોઇન્ટ અથવા તો ૦.૫૦ ટકા ગબડૂને ૬૪,૯૩૩.૮૭ પોઇન્ટની સપાટીએ સ્થિર થયો હતો. દિવસ દરમિયાન આ બેન્ચમાર્ક ૪૦૬.૦૯ પોઇન્ટ અથવા તો ૦.૬૨ ટકા ગબડીને ૬૪,૮૫૩.૩૬ પોઇન્ટની નીચી સપાટીને અથડાયો હતો. નિફ્ટી ૮૨ પોઇન્ટ અથવા તો ૦.૪૨ ટકાના ઘટાડા સાથે ૧૯,૪૪૩.૫૫ પોઇન્ટની સપાટીએ પહોંચ્યો હતો.

સત્ર દરમિયાન રોકાણકારો ઓક્ટોબરના સ્થાનિક રિટેલ ફુગાવાના ડેટાની રાહ જોઈ રહ્યા હોવાથી સાવચેતીનું માનસ રહ્યું હતું. મુહૂર્તના કામકાજમાં બેન્ચમાર્ક નિફ્ટી અને સેન્સેક્સ ત્રણ સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હોવાથી ઊંચા મથાળે વેચવાલી પણ અપેક્ષિત હતી. એનર્જી અને ઇન્ફર્મેશન ટેક્નોલોજી શેરોમાં ઉછાળાને કારણે રવિવારે ખાસ એક કલાકના મુહૂર્ત ટ્રેડિંગ સેશનમાં ૦.૫ ટકાથી વધુનો ઉમેરો થયો હતો.

રવિવારે સંવત ૨૦૮૦ના મુહૂર્તના સોદામાં રોકાણકારોની જોરદાર લાવલાવ વચ્ચે શેરબજારના માનસમાં પણ જાણે દિવાળીનો માહોલ છવાયો હતો. સેન્સેક્સ ૩૫૪.૭૭ પોઇન્ટ અથવા તો ૦.૫૫ ટકાના ઉછાળા સાથે ૬૫,૨૫૯.૪૫ પોઇન્ટની સપાટીએ પહોંચ્યો હતો, જ્યારે નિફ્ટી ૧૦૦.૨૦ પોઇન્ટ અથવા તો ૦.૫૨ ટકાના ઉછાળા સાથે ૧૯,૫૨૫.૫૫ પોઇન્ટની સપાટીએ પહોંચ્યો છે. બજારના નિષ્ણાતો સંવત ૨૦૮૦માં તેજી માટે આશાવાદી છે અને માને છે કે દેશના મજબૂત અર્થતંત્રને જોતાં તેજી જળવાઇ રહેશે. રવિવારના વિશેષ સત્રમાં આઇટી અને ફાઇનાન્શિયલ્સ ઇન્ડેક્સ અનુક્રમે ૦.૪૪ ટકા અને ૦.૭૨ ટકા વધ્યા હતા. સોમવારના સત્રમાં સવાર આ બંને હાઇ વેઇટેજ ઇન્ડેક્સમાં પ્રત્યેક ૦.૫ ટકાથી વધુ ઘટાડો જોવા મળ્યો હતો. બજારના વિશ્લેષકોએ જણાવ્યું હતું કે ભારતીય ઇક્વિટીમાં ઘટાડો એ અગાઉના સત્રના ઉછાળા પછીનું ટેકનિકલ પુલબેક છે.

બજારના સાધવનો અનુસાર ભારતીય બજારો માટે વેગ યથાવત છે. કોર્પોરેટ ક્ષએત્રની કમાણી અપેક્ષિત સ્તરે રહી છે, મેક્રો ઇકોનોમિક ડેટા આશાસ્પદ લાગે છે અને નાના રોકાણકારોની ભાગીદારી સતત વધી રહી છે. એ નોંધવું રહ્યું કે નિફ્ટી બેન્ચમાર્ક ઓક્ટોબરમાં લગભગ ૬ણેક ટકા ગબડ્યો હતો, જેમાં નવેમ્બરમાં અત્યાર સુધીમાં બે ટકા ઉમેરતા પહેલા ૨૦૨૩માં તેનો સૌથી ખરાબ મહિનો હતો. ઑક્ટોબર માટે ભારતના રીટેલ ફુગાવાના આંકડા બજારના કામકાજના કલાકો પછી જાહેર થવાના હોવાથી રોકાણકારો તેની જાહેરાતની પ્રતિક્ષામાં હતા અને મોટા લેણ ટાળી રહ્યાં હતાં. માર્કેટ એનાલિસ્ટ માને છે કે યુએસ ટ્રેઝરી યીલ્ડના ઊંચા સ્તર અને ઇઝરાયલ - ગાઝાના સંઘર્ષ જેવા વૈશ્વિક પરિબળોને કારણે પાછલા કેટલાંક અઠવાડિયામાં કોન્સોલિડેશન પછી વર્તમાન મૂલ્યાંકન પર ખરીદીની ઘણી તકો છે. વૈશ્વિક બજારોની અનિશ્ચિતતા પાછળ ભારતીય બજારો કોન્સોલિડેટ થઇ રહ્યા છે. વિદેશી હૂંડિયામણ બજારમાં ડોલર સામે રૂપિયાની નબળાઇને કારણે વિદેશી સંસ્થાકીય રોકાણકારો પણ સાવચેત અભિગમ અપનાવી રહ્યાં છે. જોકે, કોર્પોરેટ ક્ષેત્રની મજબૂત કામગારી, આર્થિક મજબૂતી અને સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોના લેવાલીના પ્રવાહને કારણે સ્થાનિક શેરબજારને ટેકો મળી રહ્યો છે. સેન્સેક્સના શેરોમાં બજાજ ફાઇનાન્સ, ઇન્ફોસિસ, ટેક મહિન્દ્રા, આઇસીઆઇસીઆઇ બેન્ક, નેસ્લે, ટાટા કન્સ્લટન્સી સર્વિસિસ, એચડીએફસી બેન્ક અને રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ ટોપ લુઝર્સ શેર રહ્યાં હતાં. જ્યારે મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, જેએસડબલ્યુ સ્ટીલ, એનટીપીસી, પાવર ગ્રીડ અને ઇન્ડસઇન્ડ ટોપ ગેઇનર શેર બન્યા હતા. બ્રોડર ઇનડેક્સમાં મિડકેપ ઇન્ડેક્સ ૦.૧૦ ટકા વધ્યો હતો જ્યારે, સ્મોલ કેપ ઇન્ડેક્સ ૦.૦૧ ટકા લપસ્યો હતો. સેન્સેક્સમાં મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા ૦.૯૦ ટકા, જેએસડ્બલયુ સ્ટીલ ૦.૫૬ ટકા, એનટીપીસી ૦.૪૩ ટકા, ઈન્ડસઈન્ડ બેન્ક ૦.૨૧ ટકા અને પાવર ગ્રિડ કોર્પરેશન ઓફ ઈન્ડિયા ૦.૧૯ ટકા વધ્યા હતા, જ્યારે બજાજ ફાઈનાન્સ ૧.૩૨ ટકા, ઈન્ફોસિસ ૧.૦૦ ટકા, ટેક મહિન્દ્રા ૦.૯૬ ટકા, આઈસીઆઈસીઆઈ બેન્ક ૦.૮૦ ટકા અને નેસ્ટલે ઈન્ડિયા ૦.૭૯ ટકા ઘટ્યા હતા. બધા ગ્રુપની કુલ ૧૭ કંપનીઓમાંથી ૧૧ કંપનીઓને ઉપલી અને ૬ કંપનીઓને નીચલી સર્કીટ લાગી હતી.

# સેક્ટરલ ઈન્ડાયસીસમાં મેટલ ઈન્ડેક્સ સર્વાધિક વધ્યો, કંઝ્યુમર ડ્યુરેબલ્સ ઈન્ડેક્સ સર્વાધિક ઘટ્યો

મુંબઇઃ બીએસઈ સેન્સેક્સ સોમવારે ગઈ કાલના ૬૫,૨૫૯.૪૫ બંધની તુલનાએ ૩૨૫.૫૮ પોઈન્ટ્સ (૦.૫૦ ટકા) ઘટ્યો હતો. સેન્સેક્સ ૬૫,૧૫૮.૩૧ ખૂલી, ઉપરમાં ૬૫,૧૭૬.૯૬ સુધી, નીચામાં ૬૪,૮૫૩.૩૬ સુધી જઈ અંતે ૬૪,૯૩૩.૮૭ પર બંધ રહ્યો હતો. સેન્સેક્સની ૭ કંપનીઓ વધી અને ૨૩ કંપનીઓ ઘટી હતી. માર્કેટ કેપ રૂ.૩૨૨.૧૦ લાખ કરોડ રહ્યું હતું.

બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ મીડ કેપ ૦.૧૦ ટકા વધ્યો હતો, જ્યારે બીએસઈ સેન્સેક્સ ૫૦ ઈન્ડેક્સ ૦.૪૨ ટકા, બીએસઈ ૧૦૦ ઈન્ડેક્સ ૦.૩૭ ટકા, બીએસઈ સ્મોલ કેપ ૦.૦૧ ટકા, બીએસઈ ૨૦૦ ઈન્ડેક્સ ૦.૩૦ ટકા, બીએસઈ ૫૦૦ ઈન્ડેક્સ ૦.૨૭ ટકા, બીએસઈ ઓલ કેપ ૦.૨૫ ટકા અને બીએસઈ લાર્જ કેપ ૦.૩૮ ટકા ઘટ્યા હતા. આઈપીઓ ઈન્ડેક્સ ૦.૬૬ ટકા અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૦.૭૯ ટકા ઘટ્યા હતા. સેક્ટરલ ઈન્ડાયસીસમાં પાવર ૦.૧૮ ટકા, મેટલ ૧.૧૭ ટકા, યુટિલિટીઝ ૦.૪૪ ટકા, ઓટો ૦.૦૩ ટકા, ઈન્ડસ્ટ્રીયલ્સ ૦.૦૦ ટકા (૦.૧૬ પોઈન્ટ્સ) અને એનર્જી ૦.૫૧ ટકા વધ્યા હતા, જ્યારે કોમોડિટીઝ ૦.૧૬ ટકા, કંઝ્યુમર ડિસ્ક્રીશનરી ૦.૨૬ ટકા, એફએમસીજી ૦.૩૯ ટકા, ફાઈનાન્શિયલ સર્વિસીસ ૦.૧૭ ટકા, હેલ્થકેર ૦.૫૩ ટકા, આઈટી ૦.૭૭ ટકા, ટેલિકોમ્યુનિકેશન ૦.૦૬ ટકા, બેન્કેક્સ ૦.૨૩ ટકા, કેપિટલ ગુડ્સ ૦.૧૦ ટકા, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ ૦.૭૫ ટકા, ઓઈલ એન્ડ ગેસ ૦.૧૫ ટકા, રિયલ્ટી ૦.૩૪ ટકા, ટેક ૦.૬૬ ટકા, અને સર્વિસીસ ૦.૨૦ ટકા વધ્યા હતા.

બીએસઈના ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં સોમવારે કુલ રૂ. ૮,૮૪,૫૨૭.૫૯ કરોડનું ટર્નઓવર થયું હતું. કુલ ૨૮,૬૭,૬૯૨ સોદામાં ૧,૧૯,૮૭,૧૩૪ કોન્ટ્રેક્ટનું કામકાજ થયું હતું. કુલ ૬૯,૬૨,૪૮૦ કોન્ટ્રેક્ટ્સના ઓપન ઈન્ટરેસ્ટ રહ્યા હતા.

# સોનું ₹ ૬૦,૦૦૦ની નીચે ખાબક્યું, ચાંદીએ ₹ ૧,૦૧૬ના કડાકા સાથે ₹ ૬૯,૫૦૦ની સપાટી તોડી

મુંબઇઃ વિશ્વબજારના નરમાઇના અહેવાલ સાથે ઝવેરી બજારમાં સપ્તાહનો પહેલો દિવસ નિરસ રહ્યો હતો. પર્યાપ્ત લેવાલીના અભાવે સોનું રૂ. ૬૦,૦૦૦ની નીચે ખાબક્યુ, ચાંદી રૂ. ૧૦૧૬ના કડાકા સાથે રૂ. ૬૯,૫૦૦ની સપાટી તોડી નાંખી હતી.

આંતરરાષ્ટ્રીય બજારમાં ગોલ્ડ ઘટાડા સાથે ઔંશદીઠ ૧૯૩૭ ડોલર અને સિલ્વર ૨૨.૦૫ ડોલર પ્રતિ ઔંશના સ્તરે રહી હતી. સ્તાનિક બજારમાં ૯૯૯ ટચનું શુદ્ધ સોનું રૂ. ૬૦,૨૪૦ના પાછલા બંધ સામે રૂ. ૫૯,૯૧૮ની સપાટીએ ખૂલીને ૧૦ ગ્રામદીઠ રૂ. ૩૪૮ના ઘટાડા સાથે રૂ. ૫૯,૮૯૨ની સપાટીએ સ્થિર થયું હતું.

એ જ રીતે, ૯૯૫ ટચનું સ્ટાન્ડર્ડ સોનું પણ રૂ. ૫૯,૯૯૯ના પાછલા બંધ સામે રૂ. ૫૯,૬૭૮ની સપાટીએ ખૂલીને દસ ગ્રામે રૂ. ૩૪૭ના ઘટાડા સાથે રૂ. ૫૯,૬૫૨ની સપાટીએ સ્થિર થયું હતું. જ્યારે હાજર ચાંદી રૂ. ૭૦,૪૧૬ના પાછલા બંધ સામે રૂ.૬૯,૪૦૦ની સપાટીએ ખૂલ્યા બાદ એક કિલોદીઠ રૂ. ૧૦૧૬ના કડાકા સાથે રૂ. ૬૯૪૦૦ની સપાટીએ પહોંચી હતી. દિલ્હી સર્રાફા બજારમાં પણ સોનાચાંદીમાં મંડીનો માહોલ જોવા મળ્યો હતો. સોનામં રૂ. ૧૦૦ અને ચાંદીમાં રૂ. ૭૦૦નો ઘટાડો રહ્યો હતો.

# વર્તમાન નાણાકીય વર્ષમાં ૧.૩૬ ટ્રિલિયનની જીએસટી ચોરીમાંથી ₹ ૧૪,૧૦૮ કરોડની વસૂલી

નવી દિલ્હીઃ દેશમાં ગુડસ એન્ડ સર્વિસીઝ ટેકસ (જીએસટી)ના અમલ બાદ જીએસટીની કરચોરીની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યાનું જોવા મળી રહ્યું છે. થયેલી કરચોરીમાંથી વર્તમાન નાણાં વર્ષમાં રૂપિયા ૫૦,૦૦૦ કરોડની વસૂલી થવા સરકાર અપેક્ષા રાખે છે, જે નાનો આંક ન કહી શકાય.

ગયા નાણાં વર્ષની સરખામણીએ આ આંક બમણાથી વધુ હોવા ઉપરાંત, કોઈ એક વર્ષમાં અત્યાર સુધીની સૌથી મોટી રિકવરી હશે એમ પ્રાપ્ત માહિતી પરથી કહી શકાય એમ છે. વર્તમાન નાણાં વર્ષમાં જીએસટી સત્તાવાળાએ રૂપિયા ૧.૩૬ ટ્રિલિયનની કરચોરી પકડી પાડી છે. આમાંથી રૂપિયા ૧૪૧૦૮ કરોડ વસૂલી લેવાયા છે. જીએસટી મારફતની આવકમાં વધારાની સાથોસાથ કરચોરીના કિસ્સા પણ વધી રહ્યા છે. ૨૦૨૨-૨૩માં કુલ રુપિયા ૧.૦૧ ટ્રિલિયનની કરચોરી પકડી પડાઈ હતી જેમાંથી રુપિયા ૨૧૦૦૦ કરોડ વસૂલાયા હતા. ચાર વર્ષમાં ૬૦૦૦થી વધુ બનાવટી કેસ પકડાયા છે.

જુલાઈ ૨૦૧૭થી ફેબ્રુઆરી ૨૦૨૩ના ગાળામાં કુલ રૂપિયા ૩.૦૮ ટ્રિલિયનની કરચોરી પકડી પડાઈ છે, જેમાંથી રૂપિયા ૧.૦૩ ટ્રિલિયન વસૂલાયા છે. એપ્રિલ ૨૦૨૦થી સપ્ટેમ્બર ૨૦૨૩ દરમિયાન ઈનપુટ ટેકસ ક્રેડિટના ૬૦૦૦થી વધુ બનાવટી કેસ પકડાયા હતા.

ધ ડાયરેકટોરેટ જનરલ ઓફ જીએસટી ઈન્ટેલિજન્સ જે દેશમાં જીએસટીની ચોરી પકડી પાડવા માટેની મુખ્ય એજન્સી છે, તેણે ઈનપુટ ટેક્સ ક્રેડિટના ખોટા દાવા સામે ખાસ ઝૂંબેશ છેડી છે, તેને કારણે પણ મોટી માત્રામાં કરચોરી પકડાઈ રહી છે.ઓકટોબરમાં જીએસટી આવક વાર્ષિક ધોરણે ૧૩ ટકા વધી રૂ. ૧.૭૨ લાખ કરોડે પહોંચી છે. પ્રારંભમાં કેટલીક અડચણો બાદ દેશમાં જીએસટી પદ્ધતિ ધીમી ગતિએ સ્થિર અને સરળ થઈ રહ્યાનું જોવા મળી રહ્યું છે.

# બીજા ત્રિમાસિક ગાળામાં બૅંકોના નફામાં ૩૩ ટકાથી વધુનો વધારો

મુંબઈઃ ઊંચા ધિરાણ ઉપાડ વચ્ચે દેશની બેન્કોએ વર્તમાન નાણાં વર્ષના બીજા ત્રિમાસિક ગાળામાં નફામાં વાર્ષિક ધોરણે ૩૩.૫૦ ટકા વૃદ્ધિ હાંસલ કરી છે. ખાનગી તથા જાહેર ક્ષેત્રની બેન્કોના મળીને બીજા ત્રિમાસિકમાં બેન્કોનો એકંદર નેટ પ્રોફિટ રૂપિયા ૭૭૫૬૪ કરોડ રહ્યો છે. નેટ ઈન્ટરેસ્ટ ઈન્કમ વાર્ષિક ધોરણે ૧૭.૪૦ ટકા વધી રૂપિયા ૧૯૦૨૫૦ કરોડ રહી છે. લોનના નવા દર તથા ઊંચા વ્યાજ સાથે લોન છૂટી કરવાના પ્રમાણમાં વધારો થવાને કારણે આવકમાં વૃદ્ધિ જોવા મળી હોવાનું એક બેન્કરે જણાવ્યું હતું. જૂન ત્રિમાસિકની સરખામણીએ નેટ ઈન્ટરેસ્ટ ઈન્કમમાં ૨.૭૦ ટકા જ વધારો જોવા મળ્યો છે. ૨૨ સપ્ટેમ્બર ૨૦૨૩ સુધીમાં બેન્કોમાં ધિરાણમાં વાર્ષિક ધોરણે વીસ ટકા વધારો થયો હોવાનું રિઝર્વ બેન્કના આંકડા જણાવે છે. માર્જિન પર અસરને કારણે આગળ જતાં બેન્કોની વ્યાજ મારફતની આવકમાં મોટો વધારો જોવા નહીં મળે.


PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**પશ્ચિમ રેલવે**

**સ્ટેટિક સ્વીચની જોગવાઈ**

સિનિયર DEE/P/BCT ટેન્ડર નોટીસ નંબર EL૮૧/૧/WA/૬૮ તારીખઃ ૦૯/૧૧/૨૦૨૩ મંગાવે છે. કામ અને સ્થળઃ વલસાડ સેક્શન-વલસાડ સેક્શનમાં સ્ટેટિક સ્વીચની જોગવાઈ. કામની અંદાજિત કિંમતઃ રૂ. ૪,૯૮,૫૫૦/- બીડ સિક્યોરિટીની કિંમતઃ રૂ. ૧૦,૦૦૦/- સુપ્રતિની તારીખ અને સમયઃ ૦૪/૧૨/૨૦૨૩ના ૧૫:૦૦ કલાક સુધી. ખોલવાની તારીખ અને સમયઃ ૦૪/૧૨/૨૦૨૩ના ૧૫:૩૦ કલાક સુધી. નોંધઃ ટેન્ડર દસ્તાવેજ, સુધારા અને વધુ વિગતો ડાઉનલોડ કરવા માટે કૃપા કરીને અમારી વેબસાઈટ www.ireps.gov.in ની મુલાકાત લો. 0844

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે-વડોદરા ડિવિઝન**

**એન્જિનિયરીંગ વિભાગ**

**“ઈ”-ટેન્ડર નોટીસ - મુખ્ય બ્રિજનું શેડ્યૂલ પેઈન્ટીંગ**

**ઈ-ટેન્ડર નોટીસ નં. DYCE-BR-BRC-16-2023.** ભારતના રાષ્ટ્રપતિ માટે અને તેના વતી ડેપ્યુટી ચીફ એન્જિનિયર (બ્રિજ-લાઈન) વડોદરા, પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા-390 004 દ્વારા નીચેના કામો માટે ઈ-ટેન્ડરો આમંત્રિત કરવામાં આવ્યા છે. **ક્ર. સં. 01 ટેન્ડર નં. અને કામનું નામ : DYCE-BR-BRC-16-2023.** ‘મુખ્ય પુલ નંબર 502 (સ્પાન નં. 8, 9, 10 અપ/ડાઉન), 452 (સ્પાન નં. 8, 9, 10 અપ/ડાઉન), આરઓબી નંબર 450 બી અને 465 બીનું શેડ્યૂલ પેઈન્ટિંગ અને પશ્ચિમ રેલવેના વડોદરા ડિવિઝનના એસએસઇ(બી) બીએચ ના અધિકારક્ષેત્ર હેઠળ બીએચ-ડીએફએલ લાઇન પર બીઆર નં. 18 અને 23 નું ઇપોક્સી પેઇન્ટિંગ’. **કામની અંદાજિત પડતર (₹ માં) : 96,30,858.65 જમા કરાવવાની બીડ સિક્યોરીટી (₹ માં) : 1,92,600.00 ટેન્ડર જમા કરાવવાની અને ટેન્ડર ખોલવાની તારીખ અને સમય :** ઓનલાઈન ટેન્ડર 15.12.2023 ના 15.00 કલાક પહેલાં સુધી જમા કરાવવાના રહેશે અને તે એ જ દિવસે 15.30 કલાકે ખોલવામાં આવશે. **વેબસાઈટની વિગતો અને નોટિસનું સ્થળ જ્યાંથી સંપૂર્ણ માહિતી જોઈ શકાશે વગેરે : વેબસાઈટ @ www.ireps.gov.in** ડેપ્યુટી ચીફ એન્જિનીયર (બ્રિજ લાઈન) વડોદરા, પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા-4. **W.65/1/15/DE-NIT/D/BRC/2022-23 & W.65/I/04/DE/R/BRC/2023-24** 236

અમને લાઇક કરોઃ facebook.com/WesternRly


## ગુજરાત

# ગુજરાતમાં ૨૪ કલાકમાં વીજ કરંટ લાગવાથી ચારનાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં વીજ કરંટ લાગવાથી એક આધેડ સહિત કુલ ચાર લોકોના મોત થયા હતાં. આણંદમાં સામરખા પાસે વીજ કરંટ લાગતા યુવકનું મોત થયું હતું. જ્યારે રાજકોટના ઉપલેટા પંથકમાં દિવાળીના દિવસે એક સાથે બે વ્યક્તિઓના કરંટ લાગવાથી મોત નિપજ્યા હતાં. તેમજ મોરબીમાં ગાડીની સફાઈ કરતી વખતે વીજશોકથી યુવાનનું મોત નિપજ્યું હતું. સૂત્રોના જણાવ્યા મુજબ ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં વીજ કરંટ લાગવાની અલગ-અલગ ત્રણ ઘટનામાં કુલ ચારના મોત થયા હતા. જેમાં આણંદ જિલ્લાના સામરખા હાઇવે પર આવેલી હોટેલના કર્મચારીને વીજ કરંટ લાગ્યો હતો. જેના પગલે યુવકને તાત્કાલિક સારવાર માટે હૉસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો. જ્યાં ડૉક્ટરે યુવકને મૃત જાહેર કર્યો હતો. જ્યારે રાજકોટના ઉપલેટા પંથકમાં દિવાળીના દિવસે એક સાથે બે વ્યક્તિઓના કરંટ લાગવાથી મોત થયા હતા. જેમાં વડાળા ગામે વાડીએ ઓપનરમાં આવી જતા એક પરપ્રાંતિય મહિલાનું મોત થયું હતું. જ્યારે કથરોટા ગામે વાડીએ શોક લાગવાથી નાથાભાઈ (ઉ.વ.૫૫) આધેડનું મોત થયું હતું. ત્રીજી ઘટનામાં મૂળ ટંકારા તાલુકાના નસીતપર ગામના રહેવાસી નીલેશ સવસાણી (ઉ.વ.૩૫) નામના યુવાનનું પીપળી ગામની સીમમાં એક કન્સ્ટ્રકશન ઓફિસ બહાર ગાડીની સફાઈ કરતો હતો. ત્યારે ઇલેક્ટ્રિક શોર્ટ લાગતા સારવાર દરમિયાન યુવાનનું મોત થયું હતું મોરબી તાલુકા પોલીસે અકસ્માત મૃત્યુના બનાવની નોંધ કરી વધુ તપાસ હાથ ધરી હતી. પ્રકાશના પર્વના દિવસે જ વીજ કરંટ લાગતા પરિવારને પોતાના સ્વજનો ગુમાવવા પડતા પરિવારમાં શોકનો માહોલ છવાઈ ગયો હતો.

# ગીર જંગલમાં દિવાળીના તહેવારોમાં ગેરકાયદે લાયન-શૉ રોકવા વનવિભાગે વિશેષ ટીમો બનાવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં દિવાળીના તહેવારમાં ગેરકાયદે સિંહ દર્શન કરવાની ઘટનાઓ સતત સામે આવતી હોય છે, તેવા સમયે આ વર્ષે વનવિભાગ દ્વારા અમરેલી જિલ્લામાં વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું. તમામ રેન્જમાં રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું હતું. દિવાળી તહેવાર શરૂ થતાં પાંચ દિવસ સુધી સતત પેટ્રોલિંગ વનવિભાગ દ્વારા કરવામાં આવશે.

સિંહોની અવર જવરવાળા વિસ્તાર અને વસવાટવાળા વિસ્તારમાં વન અધિકારીઓ અને વનકર્મીઓએ પેટ્રોલિંગ શરૂ કર્યું છે. ગેરકાયદેસર રીતે સિંહ દર્શનની ઘટનાઓ સામે આવતી હોય છે તેવા સમયે વનવિભાગ આ તહેવારમાં એક્શન મોડમાં જોવા મળી રહ્યું છે.

પ્રાપ્ત માહિતી અનુસાર લીલિયા રાજુલા જાફરાબાદ પીપાવાવ પોર્ટ સહિત આસપાસના રેવન્યૂ વિસ્તારમા સિંહો સહિત વન્યપ્રાણીઓનો વસવાટ વધુ છે તેવા વિસ્તારમાં બાજ નજર રાખી રહ્યા છે. સિંહ દ્વારા કરવામાં આવતા મારણો ઉપર પણ વનવિભાગ સતત વોચ રાખી રહ્યો છે. ગેરકાયદેસર સિંહ દર્શન અને ગેરકાયદે પ્રવૃત્તિ સામે કડક હાથે કાર્યવાહી કરવા ઉચ્ચ અધિકારીઓ દ્વારા આદેશ આપવામાં આવ્યાં છે તેવા સમયે દિવાળી તહેવારમાં વનવિભાગના તમામ અધિકારીઓ કર્મચારીઓની રેડ એલર્ટના કારણે રજાઓ પણ રદ કરી પેટ્રોલિંગ સતત રાખવા માટે સૂચના આપવામાં આવતા વનવિભાગનો મોટો કાફલો પેટ્રોલિંગ કરી રહ્યો છે.

વનવિભાગના એસીએફ આર.એફ.ઓ.ફોરેસ્ટર વનરક્ષક ટ્રેકર્સ આઉટસોર્સિંગ રક્ષણ મજૂર સહિત કર્મચારીનો સમાવેશ કરાયો છે. અલગ અલગ રેન્જ વિસ્તારમાં ૧૩ જેટલી ટીમો બનાવી છે. કુલ ૮૭ જેટલા માણસો આ રેડ એલર્ટની કામગીરીમાં જોડાયા છે અને રાતભર પેટ્રોલિંગ હાથ ધર્યું છે.

વનવિભાગના ઇનચાર્જ એસીએફએ જણાવ્યું હતું કે, શેત્રુંજી ડિવિઝન વિભાગના અમારા ડીસીએફના માર્ગદર્શન હેઠળ અલગ અલગ ૧૪ ટીમો બનાવી છે. આ ટીમો સિંહોની અવરજવર કરતા વિસ્તારમાં સાંજના સમયથી વહેલી સવાર સુધી ગેરકાયદેસર રીતે સિંહ દર્શન ન થાય અને વન્યપ્રાણી સિંહોને રંજાડ કોઈ ન કરે તે બાબતે એલર્ટ મોડમાં અમારી ટીમ છે. તારીખ ૧૧ થી લઈ તારીખ ૧૫ સુધી સતત પેટ્રોલિંગ કરવામાં આવશે, બધી રેન્જમાં સતત પેટ્રોલિંગ ચાલી રહ્યું છે. ગેરકાયદે સિંહ દર્શન સામે આવશે તો વનવિભાગ કાયદેસરની કાર્યવાહી કરશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, દર વર્ષે દિવાળી વેકેશન દરમિયાન મોટીસંખ્યામાં પ્રવાસીઓ ગીરના જંગલમાં આવતા હોય છે. દરેક મુલાકાતીઓને સિંહ દર્શન કરવા હોય છે. પરંતુ કાયદેસર રીતે થતાં ન હોવાથી કેટલાક લોકો ગેરકાયદે કરાવી આપતા હોય છે.

# ગુજરાતમાં ધનતેરસે ૪૩૯ કરોડનું ૭૦૦ કિલો સોનું વેચાયું

અમદાવાદઃ ગુજરાતમાં ધનતેરસના એક જ દિવસમાં અંદાજે રૂ. ૪૩૯ કરોડની કિંમતના ૭૦૦ કિલો સોનાનું વેચાણ થયું હતું. ૬૦ ટકા જવેલરી તથા બાકીના ૪૦ ટકા સિકકા-બિસ્કિટ વેચાયા હતા. અમદાવાદ, રાજકોટ, જામનગર સહિતના નાના-મોટા શહેરોમાં મોડીરાત સુધી સોનીબજારો ખુલ્લા રહ્યા હતાં. જવેલર્સ એસોસિએશનના અંદાજ પ્રમાણે માત્ર અમદાવાદમાં જ ૩૦૦ કિલો સોનાનું વેચાણ થયુ હતું. એસોસિએશનના ડાયરેક્ટર હરેશ આચાર્યએ જણાવ્યું હતું કે ધનતેરસે સોના-ચાંદીની શુભ ખરીદીની પરંપરા છે. આ વખતની ધનતેરસ ઘણી સારી હતી. સવારથી મોડીરાત સુધી જવેલર્સ શોરૂમોમાં ગ્રાહકોની ભીડ જામી હતી. દરેક ગ્રાહકની ખરીદી સરેરાશ દસ ગ્રામની હોવાનું અનુમાન છે. એકાદ મહિના પૂર્વે હતા તેની તુલનાએ સોનાના ભાવ નીચા આવી ગયા છે અને તેથી ખરીદી વધી હતી. વર્ષ દરમિયાનન સોનાના વેચાણમાં સરેરાશ ૨૦ ટકાનો ઘટાડો અંદાજાય છે. છેલ્લા વર્ષમાં સોનામાં સરેરાશ ૨૭ ટકાનો ભાવવધારો થયો હતો. ગત વર્ષે દિવાળી પર્વમાં સોનાનો ભાવ ૫૨,૬૦૦ હતો તે ધનતેરસે ૬૨,૭૦૦ હતો. ઊંચા ભાવની અસર ખરીદીના ગ્રામેજ પર જોવાતી હતી. અમદાવાદ ઉપરાંત રાજકોટ-જામનગર સહિત રાજયના તમામ નાના મોટા શહેરોમાં સોનીબજારો મોડીરાત સુધી ધમધમ્યા હતા અને મોટા પ્રમાણમાં કારોબાર થયો હતો.

# નૂતન વર્ષ પ્રકાશ પર્વ સાથે ગુજરાતના વૈશ્વિક વિકાસની ઉન્નતિનું પર્વ બનેઃ મુખ્ય પ્રધાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે ગુજરાતના સૌ નાગરિક ભાઈ-બહેનો અને વિશ્વભરમાં પથરાયેલા ગુજરાતી પરિવારોને દીપાવલી પર્વ અને વિક્રમ સંવતના નૂતન વર્ષની શુભેચ્છાઓ પાઠવી હતી. મુખ્ય પ્રધાને સૌને દિવાળી અને નવા વર્ષની શુભકામનાઓ પાઠવતા જણાવ્યું હતું કે, દીપાવલીની દીપમાળા, દીવડાઓની પ્રકાશજ્યોત અંધકારથી ઉજાસ તરફની ઉર્ધ્વગતિ અને સકારાત્મક દ્રષ્ટિકોણની પ્રેરણા આપે છે. તેમણે દિવાળીના આ પર્વો જન-જનનાં મનમાં સકારાત્મકતાની ઉમંગ જ્યોતથી સજાવવાની અભ્યર્થના વ્યક્ત કરી છે. મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે વિક્રમ સંવત ૨૦૮૦ નું નવું વર્ષ સૌ માટે વિકાસ અને સમૃદ્ધિનું વર્ષ બની રહે તેવી મંગલ કામનાઓ કરી છે.

મુખ્ય પ્રધાને વધુમાં કહ્યું હતું કે, આપણે સૌ સત્ય નિષ્ઠાથી વિકાસ માટેના પ્રકાશ દીવડા પ્રગટાવીને વિકસિત ભારત માટે વિકસિત ગુજરાતની ઝળહળતી મશાલ પ્રજ્વલિત કરીએ. વિઝનરી લીડર અને વિશ્વના લોકપ્રિય નેતા વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રાજ્યના વિકાસના નાખેલા મજબૂત પાયાને સૌ કોઈ ગુજરાતી બાંધવોના સહિયારા પ્રયાસથી આપણે સાતત્યપૂર્ણ વિકાસ દ્વારા ગુજરાતને વિકાસનો પર્યાય બનાવ્યું છે તેમ પણ મુખ્ય પ્રધાને દિવાળી પર્વની શુભેચ્છાઓ પાઠવતાં જણાવ્યું હતું. ભૂપેન્દ્ર પટેલે આ દીપાવલી અને નૂતન વર્ષ પ્રકાશ પર્વ સાથોસાથ સામાજિક, આર્થિક, વાણિજિયક સહિતના બહુવિધ ક્ષેત્રોમાં ગુજરાતના વૈશ્વિક વિકાસની ઉન્નતિનું પર્વ બને તેવી અભિલાષા દર્શાવી છે.

# વિવિધ રંગોની એકતાથી ઝળહળી ઊઠ્યું સ્ટેચ્યૂ ઓફ યુનિટી

અમદાવાદઃ નર્મદાના એકતાનગર ખાતે આવેલા સ્ટેચ્યુ ઓફ યુનિટીએ ટૂંકા ગાળામાં દેશ દુનિયામાં પોતાની આગવી ઓળખ ઊભી કરી છે.રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર દ્વારા સ્ટેચ્યૂ ઓફ યુનિટીમાં નવાં આકર્ષણો ઉમેરવાના સતત પ્રયાસો ચાલુ હોય છે, ત્યારે દિવાળીના પાવન પર્વને લઇ એકતાનગર સ્થિત સરદાર વલ્લભભાઈ પટેલની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યૂ ઓફ યુનિટીની મુલાકાતે પ્રવાસીઓ આવી રહ્યાં છે. જેને અનુલક્ષીને સ્ટેચ્યૂ ઓફ યુનિટીના કેમ્પસને વિવિધ સ્થળો પર રંગબેરંગી લાઇટીંગથી સજાવવામાં આવ્યા છે. સ્ટેચ્યૂ ઓફ યુનિટીના આકાશી દ્રશ્યોનો અદભુત નજારો પ્રવાસીઓનો આકર્ષણ કેન્દ્ર બન્યું છે. સ્ટેચ્યૂ ઓફ યુનિટીસ્થિત સર્કિટ હાઉસ, એકતા મોલ, એડમિન બિલ્ડિંગમાં રંગબેરંગી લાઇટિંગ કરવામાં આવી છે, જેનાથી ચારે બાજુ રંગબેરંગી વાતાવરણ બન્યું છે, ઉપરાંત એકતાનગર નર્મદા મૈયાની ભવ્ય આરતીનું આયોજન કરવામાં આવે છે. આ આરતીમાં લાઈટ અને સાઉન્ડ શૉનું નજરાણું પણ વિશેષ રૂપથી ઉભું કરવામાં આવ્યું છે. જેને કારણે નર્મદા મૈયાની આરતીનો લાભ લેનારા ભક્તોને આધ્યાત્મિક ભવ્યતા અને દિવ્યતાનો વિશેષ અનુભવ થઇ રહ્યો છે.

સ્ટેચ્યૂ ઓફ યુનિટીમાં સરદાર પટેલની સૌથી ઊંચી પ્રતિમાની સાથે સાથે અનેક નજરાણા ઉમેરવામાં આવ્યાં છે.


BRIHANMUMBAI MAHANAGARPALIKA

(હાઈડ્રોલિક એન્જિનિયર વિભાગ)

**ઈ-ટેન્ડર નોટિસ**

નીચે જણાવેલા કામ માટે પર્સેન્ટેજ બેઝિસ પર ત્રણ પેકેટ સિસ્ટમમાં આ પ્રકારના કામ કરતી કંપનીઓ પાસેથી બૃહન્મુંબઈ મહાનગરપાલિકાના કમિશનર ઓનલાઈન ટેન્ડર આમંત્રિત કરે છે.

| | |
|---|---|
| ટેન્ડર ડોક્યુમેન્ટ નંબર | ૭૨૦૦૦૬૬૧૬૯ |
| સંસ્થાનું નામ | બૃહન્મુંબઈ મહાનગરપાલિકા |
| સ્ક્રુટિની ફી | રૂ. ૩૫૪૦/- (રૂ. ૩૦૦૦/- + ૧૮% જીએસટી) |
| ઈ-ટેન્ડરનો ખર્ચ (અંદાજિત ડિપોઝિટ) | રૂ. ૧૨,૬૧,૮૪૨.૪૪/- (જીએસટી સહિત) |
| બિડ સિક્યુરિટી ડિપોઝિટ/ ઈએમડી | રૂ. ૧૩,૦૦૦/- |
| ઈસ્યુ કરવાની તારીખ અને ટેન્ડરનું વેચાણ | ૧૩/૧૧/૨૦૨૩, ૧૧.૦૦ કલાકથી |
| ટેન્ડર વેચાણની અને બિડ સિક્યુરિટી જમા કરવાની છેલ્લી તારીખ અને સમય | ૨૮/૧૧/૨૦૨૩, ૧૬.૦૦ કલાક સુધી |
| પેકેટ એ, બી જમા કરવાની અને પેકેટ સી ઓનલાઈન જમા કરવાની તારીખ અને સમય | ૨૮/૧૧/૨૦૨૩, ૧૬.૦૦ કલાક સુધી |
| પ્રિ-બીડ મીટિંગ | લાગૂ પડે નહીં |
| પેકેટ એ ખોલવાનું | ૨૯/૧૧/૨૦૨૩, ૧૬.૦૧ કલાક પછી |
| પેકેટ બી ખોલવાનું | ૨૯/૧૧/૨૦૨૩, ૧૬.૦૫ કલાક પછી |
| પેકેટ સી ખોલવાનું | ૦૫/૧૨/૨૦૨૩, ૧૫.૦૦ કલાક પછી |
| વેબસાઈટ | http://www.mcgm.gov.in |
| સંપર્ક કરવો | શ્રી પ્રવીણ ભર્તે એસ.ઈ ૮૪૦૮૮૫૨૫૮૯<br>શ્રી પી. વી. પરાંજપે એ.ઈ ૯૯૩૦૨૬૦૫૭૪ |
| કમ્યુનિકેશન માટેનું એડ્રેસ | આસિસ્ટન્ટ એન્જિનિયર વોટર વર્ક્સ (મેઈનટેનન્સ) વેસ્ટર્ન સબ/ સાઉથ, કેપ્ટન વિનાયક ગોરે ફલાઈઓવર બ્રિજ નીચે, દાદાભાઈ પથ, વિલેપાર્લે (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૫૬.<br>ફોન નંબરઃ ૨૬૭૧૯૮૧૦, ૨૬૨૪૦૨૬૬ |
| બિડ ખોલવાનું સ્થળ | આસિસ્ટન્ટ એન્જિનિયર વોટર વર્ક્સ (મેઈનટેનન્સ) વેસ્ટર્ન સબ/ સાઉથ, કેપ્ટન વિનાયક ગોરે ફલાઈઓવર બ્રિજ નીચે, દાદાભાઈ પથ, વિલેપાર્લે (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૫૬.<br>ફોન નંબરઃ ૨૬૭૧૯૮૧૦, ૨૬૨૪૦૨૬૬ |

**આ ટેન્ડર ડોક્યુમેન્ટ ટ્રાન્સફરેબલ નથી.**

કોઈપણ કારણ આપ્યા વગર ઉપર જણાવેલા વિષય માટે કોઈપણ અરજી સ્વીકારવા અથવા ફગાવવાનો હક્ક એમસીજીએમ અનામત રાખે છે.


સહી/-

EE(M) MW ડેપ્યુટી હાઈડ્રોલિક એન્જિનિયર (મેઈનટેનન્સ)

**PRC/2004/ADV./2023-24**

**વૃક્ષો વાવો, વૃક્ષો બચાવો**

પ્રગટ થઈ ચૂક્યો છે





# ઉદ્ધવ ઠાકરેએ અઢી વર્ષમાં સૌથી વધુ ભંડોળ એકઠું કર્યું, પણ મદદ કરી ફક્ત ૨૦.૨૮ કરોડની

## પુરોગામી અને અનુગામી મુખ્ય પ્રધાનો કરતાં મુખ્ય પ્રધાન રાહત ફંડમાં અનેકગણી રકમ એકઠી કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દ્વારા રાજ્યના ગરીબોને તબીબી સારવાર માટે આપવામાં આવતા મુખ્ય પ્રધાન તબીબી સહાય ભંડોળમાં ડોનેશન મેળવવામાં અઢી વર્ષના મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરેએ પોતાના પુરોગામી અને અનુગામી કરતાં અનેકગણો વધારો કરીને ઉત્તમ કામગીરી કરી હતી. મુખ્ય પ્રધાન તરીકે ફક્ત અઢી વર્ષ મળ્યા હોવા છતાં તેમણે મુખ્ય પ્રધાન તબીબી સહાય ભંડોળમાં રૂ. ૭૯૩ કરોડની જંગી રકમ મેળવી હતી. તેમની પહેલાંના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ પોતાના પાંચ વર્ષના પૂર્ણ કાર્યકાળમાં ફક્ત રૂ. ૫૯૮.૩૨ કરોડનું ડોનેશન મેળવી શક્યા હતા.

માહિતી અધિકાર કાર્યકર્તા અનિલ ગલગલીએ રાઈટ ટુ ઈન્ફર્મેશન કાયદા હેઠળ મેળવેલી માહિતીમાં ફક્ત ૧ જાન્યુઆરી, ૨૦૧૫થી લઈને ૩૧ માર્ચ, ૨૦૨૩ સુધીના આંકડા આપવામાં આવ્યા છે. આ આંકડા મુજબ પહેલી એપ્રિલ, ૨૦૨૨ના રોજ મુખ્ય પ્રધાન તબીબી સહાય ભંડોળમાં રૂ. ૪૧૮.૮૮ કરોડ હતા,

(જુઓ પાનું ૪) ▸▸

# હાઈ કોર્ટે આઈએએસ અધિકારી સામેનો કેસ વરિષ્ઠ પોલીસ અધિકારીઓને ટ્રાન્સફર કર્યો

મુંબઈઃ એક આઈએએસ અધિકારી અને તેની પત્ની પર બિલ્ડર અને અન્ય કેટલાક લોકો સાથે રૂ. ૫.૭૭ કરોડની છેતરપિંડી કરવાનો આરોપ છે તેની તપાસ હવે પોલીસના ડેપ્યુટી કમિશનર દ્વારા કરવામાં આવશે અને તેની દેખરેખ સંયુક્ત પોલીસ કમિશનર દ્વારા કરવામાં આવશે. બોમ્બે હાઈ કોર્ટે તાજેતરમાં આ કેસ ક્રાઈમ બ્રાંચના વરિષ્ઠ અધિકારીઓને ટ્રાન્સફર કર્યો હતો, કારણ કે તેમાં એક વરિષ્ઠ આઈએએસ અધિકારી સામેલ છે.

ઝૂંપડપટ્ટી પુનર્વસન પ્રોજેક્ટમાં તેમનું રોકાણ બમણું કરવાનું વચન આપીને દંપતીએ પીડિતો સાથે છેતરપિંડી કરી હતી.

આ કેસ રાજસ્થાનના કોટાના એક વેપારી રામકુમાર દધીચ દ્વારા દાખલ કરાયેલી ફરિયાદ સાથે સંબંધિત છે, જેમણે આરોપ મૂક્યો હતો કે સહાય અને તેની પત્ની મોનિકા અને તેમના ભાગીદારો મનોજ પાટીલ અને સંજય

(જુઓ પાનું ૪) ▸▸

# હવે મધ્ય રેલવેની ટ્રેનોમાં ફેરિયાઓ જોવા મળશેઃ ૧,૫૦૦ વેન્ડર્સને આપવામાં આવશે લાઈસન્સ

મુંબઈઃ સબર્બનની લોકલ ટ્રેનોમાં ફેરિયાઓને વસ્તુઓ વેચવામાં પ્રતિબંધ છે, પરંતુ મધ્ય રેલવેની ટ્રેનોમાં લાઈસન્સધારક ફેરિયાઓને મંજૂરી આપવાની પ્રક્રિયા હાથ ધરી છે. લોકલ ટ્રેન સહિત અમુક મેલ-એક્સપ્રેસ ટ્રેનોનો સમાવેશ કરવામાં આવ્યો છે, પરંતુ અમુક ટ્રેનોમાં પ્રતિબંધ કાયમ રહેશે.

મુંબઈ ડિવિઝનની એસી, નોન-એસી સહિત મેલ-એક્સપ્રેસ ટ્રેન અને પેસેન્જર ટ્રેનની સાથે સબર્બન ટ્રેનોમાં વેન્ડિંગ કામગીરી માટે બે મહત્ત્વના નિર્ણય લેવામાં આવ્યા છે. પહેલી ઈ-ઓક્શન માટે મેલ-એક્સપ્રેસ ટ્રેન અને પેસેન્જર ટ્રેનમાં તમામ વર્ગમાં ખાદ્ય અને બિનખાદ્ય વસ્તુઓને વેન્ડિંગમાં સમાવિષ્ટ કરવામાં આવી છે, પરંતુ મહાનગરી એક્સપ્રેસ, રાજધાની, દૂરંતો અને અન્ય પ્રીમિયમ ટ્રેનોને તેનાથી બાકાત રાખી છે.

ડિવિઝન તરફથી મળતી માહિતી પ્રમાણે લાઈસન્સધારકને બિનઉપયોગી વસ્તુઓ જેમ

(જુઓ પાનું ૪) ▸▸

### અંધેરી-ચર્ચગેટ કોરિડોરમાં પંદર કોચની સર્વિસ વધારવાની પશ્ચિમ રેલવેની વિચારણા

મુંબઈઃ પશ્ચિમ રેલવેમાં ખાર-ગોરેગાંવની વચ્ચે નવી લાઈનનું કામકાજ સફળતાપૂર્વક પાર પાડવામાં આવ્યું હતું, પરિણામે વધુ લોકલ ટ્રેનની સર્વિસ દોડાવવાની સંભાવના વધી ગઈ છે. નોન-એસી લોકલ ટ્રેનના બદલે એસી લોકલ ટ્રેનની સર્વિસ વધારવામાં આવ્યા પછી હવે સ્લો કોરિડોરમાં પણ વધુ ટ્રેન દોડાવવાની વિચારણા છે, જેમાં અંધેરીથી

(જુઓ પાનું ૪) ▸▸

# દિવાળીમાં મુંબઈનું પ્રદૂષણ સ્તર પહોંચ્યું જોખમી સ્તરે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ દિવાળીના દિવસે મુંબઈગરાએ ધૂમ ફટાકડા ફોડ્યા હતા. મંગળવારે મુંબઈમાં પ્રદૂષણનું સ્તર જોખમી સ્તરે પહોંચી ગયું હતું. દિવસ દરમિયાન મુંબઈની હવાની ગુણવત્તા કથળી ગઈ હતી અને સરેરાશ ઍર ક્વોલિટી ઈન્ડેક ૨૪૫ નોંધાયો હતો. તો મુંબઈમાં સૌથી ઊંચો ઍર ક્વોલિટી ઈન્ડેક્સ મલાડમાં ૩૨૪ જેટલો નોંધાયો હતો.

મુંબઈમાં છેલ્લા અનેક દિવસથી પ્રદૂષણનું સ્તર સતત વધી રહ્યું છે. ધૂળ અને પ્રદૂષણને નિયંત્રણમાં લાવવા માટે મુંબઈ

(જુઓ પાનું ૪) ▸▸

### ત્રણ દિવસમાં ફટાકડાથી ૩૫ જગ્યાએ આગ

દિવાળીના ફટાકડાને કારણે તથા ઘરમાં લગાડવામાં આવતા દીવાઓને કારણે આગ લાગવાનું પ્રમાણ વધુ રહેતું હોય છે. ફાયરબ્રિગેડના જણાવ્યા મુજબ દિવાળીના ત્રણ મહત્ત્વના દિવસે મુંબઈમાં ફટાકડાને કારણે આગ લાગવાને ૨૭ બનાવ બન્યા હતા, જેમાંથી ૧૦ નવેમ્બરના ધનતેરસના દિવસે ફટાકડા ફોડવાને કારણે આગના ચાર, તો ૧૧ નવેમ્બર કાળી ચૌદશના આગના ચાર અને રવિવાર દિવાળીના દિવસે ફટાકડાને કારણે આગની ૨૭ દુર્ઘટના બની હતી, જેમાં એક વ્યક્તિ મામૂલી માત્રામાં જખમી થયો હતો.

### હાઈ કોર્ટના નિર્દેશોનું ઉલ્લંઘનઃ ૭૮૪ ગુના દાખલ કર્યા

મુંબઈઃ દિવાળી દરમિયાન ફટાકડા ફોડવા અંગે મુંબઈ હાઇ કોર્ટ દ્વારા આપવામાં આવેલા નિર્દેશોનું ઉલ્લંઘન કરવા બદલ મુંબઈ પોલીસે ૭૮૪ ગુના દાખલ કર્યા હતા અને ૮૦૬ લોકો સામે કાર્યવાહી કરવામાં આવી હતી.મુંબઈ પોલીસ દ્વારા ૧૦ નવેમ્બરથી ૧૨ નવેમ્બર દરમિયાન આ કાર્યવાહી કરવામાં આવી હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું. શહેરમાં હવાની હલકી ગુણવત્તાને લઇ ચિંતિત હાઇ કોર્ટે ગયા સપ્તાહે દિવાળી દરમિયાન ફટાકડા ફોડવા માટેના નિર્દેશો જારી કર્યા હતા.મહાનગરમાં છેલ્લા અનેક દિવસોથી પ્રદૂષણનું સ્તર વધી રહ્યું હોવાથી વાયુ પ્રદૂષણને લગતી પિટિશનોની સુનાવણી કરતી વખતે હાઇ કોર્ટે ફટાકડા ફોડવા માટેનો સમય સાતના ૮થી ૧૦ વાગ્યાનો નક્કી કરી આપ્યો હતો.અધિકારીએ જણાવ્યું હતું કે પોલીસને પ્રદૂષણ સંબંધી નિયમોનું ઉલ્લંઘન કરનારા લોકો સામે કાર્યવાહી કરવાનું કહેવામાં આવ્યું હતું.

દરમિયાન શહેરમાં વિવિધ પોલીસ સ્ટેશનોમાં ૭૮૪ ગુના દાખલ કરવામાં આવ્યા હતા અને ૮૦૬ લોકો સામે કાર્યવાહી કરવામાં આવી હતી. ઉલ્લંઘન કરનારા લોકોમાંથી ૭૩૪ને દંડ ફટકારવામાં આવ્યો હતો. અધિકારીએ કહ્યું હતું કે તહેવારોની મોસમ દરમિયાન આગામી થોડા દિવસ સુધી આ ઝુંબેશ ચાલુ રહેશે. (પીટીઆઇ)

**બજારોની ભીડમાં પરસેવે રેબઝેબ થવાની જરૂર નહીં પડે**

# પાલિકાની બજારોનો થશે આધુનિક સુવિધાઓ સાથે પુનર્વિકાસ

મુંબઈઃ જો બધુ યોજના મુજબ ચાલશે , તો તાજી વસ્તુઓની ખરીદી કરવા પરંપરાગત બજારોની ભીડમાં પરસેવાથી તરબતર થવાથી જલ્દી છુટકારો મળશે . માર્કેટ રિડિઝાઈનિંગ પ્રોજેક્ટના ભાગ રૂપે, બીએમસીએ શહેરમાં મ્યુનિસિપલ શાકભાજી અને માછલી બજારો માટે પુનઃવિકાસ યોજના બનાવી છે, જે જોગેશ્વરી પૂર્વમાં નવલકર માર્કેટ અને બોરીવલી મ્યુનિસિપલ માર્કેટની જેમ પુનઃવિકાસને બદલે ફરીથી ડિઝાઇન કરવામાં આવશે.

બજારોમાં વ્યવસ્થિતતા અને શિસ્ત લાવવા અને ઉત્પાદનને અલગ પાડવાના હેતુથી પુનઃડિઝાઈન કરવામાં આવશે - દાખલા તરીકે, તીવ્ર ગંધને દૂર રાખવા માટે માછલી અને માંસ બંધ વાતાનુકૂલિત વિભાગમાં હશે. ચાર અલગ-અલગ કન્સલ્ટન્ટની નિમણૂક કરવામાં આવનાર છે અને એક પખવાડિયામાં ટેન્ડર મગાવવામાં આવશે.

આસિસ્ટન્ટ કમિશનર (માર્કેટ) પ્રકાશ રસાલે જણાવ્યું હતું કે પ્રથમ તબક્કામાં ચાર મ્યુનિસિપલ માર્કેટને ફરીથી ડિઝાઇન કરવામાં આવશે. લોઅર પરેલમાં ખામકર માર્કેટ, દાદરમાં સ્વતંત્ર વીર સાવરકર માર્કેટ, પ્રભાદેવીમાં વાઘધરે માર્કેટ અને માહિમમાં ગોપીનાથ ટાંકી માર્કેટ જે સિટીલાઈટ તરીકે વધુ જાણીતી છે. આસિસ્ટન્ટ કમિશનરે જણાવ્યું હતું કે સિટીલાઇટ માર્કેટને હકીકતમાં એક બિલ્ડરને રિડેવલપ કરવા માટે સોંપવામાં આવ્યું હતું પરંતુ કોન્ટ્રેક્ટ રદ કરવામાં આવ્યો હતો. બિલ્ડર સરકાર નવી માર્કેટ પોલિસી લાવે તેની રાહ જોઈ રહ્યા હતા . જો કે, એફએસઆઈની મર્યાદાઓને કારણે અને બેઘર આશ્રયસ્થાન માટે રિઝર્વેશન

(જુઓ પાનું ૪) ▸▸

# વર્લ્ડ કપની સેમિ-ફાઈનલ મેચની ટિકિટોના કાળાબજારઃ મલાડથી યુવક પકડાયો

મુંબઈઃ વર્લ્ડ કપની ન્યૂઝીલેન્ડ અને ભારતની ટીમ વચ્ચે રમાનારી સેમિ-ફાઇનલ મેચની ટિકિટોના કાળાબજાર કરવા બદલ સર જે. જે. માર્ગ પોલીસે મલાડથી આકાશ કોઠારી નામના યુવકને ઝડપી પાડ્યો હતો. આકાશ કોઠારીએ મેચની ટિકિટો ક્યાંથી મેળવી અને ટિકિટના કાળાબજારમાં અન્ય લોકો સંડોવાયેલા છે કે કેમ તેની તપાસ કરવામાં આવી રહી છે.

વર્લ્ડ કપ-૨૦૨૩ની સેમિ-ફાઇનલ મેચ ૧૫ નવેમ્બરે મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં રમાવાની છે અને સ્ટેડિયમમાં જઇને મેચ જોવા માટે ક્રિકેટપ્રેમીઓ ખૂબ જ ઉત્સુક છે.

દરમિયાન રવિવારે પોલીસને માહિતી મળી હતી કે મલાડમાં રહેતો આકાશ કોઠારી (૩૦) સેમિ-ફાઇનલ મેચની ટિકિટો તેની મૂળ કિંમત કરતાં ચારથી

(જુઓ પાનું ૪) ▸▸

# પાલિકાના ૫૮૦ સફાઈ કામદારોને ૨૪ વર્ષ પછી ન્યાય મળ્યો

## નોકરીમાં કાયમી કરવાનો કોર્ટનો આદેશ

મુંબઈઃ ૮ નવેમ્બરના રોજ, બોમ્બે હાઈ કોર્ટે ૫૮૦ કામદારોને કાયમી તરીકે માન્યતા આપતા ઔદ્યોગિક અદાલતના ૨૦૨૧ના આદેશને સમર્થન આપ્યું હતું. જે સ્થાઈ ૨૪ વર્ષની લાંબી લડાઈ પછી કામદારોને ન્યાય મળ્યો છે. કામદારોએ સૌપ્રથમ ૧૯૯૯માં તેમના યુનિયન, કચરા વાહતુક શ્રમિક સંઘ દ્વારા હાઇ કોર્ટનો સંપર્ક કર્યો હતો.

કચરા વાહતૂક શ્રમિક સંઘના જનરલ સેક્રેટરી મિલિંદ રાનડેએ જણાવ્યું હતું કે, ઘણા વર્ષોથી અમે આ કામદારોની સ્થાયીતા માટે લડી રહ્યા છીએ, અમે ૧૯૮૦ના દાયકામાં કાર્યરત ૧,૨૪૦ અને ૨૦૦૭ માં કાર્યરત ૨,૭૦૦ કામદારો માટે સમાન કેસ જીત્યા છીએ.

યુનિયનને ૨૦૦૨ માં બદલાયેલ કાનૂની સ્થિતિના કારણે તેઓ સીધો હાઇ કોર્ટનો સંપર્ક કરી શકતા નહોતા અને પહેલા ઔદ્યોગિક કોર્ટનો સંપર્ક કરવો પડ્યો હતો. વકીલ રોહિણી ત્યાગરાજન, જેઓ ૨૦૨૧થી આ કેસ સાથે સંકળાયેલા છે, તેમણે જણાવ્યું હતું કે ઔદ્યોગિક અદાલતમાં યુનિયન જીત્યા પછી, બીએમસીએ હાઇકોર્ટમાં અરજી દાખલ કરી, જેમાં વધુ બે વર્ષ લાગ્યા. રાનડેએ જણાવ્યું હતું કે, હાઈ કોર્ટે મૂળભૂત રીતે ચુકાદો આપ્યો હતો કે કોન્ટ્રાક્ટ સિસ્ટમ કપટી અને બોગસ છે. સ્વચ્છતાનું કામ આખું વર્ષ ચાલે છે, તેથી કામદારોને આટલા લાંબા સમય સુધી કોન્ટ્રાક્ટ પર રાખી શકાય નહીં.

કામચલાઉ કામદાર પાટેકર ગાર્બેજ ડમ્પર ચલાવે છે, જે દરરોજ ₹૭૩૧ અથવા દર મહિને લગભગ ₹૨૧,૦૦૦ કમાય છે- જે ₹૫૦,૦૦૦ થી

(જુઓ પાનું ૪) ▸▸


**પ્રતીક્ષાનો અંતઃ અંક પ્રગટ થઇ ચૂક્યો છે**

**જ્યોતિષશાસ્ત્રની સૂક્ષ્મ ગણતરી આપતું ફક્ત એકમાત્ર પંચાંગ**

**ત્રીજી સદીમાં પ્રવેશી પ્રતિષ્ઠિત પરંપરાને વધુ પ્રાણવાન બનાવતું 'મુંબઈ સમાચાર'નું પ્રગતિ-પ્રેરક પંચાંગ**




**સંપૂર્ણ ૧૭ માસનો સરળ, સચોટ, માહિતીસભર અને દળદાર અંક**

**૩૫૨ પૃષ્ઠના આ પંચાંગમાં આપને મળશે**

અંધશ્રદ્ધા નહીં પણ સ્વશ્રદ્ધા સાથે શ્રમવાદને પ્રોત્સાહિત કરતું વૈજ્ઞાનિક અભિગમ સાથેનું વાર્ષિક રાશિ ભવિષ્ય

- ★ ૧૭ માસના મુંબઈ સમાચાર પંચાંગમાં સંવત-શકે-ઈસવીસન સહિત બે વર્ષના ભારતીય રાષ્ટ્રીય કેલેન્ડર તથા તહેવારોની વિગતો વર્ષ ૨૦૨૩-૨૦૨૪-૨૦૨૫.
- ★ તિથિ-યોગ- નક્ષત્ર-કરણ ( દિવસના બન્ને કરણ ) ચંદ્ર રાશિ પ્રવેશ અને મુંબઈ, રાજકોટ, અમદાવાદના સૂર્યોદયાસ્ત-સાંપત્તિક કાળ- પારસી- મુસ્લિમ તારીખ સહિત, એક માત્ર આ પંચાંગમાં દૈનિક અભિજિત ( વિજય ) મુહૂર્ત સાથે.
- ★ દૈનિક આવશ્યક શાસ્ત્રાર્થ ( વ્રતવ્રતાદિ, ઋતુ ઉત્સવો, તહેવારો રોજિંદા ઉપયોગી મુહૂર્તો ) સાથે જ શુભાશુભ દિવસની વિગતો.
- ★ સામાન્યજનો પણ સહેલાઈથી જાણી શકે તે હેતુસર મહિલાઓનાં વ્રતો-બીજ, ચતુર્થી, એકાદશી, પૂર્ણિમા, અમાસ, સંકષ્ટ ચતુર્થી અને તેના ચંદ્રોદયના સમયનું વિવિધ શહેરોનું કોષ્ટક તથા પ્રદોષ, શિવરાત્રી, ફાંકડું ચોથનું ઘર-પંચક, વિંછુડો, પુષ્ય અને રોહિણી નક્ષત્ર-ભરતી-ઓટ કોષ્ટકો.
- ★ સૂક્ષ્મતા-સ્પષ્ટતા અને શાસ્ત્રોક્ત નિયમોની જાણકારી સાથે ગણિત અને ફળાદેશ માટે જરૂરી તેવા કોષ્ટકો.
- ★ **મુહૂર્ત મેળાપકના નિયમો અને ગુણાંક કોષ્ટક તેમ જ પૂજા કરાવવી ન પડે તે માટેના નિયમોને આધીન લગ્ન મુહૂર્તની તારીખોનું વર- કન્યાની રાશિ પ્રમાણે કોષ્ટક.**
- ★ **ગ્રહોનો નક્ષત્ર પ્રવેશ સાથે અભિજીત નક્ષત્ર પ્રવેશ ને સમાપ્તિ, નવમાંશ ગ્રહોની યુતિ તથા સમાપ્તિ સમય.**
- ★ **સંવત ૨૦૮૦નું રાશિ ભવિષ્ય**
- ★ **ગુરુ-શુક્રનાં અસ્તકાળમાં વિવાહ કરી શકાય એવી અલગથી તારીખનો સમાવેશ કર્યો છે.**
- ★ **મુહૂર્તો-પ્રવાસ (પ્રવેશ-પ્રયાણ) માટેની સૂક્ષ્મ માહિતી અને વ્રતનો ઉપયોગી સ્પષ્ટ સમય.**
- ★ **શૂન્ય કાળ (નિર્બળ) ચંદ્ર વિશે માહિતી અને તે સમયે શું કરવું શું ન કરવું તેની વિગત.**

**સંશોધન સભર લેખો**

- મંગળ દોષ
- ઋણ-કર્જ સૂચિત કરતા યોગ/ઋણ મુક્તિ કરતા યોગ
- ગ્રહોની અસર અને અલ્ઝાઈમર
- વરસાદ અને જ્યોતિષશાસ્ત્ર
- વૃષભ રાશિમાં ગુરુનું ભ્રમણ
- સૂર્યાત નક્ષત્રબિંદુ અને ચંદ્રાત નક્ષત્રબિંદુ ફળ
- સંતાન પ્રાપ્તિનો સમય
- મેષ લગ્નમાં પંચમહાપુરુષ યોગ

માહિતી માટે સંપર્ક કરોઃ ફોન નં. ૨૨૦૪૫૫૩૧-૩૩ **મુંબઈ સમાચાર** રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, હોર્નિમન સર્કલ, ફોર્ટ, મુંબઈ-૪૦૦૦૦૧.

**ધ દાંગટ ન્યૂઝપેપર એજન્સી** ગ્રાઉન્ડ ફ્લોર, દાંગટ સદન, ૬૩, મોદી સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઈ-૪૦૦૦૦૧. ફોનઃ (૦૨૨) ૪૩૪૪૭૭૭૭, ફેક્સઃ (૦૨૨) ૨૨૬૯૧૨૩૬


**દિવાળીની રજા ફળી**

# સોમવારે ૩૨,૭૮૪ લોકોએ લીધી રાણીબાગની મુલાકાત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ભાયખલામાં આવેલા વીરમાતા જીજાબાઈ ભોસલે ઉદ્યાન અને પ્રાણીસંગ્રહાલયમાં સોમવારે દિવાળીના બીજા દિવસે ૩૨,૭૮૪ મુલાકાતીઓની ભીડ ઉમટી પડી હતી. એક જ દિવસમાં પાલિકાને ૧૨.૨૮ લાખ રૂપિયાની આવક પણ થઈ હતી.

મુંબઈગરા જ નહીં પણ પર્યટકોના પણ માનીતા પ્રાણી સંગ્રહાલયમાં સામાન્ય રીતે જાહેર રજાઓ અને વેકેશન દરમિયાન મોટી માત્રામાં ભીડ ઉમટતી હોય છે. પાલિકા પ્રાણી સંગ્રહાલયમાં નવા વિદેશી પ્રાણીઓના અનેક વિદેશી પ્રાણીઓને લાવી છે. ઉનાળાના વેકેશન દરમિયાન મગર અને ઘરિયાલને અંડર વોટર ગેલેરીમાં જાહેર જનતા માટે ખુલ્લા મૂકવામાં આવ્યા હતા, જેને કારણે પ્રાણી સંગ્રહાલયમાં મુલાકાતીઓની સંખ્યામાં વધારો થયો છે.

પહેલી એપ્રિલથી ૧૨ નવેમ્બર, ૨૦૨૩ સુધીમાં લગભગ ૧૬,૪૪,૮૧૨ મુલાકાતીઓ નોંધાયા છે અને ૬.૫૮ કરોડ રૂપિયાની આવક થઈ છે. પ્રાણીસંગ્રહાલયના અધિકારીના જણાવ્યા મુજબ ભીડને ધ્યાનમાં રાખીને

(જુઓ પાનું ૪) ▸▸


નૂતનવર્ષાભિનંદન
MAHABALESHWAR
HOTEL Rajesh Pure Veg.
stay@hotelrajesh.com
A/c Rooms with Swimming Pool
Gujarati Thali & Indian, Chinese Restaurant
Ph. 9769894565 / 26631503 26118994 / 26118995
www.hotelrajesh.com


# મુંબઈગરાઓ સંભાળજો! ડાયાબિટીઝના દર્દીની સંખ્યા વધી

## ૪૬ ટકા મુંબઈગરાનું વજન સરેરાશ કરતા વધુ, મહિલામાં વધતી સ્થૂળતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈમાં ડાયાબિટીઝના દર્દીઓની સંખ્યા વધી રહી હોવાનો ચોંકાવનારો અહેવાલ આવ્યો છે, તેમાં પણ ભૂખ્યાપેટે નાગરિકોમાં સાકરનું પ્રમાણ વધુ હોવાનું જણાયું છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગનાઈઝેશન અને મુંબઈ મહાનગરપાલિકાએ સંયુક્ત રીતે સર્વેક્ષણ કર્યો હતો, જેમાં આ ચોંકાવનારી વિગત બહાર આવી છે.

વર્લ્ડ હેલ્થ ઓર્ગનાઈઝેશન (ડબ્લુએચઓ)

(જુઓ પાનું ૪) ▸▸

### ૧૨ ટકા વ્યક્તિઓમાં સાકરનું પ્રમાણ વધુ

પાલિકાના 'આપલા દવાખાના'માં દર મહિને ૬૦થી ૭૦ હજાર નાગરિકોની ડાયાબિટીઝ અને હાઈ બ્લડ પ્રેશરની તપાસ કરવામાં આવે છે અને લગભગ ૫૦,૦૦૦ દર્દી નિયમિત રીતે ડાયાબિટીઝની સારવાર લઈ રહ્યા છે. ૩૦ વર્ષ કરતા વધુ ઉંમરની વ્યક્તિઓ માટે પાલિકાએ પોતાની ૨૬ હૉસ્પિટલમાં ઑગસ્ટ, ૨૦૨૨થી ડાયાબિટીઝ અને હાઈ બ્લડ પ્રેશર તપાસ કેન્દ્ર (એનસીડી કૉર્નર) ચાલુ કર્યા છે. આ કેન્દ્રના માધ્યમથી ઑગસ્ટ, ૨૦૨૨થી અત્યાર સુધી બે લાખ ૫૪ હજાર વ્યક્તિની આરોગ્યની તપાસ કરવામાં આવી છે. તપાસ કર્યા બાદ ૧૨ ટકા વ્યક્તિઓમાં સાકરનું પ્રમાણ ૧૪૦ મિલીગ્રામ કરતા વધુ હતું.


PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in **CANADA, UK, USA & WORLD WIDE** including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with **SPECIAL rates.**
Contact : Mr. ANUJ SANGOI
Tel. 022-48932230/ 8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"


# ઈન્ટરનૅશનલ ડ્રગ સિન્ડિકેટનો પર્દાફાશ કરી ૧૫ કરોડનું કોકેઈન જપ્તઃ બે વિદેશી પકડાયા

મુંબઈઃ નાર્કોટિક્સ કન્ટ્રોલ બ્યૂરો (એનસીબી)એ ઈન્ટરનૅશનલ ડ્રગ સિન્ડિકેટનો પર્દાફાશ કરી મહિલા સહિત બે વિદેશી નાગરિકની ધરપકડ કરી હતી. મુંબઈની વિલેપાર્લે સ્થિત હોટેલમાંથી પકડાયેલા ઝામ્બિયાના નાગરિક પાસેથી અંદાજે ૧૫ કરોડ રૂપિયાનું કોકેઈન જપ્ત કરવામાં આવ્યું હોવાનો દાવો અધિકારીએ કર્યો હતો.

ઈન્ટરનૅશનલ ડ્રગ સિન્ડિકેટ સાથે સંકળાયેલો વિદેશી નાગરિક ડ્રગ્સ સાથે મુંબઈ આવી રહ્યો છે અને તેની ડિલિવરી રાજ્ય બહાર થવાની છે, એવી માહિતી એનસીબીને મળી હતી. માહિતીને આધારે

(જુઓ પાનું ૪) ▸▸


શુભ દિપાવલી અને નૂતન વર્ષ
HOTEL DREAMLAND મહાબળેશ્વર
www.hoteldreamland.com
સર્વ માનવંતા ગ્રાહકો, મિત્રો, સ્નેહીઓ તથા શુભેચ્છકોને નવચેતના અને નવશક્તિ અર્પે, સર્વના જીવન સુખ, શાંતિ અને સમૃદ્ધિથી દિપાવે.


"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨, દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**